મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 109 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 May 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

શુક્રવાર, ૯ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

R.N.I. No. GUJ GUJ /2013/58486 *



## સુદર્શન કવચ સામે પાકિસ્તાન લાચાર

# પાકિસ્તાનના અંતનો આરંભ

## પાકિસ્તાન પર મોટો મિસાઈલ હુમલો

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાનની બરબાદી શરૂ કરી દીધી છે. ભારતે પાડોશી દુશ્મન દેશ પર અસંખ્ય મિસાઈલ, ડ્રોન, બૉમ્બ અને રોકેટ હુમલા કર્યા હતા અને તેને લીધે શત્રુના જાનમાલને ભારે નુકસાન થયું હતું. ભારતે પાકિસ્તાનના લાહોર, ઈસ્લામાબાદ, કરાચી અને સિયાલકોટ પર ગુરુવારે રાતે મોટા પાયે હુમલા કર્યા હતા. અગાઉ, ભારતે પાકિસ્તાનના એક એફ-૧૬, બે જેએફ-૧૭ સહિત ચાર લડાયક વિમાન, અનેક ડ્રોન, રોકેટ, મિસાઈલ તોડી પાડ્યાં હતાં.

મહત્ત્વની વાત છે કે ગુરુવારે ભારતે સ્પષ્ટતા કરી હતી કે ઓપરેશન સિંદૂર હેઠળ માત્ર આતંકવાદી ઠેકાણાઓ પર જ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના લશ્કરી કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો નથી.

હવે પાકિસ્તાને સીધો ભારતીય સેના પર હુમલો કર્યો છે. જેને પાકિસ્તાનની મોટી ભૂલ માનવામાં આવી રહી છે. ભારત હવે જડબાતોડ આપે તેવી શક્યતા છે.

ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ પાકિસ્તાની ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા બાદ જમ્મુ, પંજાબ અને રાજસ્થાનના ઘણા શહેરોમાં બ્લેક આઉટ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન તરફથી આઠ મિસાઈલો સતવારી, સાંબા, આરએસ પુરા અને અર્નિયા પર છોડવામાં આવી હતી, જેને એર ડિફેન્સ યુનિટ્સ દ્વારા નષ્ટ કરવામાં આવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે લશ્કરની ત્રણે પાંખના વડા સાથે, જ્યારે વિદેશ પ્રધાન જયશંકરે અમેરિકાના વિદેશ પ્રધાનની સાથે મંત્રણા કરી હતી.

ગૃહ પ્રધાન અમિત શાહે અર્ધલશ્કરી દળના ડિરેક્ટર જનરલ (ડીજી) સાથે વાતચીત કરી અને સરહદ પર એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

પાકિસ્તાને ગુરુવારે ભુજ, જમ્મુ, જૈસલમેર સહિતના અનેક શહેરમાં કરેલા ડ્રોન હુમલા ભારતે નિષ્ફળ બનાવ્યા હતા.

ભારતે ગુરુવારે દિવસ દરમિયાન પાકિસ્તાનની અનેક રડાર સિસ્ટમ તોડી પાડી હતી. દરમિયાન, રાજૌરીમાં ગુરુવારે રાતે આત્મઘાતી હુમલો કરાયો હતો.

દેશના મોટા ભાગના સરહદી જિલ્લામાં ગુરુવારે બ્લૅકઆઉટ રખાયું હતું.

પાકિસ્તાનના કરાચી બંદર પર ભારત દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો છે. ઈસ્લામાબાદમાં વડા પ્રધાન શાહબાઝ શરીફના ઘરની નજીક મોટો ધડાકો સંભળાયો છે. કચ્છ અને બનાસકાંઠા જેવા ગુજરાતના સરહદી જિલ્લામાં બ્લેકઆઉટ. જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાતમાં શાળાઓ બંધ. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પર ભારત દ્વારા હવાઈહુમલા શરૂ કરવામાં આવ્યા છે અને અડધા પાકિસ્તાનમાં અત્યારે બ્લૅકઆઉટ છે.

## શત્રુ દેશના ચાર વિમાન, અનેક ડ્રોન, મિસાઈલ તોડાયાં

### ગુજરાતના સરહદી જિલ્લામાં બ્લેકઆઉટ

## કચ્છનાં સરક્રિકમાં ત્રણ ડ્રોન તોડી પડાયાં

ભુજઃ પાકિસ્તાને ભારતનાં જમ્મુ, પઠાણકોટ, જેસલમેર સહિતનાં સરહદી વિસ્તારમાં હુમલાની નાપાક હરકત કરી છે ત્યારે ભારત પાકિસ્તાન વચ્ચે સંવેદનશીલ એવા કચ્છનાં સરક્રિક આસપાસનાં વિસ્તારમાં પાકિસ્તાનનાં ત્રણ જેટલા ડ્રોન દેખાતા તેને એરડિફેન્સ સિસ્ટમ દ્વારા તોડી પાડવામાં આવ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સમગ્ર કચ્છ જિલ્લામાં બ્લેક આઉટ જાહેર કરી દીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આજે

(જુઓ પાનું ૨) ▸▸

## ભુજ સહિતનાં ૧૫ શહેર પરના હુમલાની પાકિસ્તાનની કોશિશ નિષ્ફળ બનાવાઈ

નવી દિલ્હીઃ ‘ઑપરેશન સિંદૂર’ અંતર્ગત ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં આવેલાં આતંકવાદી ઠેકાણાઓને જ નિશાન બનાવ્યા હતા. આ સંપૂર્ણ રીતે સાવચેતી અને ચોકસાઈપૂર્વક કરવામાં આવેલી કાર્યવાહી હતી, પરંતુ પાકિસ્તાને બદલો લેવા ભારતના ૧૫ શહેરને નિશાન બનાવવાના પ્રયાસ કર્યા હતા જેના જવાબમાં ભારતે લાહોરસ્થિત પાકિસ્તાનની ઍર ડિફેન્સ સિસ્ટમને સંપૂણપણે બરબાદ કરી નાખી હતી.

ભારતે પાકિસ્તાનસ્થિત આતંકવાદી છાવણીઓ અને તાલીમ કેન્દ્રો વિરુદ્ધ કાર્યવાહી કરી તેનો નાશ કરતાં પાકિસ્તાન હચમચી ગયું હતું અને પ્રતિક્રિયાના ભાગરૂપ પાકિસ્તાને ભારતનાં ૧૫ મુખ્ય શહેરોને નિશાન બનાવી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય હવાઈદળે એસ-૪૦૦ ઍર ડિફેન્સ સિસ્ટમની મદદથી પાકિસ્તાનના તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા. ભારતે

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાન આતંકવાદનું વૈશ્વિક કેન્દ્રઃ ભારત



**પત્રકાર પરિષદઃ** ગુરુવારે નવી દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદને વિદેશ સચિવ વિક્રમ મિસરી, કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે સંબોધી હતી. (પીટીઆઈ)

નવી દિલ્હીઃ પાકિસ્તાન દાયકાઓથી ભારતમાં આતંકવાદ ફેલાવી રહ્યું છે અને વિશ્વને ગેરમાર્ગે દોરી રહ્યું છે એમ જણાવતાં વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘની યાદીમાં સામેલ હોય તેવા અનેક વૈશ્વિક આતંકવાદીઓ પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને તેમાં મસૂદ અઝહર તેમ જ હાફિઝ સઈદ જેવા આતંકવાદીઓનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત પાકિસ્તાનમાં જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરે તૈયબા જેવા આતંકવાદી સંગઠનો પણ ફૂલીફાલી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાન દ્વારા ભારતના ૧૫ શહેરને નિશાન બનાવવાના કરવામાં આવેલા પ્રયાસ બાદ ભારતે ‘ઑપરેશન સિંદૂર’ અંતર્ગત ગુરુવારે જવાબી કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહી દરમિયાન ભારતે લાહોરમાં ઍર ડિફેન્સ સિસ્ટમનો નાશ કર્યો હતો. આ મુદ્દે ગુરુવારે

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનના ગોળીબારમાં પૂંચમાં જોડિયાં ભાઈ-બહેનનું મૃત્યુ

*સુરેશ એસ. ડુગ્ગર*



જમ્મુ : પાકિસ્તાનના ગોળીબારમાં પૂંચના બે જોડિયા ભાઈ બહેન જોયા અને જૈન મૃત્યુ પામ્યા છે. બન્નેના જન્મ, ઉછેર અને વિદાય એકસાથે થયા. પૂંચ શહેરના ૧૨ વર્ષના ભાઈબહેન જોયા અને જૈનનું દુઃખદ મરણ થયું છે. પાકિસ્તાને પૂંચ પર કરેલા ગોળીબારમાં ૧૬ નાગરિક મરણ પામ્યા હતા અને એમાં આ બે ભાઈ-બહેનનો સમાવેશ થાય છે.

બાળકોની માતા અરુસા ખાન શોકમગ્ન છે. બાળકોના પિતા સમક્ષ અંધકાર અને ઉદાસી છે. બાળકોના પિતા જોયા અને જૈનના બહેતર જીવન, શિક્ષણ અને જીવન માટે પૈતૃક ગામ કલાની ચકથરુથી પૂંચ શહેરમાં હિજરત કરી ગયા હતા. જોકે માવતરને ક્યાં ખબર હતી કે પડોશી દેશના નાપાક મનસૂબાને લીધે સંતાનોની ભેટ ચડાવવી પડશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની દુશ્મનીએ એક હસતા રમતા પરિવારને તબાહ કરી નાખ્યો છે.

એક બાજુ અરુસા પાકિસ્તાનને લીધે સંતાનો ગુમાવાનો શોક કરી રહી છે અને બીજી બાજુ તેમના પચાસ વર્ષના પતિ રમીઝ ખાન રાજૌરીના સરકારી મેડિકલ કૉલેજમાં મોત સામે સંઘર્ષ કરી રહ્યા છે. તેમને વિરલ બી-નેગેટિવ લોહીની જરૂર છે એવો સંદેશો સોશિયલ મીડિયામાં ફેલાયો કે અજ્ઞાત લોકોના ડઝન ફોન આવ્યા અને બધા જરૂરતમંદ પરિવારને મદદ કરવા તૈયાર થયા હતા.

પત્રકારો સાથે વાતચીત કરતા જીએમસીમાં રમીઝ ખાન સાથે રહેલા કુટુંબીજન આદિલ પઠાણે કહ્યું હતું કે આ અમારા પરિવાર માટે વણપુરાય એવી ખોટ છે. બુધવારે સવારે સાતથી સાડાસાત વાગ્યા સુધી પૂંચની ક્રાઈસ્ટ સ્કૂલ પાસે ગોળા પડ્યા. આમાં ભાડાના ઘરે રહેતો આ પરિવાર ઝપટમાં આવી ગયો. બાળકોનું ઘટનાસ્થળે જ મરણ થયું હતું. ઘાયલ રમીઝ ખાનને રાજૌરીની જીએમસી કૉલેજનાં રીફર કરવામાં આવ્યો. પહેલાં રમીઝ ખાન પૂંચની જિલ્લા હૉસ્પિટલમાં હતા.

પાકિસ્તાન તરફથી થયેલા ગોળીબારમાં જોયા અને જૈનની માતા અરુસા ખાનને નજીવી ઈજા થઈ હતી. તેમને ડીએચ પૂંચમાં પ્રાથમિક ઉપચાર દેવામાં આવ્યો. અરુસા ખાન પ્રોફેશનલ ટ્રેનર છે. જ્યારે રમીઝ ખાન એક શિક્ષક છે. બન્ને પૂંચના સરકારી ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયમાં કામ કરે છે. સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓ પૂંચમાં આવ્યાં હતાં અને હવે પૂંચે તેમના સંતાનોનો ભોગ લીધો. સંતાનો નજર સમક્ષ મરણ પામે એના જેવું મોટું દુઃખ માતા માટે કોઈ નથી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતને ટ્રમ્પની મધ્યસ્થીની કોઈ જરૂર નથી

**જમ્મુ** અને કાશ્મીરમાં પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે કરેલી લશ્કરી કાર્યવાહીના કારણે બંને દેશોમાં તણાવનો માહોલ છે ત્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પાછા મેદાનમાં આવ્યા છે. ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થીની ઓફર કરી છે. ડોનલ્ડ ટ્રમ્પે બંને દેશો વચ્ચેનો વધતો સંઘર્ષ બંધ થાય એવી ઈચ્છા વ્યક્ત કરીને કહ્યું છે કે, બંને દેશો વચ્ચે તણાવ ઘટાડવા માટે મદદ કરવા માટે પોતે તૈયાર છે. ટ્રમ્પે મધ્યસ્થીની ઓફરની સાથે સાથે એવો દાવો પણ કર્યો કે, ભારત અને પાકિસ્તાન બંને સાથે જેવા સાથે તેવાનો વ્યવહાર કરી રહ્યા છે પણ હું ઇચ્છું છું કે તેઓ હવે રોકાઈ જાય. બંને દેશ એકબીજા સાથે ખરાબ વર્તન કરી ચૂક્યા છે તેથી આશા છે કે હવે લડવાનું બંધ કરે.

ટ્રમ્પની વાત બકવાસ છે કેમ કે ભારતે પાકિસ્તાન સાથે કોઈ ખરાબ વર્તન કર્યું નથી. અત્યારે ભારત જે કરી રહ્યું છે એ પોતાની સુરક્ષા માટે કરી રહ્યું છે. પાકિસ્તાન આતંકવાદીઓને મોકલીને ભારતમાં લાશો પાડ્યા કરે અને ભારત કંઈ ના કરે એ શક્ય નથી. ભારતને પાકિસ્તાન સાથેના સંબંધોમાં પણ રસ નથી ને પાકિસ્તાન દુનિયાના એક ખૂણામાં પડ્યું પડ્યું સડ્યા કરે તો પણ ભારતને કોઈ ફરક નથી પડતો પણ પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવે ને ભારત કશું પણ કર્યા વિના બેસી રહે એ શક્ય નથી. ટ્રમ્પે ખરેખર તો પાકિસ્તાને આતંકવાદી હુમલો કરાવ્યો એટલે ભારતે લશ્કરી કાર્યવાહી કરવી પડી એવું કહેવું જોઈએ પણ તેના બદલે એ જુદી જ વાત કરી રહ્યા છે. પોતાની સુરક્ષા માટે કંઈ પણ કરવાનો ભારતને અધિકાર છે.

ટ્રમ્પને ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાની ખંજવાળ પહેલી વાર નથી ઉપડી. ટ્રમ્પ પહેલાં પણ આ વાત કરી ચૂક્યા છે ને ભારત તેમને ધુતકારી ચૂક્યું છે છતાં ટ્રમ્પ સુધરતા નથી. પાછા બેશરમ બનીને મધ્યસ્થીની વાત લઈને દોડી આવ્યા છે. ટ્રમ્પને દુનિયાના મોટા ભા બનવાની ખંજવાળ છે એટલે એ બધે કડછો માર્યા કરે છે પણ ભારતને કોઈ મધ્યસ્થીની જરૂર નથી. ભારત પોતાની સમસ્યાનો ઉકેલ પોતાની રીતે શોધવા સક્ષમ છે.

બીજું એ કે, ભારત અને પાકિસ્તાનના સંબંધો મંત્રણાથી સારા થાય કે કાશ્મીર મામલો ચર્ચાથી ઉકેલાય એ સમય જ પસાર થઈ ગયો છે. ત્રીજા પક્ષની કે ચોથા પક્ષની મધ્યસ્થીની વાત તો પછી આવે છે પણ પહેલાં પાકિસ્તાનનું જે વલણ છે એ જોતાં જ કાશ્મીર મામલે હવે કોઈ પણ પ્રકારની ચર્ચા કે મંત્રણાનો અર્થ નથી.

આઝાદી સમયે જમ્મુ અને કાશ્મીરનું જોડાણ ભારત સાથે થયેલું એ હિસાબે આખું કાશ્મીર ભારતનું છે તેમાં જરાય શંકા નથી પણ આપણા શાસકોની બડફાગીરીના કારણે આપણે ત્રીજા ભાગનું કાશ્મીર ખોયું. છેલ્લાં ૭૧ વર્ષથી આ કાશ્મીર પર પાકિસ્તાનનો કબજો છે. પાકિસ્તાને ભારતને ભિડાવવા માટે એવું તૂત ઊભું કરી દીધું કે, કાશ્મીરીઓને તો ભારત સાથે રહેવું જ નથી પણ ભારતે બળજબરીપૂર્વક તેમને પોતાની સાથે બાંધી રાખ્યા છે. કાશ્મીરમાં જનમત લેવો જોઈએ એવું વાજું પણ પાકિસ્તાન વગાડ્યા કરે છે.

ભારત પાસેથી કાશ્મીર પડાવી લેવા માટે પાકિસ્તાને ચાર વાર તો ભારત પર આક્રમણ કર્યાં. એ સિવાય પાકિસ્તાન ભારત સામે વરસોથી પરોક્ષ યુદ્ધ તો લડ્યા જ કરે છે. કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટે પાકિસ્તાન પોતાની ધરતી પર આતંકવાદી કેમ્પ ચલાવે છે. આ કેમ્પોમાં તૈયાર થયેલા આતંકવાદીઓને મોંઘાદાટ ને અત્યાધુનિક હથિયારો પકડાવીને કાશ્મીર મોકલે છે.

આ બધું મફતમાં થતું નથી ને પાકિસ્તાને અબજો રૂપિયાનું આંધણ કરવું પડે છે. આતંકવાદીઓ સિવાય પોતાના પીઠ્ઠુ એવા રાજકારણીઓને પણ તેણે પોષવા પડે છે ને એ બધા ધોળા હાથી પણ સસ્તામાં પડતા નથી. એ સિવાય આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ગાજતો રહે એ માટે પણ પાકિસ્તાને દર વર્ષે મોટું આંધણ કરવું પડે છે.

વરસો સુધી આ બધું કર્યા પછી હવે પાકિસ્તાન પીઓકેમાંથી ખસી જાય એ શક્ય નથી ને ભારત માટે તો કાશ્મીર પ્રતિષ્ઠાનો નહીં પણ આત્મગૌરવ અને દેશાભિમાનનો મુદ્દો છે. ભારત માટે કાશ્મીર એક રાજ્ય કે પ્રદેશ નથી પણ આ દેશનું ગૌરવ છે, દેશનું નાક છે. ભારતને કાશ્મીર પાછું આખું જ જોઈએ છે ને આખું કાશ્મીર ભારતને જ મળવું જોઈએ તેમાં કોઈ શંકા નથી પણ પાકિસ્તાન તેણે પચાવેલું કાશ્મીર છોડી દે ખરું ? બિલકુલ ના છોડે. આપણે પાકિસ્તાન સાથે ગમે તેટલી મંત્રણા કરીએ પણ આપણી માગણી તો એક જ રહેવાની કે, આખું કાશ્મીર અમને મળવું જોઈએ. પાકિસ્તાન એ માટે કદી તૈયાર ના થાય એ જોતાં કોઈ પણ મંત્રણાનો અર્થ નથી. બલકે લશ્કરી કાર્યવાહી અને આતંકવાદનો સફાયો જ એકમાત્ર ઉપાય છે.

પાકિસ્તાનમાં આતંકવાદ ફૂલ્યોફાલ્યો તેમાં અમેરિકાનું પણ મોટું યોગદાન છે. પાકિસ્તાન પહેલેથી આતંકવાદના રવાડે ચડેલું જ હતું પણ સોવિયેત રશિયાના લશ્કરને અફઘાનિસ્તાનમાંથી તગેડવા અમેરિકાએ પાકિસ્તાનની ધરતીનો ઉપયોગ કરવા માંડ્યો પછી આતંકવાદ પ્રબળ બન્યો. દુનિયાભરના આતંકવાદીઓ પાકિસ્તાનમાં ઠલવાયા અને પાકિસ્તાન આતંકવાદનો વૈશ્વિક અડ્ડો બની ગયું. આ આતંકવાદીઓને અમેરિકાનાં હથિયાર મળ્યાં અને અમેરિકાએ આપેલા ડોલરમાંથી જ આતંકવાદી છાવણીઓ ઊભી થઈ. પાકિસ્તાન તો પહેલેથી ભિખારી દેશ છે. તેનું આતંકવાદી નેટવર્ક ચલાવવાનું ગજું જ નહોતું પણ અમેરિકાના કારણે તેનામાં આર્થિક સધ્ધરતા અને હિંમત બંને આવ્યાં. અત્યારે પાકિસ્તાન દુનિયામાં આતંકવાદનો સૌથી મોટો અડ્ડો બની ગયું છે.

અમેરિકાએ પોતે કરેલા આ પાપનું પ્રાયશ્ચિત કરવું જોઈએ અને પાકિસ્તાનમાંથી ચાલતા આતંકવાદી નેટવર્કનો સંપૂર્ણ સફાયો કરવામાં ભારતને દિલથી મદદ કરવી જોઈએ. તેની શરૂઆત ભારતને પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું અપાવવાથી કરવી જોઈએ. પીઓકેમાં ધમધમતા આતંકવાદી અડ્ડા બંધ થાય તો આપોઆપ આતંકવાદ બંધ થઈ જાય કેમ કે પાકિસ્તાન બીજે ક્યાંય આતંકવાદી કેમ્પ ચલાવી શકે તેમ નથી. એક સમયે અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદે પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ પ્રેરિત આતંકવાદી અડ્ડા ધમધમતા પણ તાલિબાને પાકિસ્તાન સામે બાંયો ચડાવી પછી પાકિસ્તાન માટે એ વિસ્તારમાં ટકવું પણ મુશ્કેલ થઈ ગયું છે. બલુચિસ્તાન લિબરેશન આર્મી સહિતનાં સંગઠનો પણ પાકિસ્તાનની બરાબર બજાવી રહ્યાં છે તેથી પાકિસ્તાન માટે પીઓકે સિવાય બીજો કોઈ આરો જ નથી.

ટ્રમ્પ અમેરિકાનાં પાપોનું પ્રાયશ્ચિત કરીને ભારતને પીઓકે પાછું અપાવે તો આતંકવાદ સાફ થઈ જાય. ટ્રમ્પે કરવું હોય તો એ કરે, બાકી મધ્યસ્થીની ભારતને જરૂર નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૯-૫-૨૦૨૫
પ્રદોષ, કવિવર રવિન્દ્રનાથ ટાગોર જયંતી.

- ભારતીય દિનાંક ૧૯, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૦૮ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૩૬, રાત્રે ક. ૨૨-૧૬
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૬ (તા. ૧૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ - દ્વાદશી. પ્રદોષ, કવિવર રવિન્દ્રનાથ ટાગોર જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શુક્ર, ચંદ્ર પૂજા, બ્રાહ્મણ દ્વારા શિવ પરિવાર પૂજા, પ્રદોષ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવ ભક્તિ, શ્રી વિષ્ણું લક્ષ્મી પૂજન, નવા વસ્ત્રો, આભૂષણ, વાહન, દુકાન, વેપાર, નવીનોકરી, દસ્તાવેજ, બાળકનું નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પશુ લેવડ-દેવડ, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, નૌકા બાંધવી.
- આચમનઃ મંગળ-રાહુ અર્ધચતુષ્કોણ પરિવારમાં વિરોધાભાષ
- ખગોળ જ્યોતિષઃ મંગળ-રાહુ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ભારત-પાક વચ્ચે મધ્યસ્થી કરવા ટ્રમ્પની ઑફર

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી ઘટાડવા દરેક પ્રકારની 'સહાય' તેમ જ 'મધ્યસ્થી' કરવાની ઑફર કરી હતી.

ભારતે પાકિસ્તાનમાંના ત્રાસવાદી મથકોનો નાશ કરવા હાથ ધરેલા 'ઑપરેશન સિંદૂર' અને પાકિસ્તાન દ્વારા સરહદે સતત કરાઇ રહેલા ગોળીબારને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે.

ટ્રમ્પે ઑવલ ઑફિસ ખાતે ચીનમાંના અમેરિકી રાજદૂત ડેવિડ પરડ્યૂની શપથવિધિ બાદ જણાવ્યું હતું કે આ બહુ ખરાબ થઇ રહ્યું છે. હું બન્ને દેશના નેતાને ઘણી સારી રીતે ઓળખું છું. હું ઇચ્છું છું કે તેઓ વચ્ચેની તંગદિલી ઘટે અને 'જેવા સાથે તેવા'ની નીતિ હાલમાં અટકે. અમેરિકાના પ્રમુખને જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી અંગે પુછાયું ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ બન્ને પાડોશી દેશો દાયકાઓથી લડી રહ્યા છે. હું ઇચ્છું છું કે તેઓ વચ્ચેની લડાઇ જલદી બંધ થાય.

દરમિયાન, અમેરિકાના લશ્કરના એક અગ્રણી કમાંડર (આર્મી પેસિફિક કમાંડિંગ જનરલ) રોનાલ્ડ ક્લર્કે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનની લડાઇ પર અમેરિકા ઘણું નજીકથી નજર રાખી રહ્યું છે. હાલમાં આ કિસ્સામાં કોઇ તારણ પર આવી ન શકાય.પાકિસ્તાન લશ્કરના પ્રવક્તા લેફ્ટેનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતે મધરાત બાદ કરેલા મિસાઇલ હુમલામાં ૩૧ જણ માર્યા ગયા હતા અને અન્ય ૫૭ જણ ઘાયલ થયા હતા. (એજન્સી)

# અમેરિકા-યુકેના વેપાર કરારથી દ્વિપક્ષી સંબંધ દૃઢ બનવાની આશા

વૉશિંગ્ટનઃ યુકેના વડા પ્રધાન કેઇર સ્ટાર્મરે જણાવ્યું કે અમેરિકા સાથેના વેપાર કરારને લીધે દ્વિપક્ષી સંબંધ વધુ દૃઢ બનશે. તેમણે જણાવ્યું હતું કે યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચેના સંબંધ પર આ કરારને લીધે લાંબા-ગાળાની અસર થશે. અમેરિકા અને યુકે વ્યાપાર સહિત વિવિધ ક્ષેત્રે બહુ સારા ભાગીદાર છે.

અગાઉ, ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હું વિશાળ અને સન્માનીય દેશોની સાથે મોટા વેપાર કરાર કરવાનો છું.

આમ છતાં, અમેરિકાના પ્રમુખે બ્રિટનથી કરાતી આયાત પર ૧૦ ટકા કરવેરો નાખવાની અને ત્યાંથી આયાત કરાતાં વાહનો, સ્ટીલ, એલ્યુમિનિયમ પર પચીસ ટકા ટૅરિફ લાદવાની કરેલી જાહેરાતથી બન્ને દેશ વચ્ચેના વેપાર-સંબંધને માઠી અસર થઇ હતી. બ્રિટને દવાઓને ટૅરિફમાંથી મુક્તિ આપવાની વિનંતિ કરી હતી, જ્યારે અમેરિકાએ પોતાની કૃષિ પેદાશોને બ્રિટિશ બજારમાં વેચવા વધુ છૂટછાટ આપવા માગણી કરી હતી. યુકેની સરકારે જણાવ્યું હતું કે અમે અમારા ફૂડ સ્ટાન્ડર્ડ સાથે બાંધછોડ નહિ કરીએ. અમેરિકામાં ક્લૉરિનથી રિન્ઝ (સાફ) કરેલું ચિકન કે હૉર્મોનથી ટ્રીટ કરેલું ગૌમાંસ નહિ સ્વીકારીએ. (એજન્સી)

# દક્ષિણ કેલિફોર્નિયાની હાઈ સ્કૂલની બહાર છરાકાંડ, એક વિદ્યાર્થીનું મરણ, બેને ઈજા

સેન્ટા એના (કેલિફોર્નિયા) : દક્ષિણ કેલિફોર્નિયાની શાળાની બહાર છરી મારવાના બનાવમાં એક વિદ્યાર્થીનું મરણ થયું હતું અને બીજા બે ઘાયલ થયા હતા, એવી માહિતી સત્તાવાળાઓએ આપી હતી.

શહેર પોલીસના પ્રવકતા નાતાલી ગ્રેસિયાએ કહ્યું હતું કે સેન્ટા એનાના ત્રણ પુરુષ સ્ટુડન્ટને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આમાંથી બેની સ્થિતિ સ્થિર છે અને એકનું મરણ થયું છે.

જિલ્લાના પ્રવકતા ફર્મિન લીલએ કહ્યું હતું કે બુધવારે બપોરે વિદ્યાર્થીઓ સ્કૂલ છોડી રહ્યા હતા ત્યારે છરી મારવાનો બનાવ બન્યો હતો. બનાવમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી ન હોય એવા ઈસમ સંડોવાયેલા છે.

ગ્રેસિયાએ કહ્યું હતું કે બે શકમંદ જેમના શાળા સાથેના સંબંધ અને હેતુની ખબર નથી તેની સત્તાવાળાઓ શોધ ચલાવી રહ્યા છે. છરી મારવાના બનાવમાં મરણ પામનાર કે ઘાયલ થનાર વિદ્યાર્થીની વય જાહેર કરવામાં આવી નથી. શાળાના કાર્યક્રમ અને એથ્લેટિક્સ રદ કર્યા બાદ સ્કૂલ હવે ક્રાઈસીસ કાઉન્સેલરને બોલાવી રહી છે.

સેન્ટા એના લોસ એન્જલસની ૩૦ માઈલ અગ્નિએ આવ્યું છે અને તેની કુલ વસતી ૩,૦૦,૦૦૦ની છે અને સ્કૂલમાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ છે.

# જીએસટી અધિકારીઓએ દિલ્હીના સીએની ₹ ૭.૮૫ કરોડની કરચોરીનો પર્દાફાશ કર્યો

નવી દિલ્હીઃ જીએસટી અધિકારીઓએ દક્ષિણ દિલ્હી સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ₹ ૭.૮૫ કરોડના ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈ.ટી.સી.)ની છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ધરપકડ કરવામાં આવી હતી અને ડ્યૂટી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે તેને ૨૧ મે, ૨૦૨૫ સુધી ૧૪ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો, એમ નાણાં મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે.

તપાસમાં ૮૦ થી વધુ જીએસટીઆઇએન (ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ આઇડેન્ટિફિકેશન નંબર્સ)નો દુરુપયોગ બહાર આવ્યો હતો, જે મુખ્યત્વે પાલમ/દ્વારકા વિસ્તારમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના ઇમેઇલ આઈડી અને સંપર્ક નંબરો સાથે જોડાયેલા હતા. સર્ક્યુલર ટ્રેડિંગમાં રોકાયેલા ૩૧ જીએસટીઆઇએનના મુખ્ય જૂથને ઓળખવામાં આવ્યું હતું, જેમાં માલ કે સેવાઓનો કોઈ વાસ્તવિક પુરવઠો નહોતો.

''સેન્ટ્રલ જીએસટી દિલ્હી સાઉથ કમિશનરેટે દક્ષિણ દિલ્હી સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ₹ ૭.૮૫ કરોડના કપટપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈ.ટી.સી.) દાવાઓ સાથે મોટા પાયે છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે,'' એમ નિવેદનમાં જણાવાયું છે.

૧૨ પરિસરમાં તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને બહુવિધ કંપનીઓ અસ્તિત્વમાં ન હોવાનું જાણવા મળ્યું હતું. શોધ દરમિયાન, તપાસ સાથે સંબંધિત ઘણા ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા, અને સંબંધિત લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

બહુવિધ કરદાતાઓએ જીએસટી ફાઇલિંગ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર સંપૂર્ણપણે આધાર રાખતા હોવાની કબૂલાત કરી હતી, જેમાં લોગિન ઓળખપત્રો અને ફાઇલિંગ તેમના દ્વારા કેન્દ્રીય રીતે નિયંત્રિત હતા, એમ નિવેદનમાં ઉમેરવામાં આવ્યું છે. આ કેસ નકલ, ઓળખપત્રના દુરુપયોગ અને સહયોગી સર્ક્યુલર ટ્રેડિંગ દ્વારા જીએસટી માળખાના પ્રણાલીગત દુરુપયોગને પ્રકાશિત કરે છે.

સીજીએસટી એક્ટ, ૨૦૧૭ હેઠળ છેતરપિંડીના સંપૂર્ણ પાયાનો પર્દાફાશ કરવા અને અયોગ્ય ઇનપુટ ટેક્સ ક્રેડિટના તમામ લાભાર્થીઓને ઓળખવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

# પાકિસ્તાની ફાયરિંગમાં ભારતીય જવાન શહીદ, હરિયાણાનો હતો રહેવાસી

ચંડીગઢઃ જમ્મુ અને કાશ્મીરના પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પર પાકિસ્તાની ગોળીબારમાં શહીદ થયેલા ૧૩ લોકોમાં સામેલ '૫-ફિલ્ડ રેજિમેન્ટ'ના લાન્સ નાયક દિનેશકુમારનો સમાવેશ થાય છે. તેઓ હરિયાણાના હતા અને તેમના બે નાના ભાઈઓ પણ સશસ્ત્ર દળોમાં સેવા આપી રહ્યા છે. દિનેશ (૩૨) પલવલ જિલ્લાના એક ગામના રહેવાસી હતા. તેમના પિતા દયાચંદના જણાવ્યા મુજબ, તેઓ ૨૦૧૪માં સેનામાં જોડાયા હતા અને તેમના પરિવારમાં તેમની પત્ની અને બે બાળકો છે. દયાચંદે કહ્યું હતું કે ''મારો પુત્ર પોતાની માતૃભૂમિની સેવા કરતા શહીદ થયો છે.'' નોંધનીય છે કે મંગળવારે મોડી રાત્રે 'ઓપરેશન સિંદૂર' હેઠળ ભારત દ્વારા કરવામાં આવેલા મિસાઇલ હુમલા બાદ પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના સરહદના ગામોને નિશાન બનાવીને તોપ અને મોર્ટારથી ગોળીબાર કર્યો હતો, જે તાજેતરના વર્ષોમાં સૌથી ભારે ગોળીબારમાંનો એક છે. સૌથી વધુ નુકસાન જમ્મુના પૂંછ સેક્ટરમાં થયું હતું, જ્યાં ૧૩ લોકોનાં મોત થયા હતા.

# ઉત્તર પ્રદેશના અલીગઢમાં ટ્રક પાછળ ઘૂસી પોલીસ વાન, ચાર પોલીસકર્મીનાં મોત

અલીગઢ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક પોલીસ વાન હાઇવે પર ઊભા રહેલા કેન્ટર ટ્રક સાથે ટકરાતા ચાર પોલીસ કર્મચારીઓ અને એક કેદી સહિત પાંચ લોકોનાં મોત થયાં હતાં, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સર્કલ ઓફિસર સંજીવ તોમરના જણાવ્યા અનુસાર, ફિરોઝાબાદથી પોલીસની એક ટીમ કેદીને બુલંદશાહેર લઈ જઈ રહી હતી ત્યારે લોઢા પોલીસ સ્ટેશનની હદ હેઠળના ચિકાવતી ગામ નજીક આ અકસ્માત થયો હતો. તોમરે કહ્યું કે અકસ્માત એટલો ભયાનક હતો કે કેદી સહિત વાનમાં સવાર ચાર લોકોને નજીકની હોસ્પિટલમાં પહોંચતા જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એક પોલીસ અધિકારીનું જવાહરલાલ નહેરુ મેડિકલ કોલેજમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકોની ઓળખ સબ-ઇન્સ્પેક્ટર રામ શિવજીવન, કોન્સ્ટેબલ બલબીર સિંહ, હેડ કોન્સ્ટેબલ રઘુવીર, ડ્રાઇવર ચંદ્રપાલ અને કેદી ગુલશન તરીકે થઈ છે. અધિકારીએ જણાવ્યું હતું કે અન્ય એક કોન્સ્ટેબલ શેરપાલ સિંહને ગંભીર ઈજાઓ થઈ હતી અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. આ ઘટના વહેલી સવારે બની હતી જ્યારે પોલીસ વાન રસ્તાની બાજુમાં પાર્ક કરેલા ટ્રક પાછળના ભાગમાં અથડાઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે વિઝિબિલિટી ઓછી હોઇ શકે છે. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. 'એક્સ' પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં અલીગઢ પોલીસે કહ્યું કે ''લોઢા નજીક અંડરટ્રાયલ ડ્યુટી પર તૈનાત પોલીસ વાહન અને કેન્ટર ટ્રક વચ્ચે થયેલા અકસ્માત બાદ સ્થાનિક પોલીસ તાત્કાલિક બચાવ માટે (ઘટના સ્થળે) પહોંચી હતી.''

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાન આતંકવાદનું

વિદેશ ખાતા દ્વારા એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે પણ આ પત્રકાર પરિષદમાં હાજરી આપી હતી.

પહલગામમાં કરવામાં આવેલો આતંકવાદી હુમલો ઉશ્કેરણીજનક કૃત્ય હતું જેનાં જવાબમાં ભારત દ્વારા સંયમિત અને ચોકસાઈપૂર્વકની કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

પાકિસ્તાનની પોલ ખોલતાં વિક્રમ મિસરીએ કહ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર બની ગયું છે અને સમગ્ર વિશ્વ એ જાણે છે. માત્ર ભારત જ નહીં વિશ્વના અનેક દેશમાં બનેલી આતંકવાદી ઘટના પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનાં પાક્કાં પુરાવા પણ મળ્યા છે.

સમગ્ર વિશ્વ જાણે છે કે ઓસામા બિન લાદેનને ક્યાં મારવામાં આવ્યો હતો અને ક્યા દેશે તેને શહીદ લેખાવ્યો હતો.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાને તાજેતરમાં જ આતંકવાદીઓ સાથે પાકિસ્તાનને ઘરોબો હોવાની કબૂલાત કરી હતી.

પહલગામ આતંકવાદી હુમલા સહિત અગાઉના હુમલાની નિષ્પક્ષ તપાસને મામલે મિસરીએ કહ્યું હતું કે તમામ લોકો પાકિસ્તાનના ઈતિહાસ અને ટ્રેક રેકોર્ડથી પરિચિત છે.

મુંબઈ આતંકવાદી હુમલાને મામલે પકડવામાં આવેલા આતંકવાદી અજમલ કસાબથી લઈને પઠાણકોટ હુમલાના પુરાવા અને ફોરેન્સિક રિપોર્ટ પાકિસ્તાનને સોંપવામાં આવ્યા હતા, પરંતુ ભારતની વિનંતી છતાં આતંકવાદીઓના આકાઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવી.

આ કારણે અનુભવને આધારે કહી શકાય કે પાકિસ્તાન આવા આતંકવાદીઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી નથી કરતું અને તેને બદલે પુરાવાઓને ઢાલ બનાવીને પોતાનો ચહેરો છુપાવવાની કોશિશ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

લશ્કરે તૈયબાનો મુખવટો કહેવાતા ટીઆરએફએ પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદમાં આ માહિતી આપી હતી, પરંતુ રસપ્રદ વાત તો એ છે કે જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા સમિતિની બેઠકમાં પહલગામ આતંકવાદી હુમલાની વાત થઈ રહી હતી ત્યારે

પાકિસ્તાને જ પ્રસ્તાવમાં ટીઆરએફનું નામ નાખવાનો વિરોધ કર્યો હતો અને એ પણ ત્યારે જ્યારે ટીઆરએફએ જાતે જ બે બે વાર પહલગામ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

વિદેશ સચિવે કહ્યું હતું કે પાકિસ્તાન દાવો કરી રહ્યું છે કે હુમલામાં સામાન્ય નાગરિકોનાં મોત થયાં છે. તેમનાં મૃતદેહને ધ્વજમાં લપેટી રાજકીય સન્માન કરવામાં આવી રહ્યું છે અને સેનાના અધિકારીઓ તેમની સ્મશાનયાત્રામાં સામેલ થઈ રહ્યા છે. શું પાકિસ્તાનમાં સામાન્ય નાગરિકોની સ્મશાનયાત્રા આ રીતે નીકળે છે? પાકિસ્તાનમાં કદાચ આતંકવાદીઓની સ્મશાનયાત્રા આ રીતે કાઢવાની જૂની પરંપરા છે.

વિદેશ સચિવના જણાવ્યાનુસાર પાકિસ્તાન એવો પણ દાવો કરી રહ્યું છે કે ભારતે ધાર્મિકસ્થળોને નિશાન બનાવ્યા છે જે સદંતર ખોટું છે. ભારતે માત્ર આતંકવાદી ઠેકાણાંઓને જ નિશાન બનાવ્યા છે, પરંતુ તેનાથી તદ્દન વિપરીત પાકિસ્તાને શસ્ત્રવિરામનો ભંગ કરીને એલઓસી પાસે પૂંચ વિસ્તારમાં આવેલા ગુરુદ્વારાને નિશાન બનાવ્યું હતું અને શીખ લોકોના ઘર પર કરેલા હુમલામાં ત્રણ જણનાં મોત થયાં હતાં. આ ઉપરાંત સરહદપારથી કરવામાં આવેલા તોપમારા અને ગોળીબારમાં પણ ૧૬ નાગરિકનાં મોત થયાં હતાં.

### ભુજ સહિતના

કરેલી જવાબી કાર્યવાહીમાં રાવલપિંડી, લાહોર, કરાચી, ગુજરાંવાલા, સિયાલકોટ, શેખુપુરા, નરવાલ, કસૂર, બહાવલનગર જેવાં મુખ્ય શહેરોને ભારે નુકસાન થયું છે. આ હુમલામાં ભારતે ઈઝરાયલી ડ્રોનનો ઉપયોગ કર્યો હોવાનું કહેવાય છે.

કરાચીના રહેવાસીના જણાવ્યાનુસાર સવારે લગભગ ૧૦ વાગે એક ડ્રોન આવીને છત સાથે ટકરાતાં સંપૂર્ણ છત તૂટી પડી હતી તેમ જ ઘરના સામાનને પણ ભારે નુકસાન થયું હતું અને મોટો ખાડો પડી ગયો હતો.

ત્યાર બાદ કરાચીમાં બ્લૅકઆઉટ કરી દેવામાં આવ્યું હતું કેમ કે વીજળીના તારને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. અન્ય વિસ્તારોમાં પણ અફરાતફરી મચી ગઈ હતી.

લાહોરમાં પણ અનેક એમ્બ્યુલન્સ, પોલીસ વૅન અને ફાયરબ્રિગેડની ગાડીઓ રસ્તા પર દોડતી અને ઈમરજન્સી સાયરન વાગતી સાંભળવા મળી હતી. ડ્રોન હુમલાને કારણે શહેરની અનેક ઈમારતોને ભારે નુકસાન થયું હતું.

ભારતની જવાબી કાર્યવાહીને પગલે લાહોરમાં અનેક વિસ્તારમાં અફરાયફરી મચી ગઈ હતી અને લોકો નાસભાગ કરવા માંડ્યા હતા. આ કાર્યવાહીમાં રાવલપિંડી સ્ટેડિયમને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. ગુરુવારે રાત્રે આ સ્ટેડિયમમાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ની મેચ રમાવાની હતી. રાવલપિંડીમાં રમાનારી પીએસએલની બાકીની મેચ અન્યત્ર ખસેડવામાં આવી હતી.

લાહોરના ગદાફી સ્ટેડિયમમાં યોજાયેલી પીસીબીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ હુમલાઓ પછી પણ પાકિસ્તાનના હોશ ઠેકાણ નથી આવ્યા. વડા પ્રધાન નવાઝ શરીફે ડ્રોન હુમલા બાદ એક ઈમરજન્સી મિટિંગ બોલાવી હતી.

ભારતના હુમલાને કારણે ગભરાયેલા સાંસદો પાકિસ્તાનની સંસદમાં રડતા જોવા મળ્યા હતા.

### ગુજરાતનાં સરહદી જિલ્લામાં

સવારે છ વાગ્યા આસપાસ વાગડનાં ખાવડા નજીક એક પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું, પરંતુ આ બે ઘટનાઓ જોતાં એ જોવા મળી રહ્યું છે કે જમ્મુ કાશ્મીર, રાજસ્થાન બાદ હવે કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિતનાં સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન કોઇ નાપાક હરકત કરી શકે છે. સૈન્ય પ્રવક્તાએ આ અંગે જણાવ્યું હતું કે જો કચ્છ જિલ્લા પર હુમલો કરવામાં આવે તો પાકિસ્તાનને તેનાં કરાચી બંદર પર વળતાં હુમલાનો ભય રહેલો છે. આથી પશ્ચિમી સીમાએ પાકિસ્તાન કોઇ નાપાક હરકત કરે તેવી શક્યતાઓ ઓછી છે.

પાકિસ્તાનની સરહદને અડીને આવેલા ગુજરાતમાં તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ સહિત પાકિસ્તાન બોર્ડર નજીકના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. સરહદી પરિસ્થિતિને જોતા અને કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની અવરજવર અને કાર્ગોની તપાસ વધુ સઘન કરવામાં આવી છે. આ ઉપરાંત, એરપોર્ટની આસપાસના વિસ્તારોમાં પણ સુરક્ષા દળો દ્વારા પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે.

# ગુજરાતના ૧૮ જિલ્લાના ૭૪ સ્થળ ખાતે સિવિલ ડિફેન્સ મૉક ડ્રિલ અને બ્લેકઆઉટનું સફળ આયોજન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ વિભાગની માર્ગદર્શિકા અનુસાર, ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં બુધવારે સિવિલ ડિફેન્સ મોક ડ્રિલ અને બ્લેકઆઉટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ, વિવિધ વિભાગો અને જિલ્લા પ્રશાસન દ્વારા આ કાર્યક્રમનું ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્ર સુરક્ષાની દિશામાં રાજ્યના નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. આ મોક ડ્રીલની પૂર્વતૈયારીઓના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લાઓના ડિસ્ટ્રિક્ટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ૨૪ કલાક હોટલાઈન તેમજ સેટેલાઈટ ફોન કાર્યરત કરવામાં આવ્યા હતા.

પૂર્વ નિર્ધારિત સમય મુજબ સાંજે ૦૪:૦૦ કલાકે રાજ્યના વિવિધ ૧૮ જિલ્લાના કુલ ૭૪ સ્થળોએ સુરક્ષાના ભાગરૂપે સાયરન વાગ્યા બાદ મોક ડ્રિલ યોજાઈ હતી. આ મોક ડ્રિલમાં ટ્રેનિંગ મેળવેલા કુલ ૧૩,૦૬૯ નાગરિકોએ તથા ૧૦,૦૦૦ જેટલા સિવિલ ડિફેન્સ સ્ટાફે સક્રિય ભાગ લીધો હતો. આ સ્થળોમાં કાકરાપાર અણુ મથક, ગિફ્ટ સિટી વગેરે સહિતના સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ તમામ જિલ્લાઓમાં ઈનકમિંગ એર રેડ, ફાયર ઇન ધ બિલ્ડિંગ, સર્ચ એન્ડ રેસ્ક્યુ, કેઝ્યુઆલિટી ઈવેક્યુએશન ફ્રોમ ધ ડેમેજ્ડ બિલ્ડિંગ્સ, સેટિંગ અપ ઓફ ટેમ્પરરી હોસ્પિટલ તથા ઈવેક્યુએશન ઓફ સિવિલિયન્સ ફ્રોમ એનડેન્જર્ડ એરિયાઝ ટુ બેન્કર્સ એન્ડ ડીમિલિટરાઈઝ્ડ ઝોન્સ જેવા કુલ ૦૬ પરિસ્થિતિ દરમિયાનની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી હતી.

સિવિલ ડિફેન્સ મોક ડ્રિલ અને બ્લેકઆઉટના આયોજન દ્વારા રાજ્યના નાગરિકોની સુરક્ષા માટે તંત્રની તૈયારીઓ અને સ્વયં નાગરિકોની જાગરૂકતાને મજબૂત કરવાનો ઉદ્દેશ સફળ રીતે પૂર્ણ થયો હતો. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આ સહયોગ માટે તમામ નાગરિકો અને સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ■

# ગુજરાત બોર્ડનું ધો. ૧૦નું ૮૩.૦૮ ટકા પરિણામઃ ૪૫ સ્કૂલનું ઝીરો ટકા રિઝલ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું ગુરુવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે બોર્ડનું ૮૩.૦૮ ટકા ઐતિહાસિક પરિણામ જાહેર થયું હતું. ગત વર્ષે ધોરણ ૧૦નું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૦માં અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૮ ટકા, ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૭૯ ટકા, હિન્દી માધ્યમનું પરિણામ ૭૬.૪૭ ટકા આવ્યું હતું.

આ વર્ષે ૮૯.૨૯ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો બનાસકાંઠા બન્યો હતો. જ્યારે ૭૨.૫૫ ટકા સાથે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો ખેડા હતો. ૧૫૭૪ સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું હતું. ૨૦૧ સ્કૂલોમાં ૩૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું હતું. જ્યારે ૪૫ સ્કૂલોનું ઝીરો ટકા પરિણામ આવ્યું હતું.

મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું હતું. ભાવનગરના ભોળાદ કેન્દ્રનું પરિણામ પણ ૯૯.૧૧ ટકા અને સૌથી ઓછું પરિણામ ખેડાના અંબાવ કેન્દ્રનું ૨૯.૫૬ ટકા આવ્યું હતું. સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનું ૮૯.૨૯ ટકા જાહેર થયું હતું. જ્યારે સૌથી ઓછું પરિણામ ખેડા જિલ્લાનું ૭૨.૫૫ ટકા જાહેર થયું હતું. આ વર્ષે પણ વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થી કરતા ૭.૬૮ ટકા આગળ રહી બાજી મારી હતી. વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા જાહેર થયું હતું. સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાનું ૯૬.૦૩ ટકા તથા વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની શાળાનું ૯૯.૩૬ ટકા પરિણામ આવ્યું હતું. ■

# ગુજરાતમાંથી ૩૦૦ બાંગ્લાદેશીને ઘર ભેગા કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓને ઝડપવા થોડા દિવસ ખાસ મિશન હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદના ચંડોળા તળાવ સહિત રાજ્યના અન્ય શહેરોમાં કરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન ૧૦૦૦ જેટલા બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા.

અમદાવાદમાંથી ૮૦૦ તેમજ સુરતમાંથી ૧૩૪ બાંગ્લાદેશીઓને પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા તમામના દસ્તાવેજો તપાસવામાં આવ્યા હતા અને તેમની પાસે મળેલા દસ્તાવેજોના આધારે તેઓ ગેરકાયદે રહે છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી. અમદાવાદમાં પણ ૨૦૦ થી વધુ બાંગ્લાદેશીઓ ગેરકાયદે રહેતા હોવાનું બહાર આવ્યું હતુ. જ્યારે સુરતમાં ૧૩૪માંથી ૯૦ વ્યકિતઓ ગેરકાયદે હોવાનું તપાસમાં ખુલ્યું હતુ. આ પછી બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

તમામ ગેરકાયદે ઘૂસણખોરોને વડોદરા એરફોર્સ સ્ટેશન ખાતેથી ડિફેન્સના એરક્રાફ્ટથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. અમદાવાદ, સુરત સહિત રાજ્યભરમાંથી બાંગ્લાદેશીઓને બસ ભરીને એસ્કોટિંગ સાથે વડોદરા લઇ જવાયા હતા અને ત્યાંથી હવાઇ માર્ગે ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. અગરતલા ખાતે ખાનગી એરક્રાફ્ટને ઉતારી ત્યાંથી ખાનગી ગાડીઓ મગાવી તેમાં બાંગ્લાદેશીઓને છોડી દેવામાં આવ્યા હતા.

આખું ઓપરેશન ગુપ્ત રીતે રાજય સરકારની સીધી સૂચનાથી એક ઓફિસરની દેખરેખમાં પાર પાડવામાં આવ્યું હતું. જે દિવસે અમદાવાદ અને સુરતમાં બાંગ્લાદેશીઓને પકડવામાં આવ્યા તે દિવસથી જ ડિપોર્ટ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગેરકાયદે બાંગ્લાદેશીઓને પોતાના વતન પાછા મોકલવાની કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા દેશ બહાર પાર પાડવામાં આવેલું પ્રથમ ઓપરેશન હતું. ■

# ગુજરાતમાં છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ યોજનામાં વિદ્યાર્થીઓને અપાતી રકમ વધારવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ધો. ૧૦ અને ૧૨ બોર્ડનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન ભાનુબેન બાબરિયાના નેતૃત્વમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો હતો. છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ- એસસી તેમ જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- એસઈબીસીનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વિવિધ કક્ષાએ રૂ. ૨૦ હજારનો સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ધોરણ ૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો હતો. આ માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન ભાનુબેન બાબરિયાના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૩ લાખની નવી બાબતને મંજૂરી આપવામાં આવી હતી.

અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે હેતુથી છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ યોજના અમલી બનાવાઈ છે. આ યોજના હેઠળ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો હતો તે અંતર્ગત રાજ્યકક્ષાએ ધો. ૧૦ અને ધો. ૧૨માં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહ એમ ચાર પ્રવાહમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામમાં રૂ. ૨૦ હજારનો વધારો કરવામાં આવ્યો હતો.

આ યોજના અંતર્ગત રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને પહેલા રૂ. ૩૧ હજાર આપવામાં આવતા હતાં. જેમાં વધારો કરીને હવે રૂ. ૫૧ હજાર પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તેવી જ રીતે દ્વિતીય સ્થાને આવશે તેમને રૂ. ૨૧ હજારમાં વધારો કરીને રૂ. ૪૧ હજાર આપવામાં આવશે તથા તૃતીય સ્થાને આવનાર વિદ્યાર્થીને અગાઉ રૂ. ૧૧ હજાર અપાતા હતા જેમાં વધારો કરીને રૂ. ૩૧ હજાર પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવશે. ■

# સેન ડિએગોના દરિયામાં ડૂબી જવાથી મહેસાણાના વિજાપુરના ભાઈ-બહેનનાં મોતઃ માતા-પિતા સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બે દિવસ પહેલાં અમેરિકાના સેન ડિએગોના દરિયા કાંઠે મોટી દુર્ઘટના બની હતી. બોટ પલટી જવાથી બે ભારતીય સહિત નવ લોકો ગુમ થયા હતા. ગુમ બાળકોના માતા-પિતા હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા. આ કેસની તપાસમાં મોટો ખુલાસો થયો હતો. મૃતકો મહેસાણા જિલ્લાના વિજાપુરના વતની હતા અને પરિવાર સાથે અમેરિકા સેટ થવા માટે જઈ રહ્યાં હતા.

મળતી વિગત પ્રમાણે, મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના આનંદપુરા ગામના બ્રિજેશ પટેલ અને તેમના પત્ની જાગૃતિબેન પોતાના બે બાળકો સાથે મેક્સિકોથી અમેરિકા જવા નીકળ્યા હતા. સેન ડિએગો કિનારે પહોંચતા જ દરિયાનું મોજું આવ્યું અને નૌકા પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં તેમના ૧૦ વર્ષીય પુત્ર પ્રિન્સનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે ૧૫ વર્ષીય પુત્રી મહિનામાં મૃતદેહની શોધખોળ ચાલુ છે.

પતિ બ્રિજેશ પટેલ અને પત્ની જાગૃતિબેન પટેલ હાલ સિપ્રસ મેમોરિયલ હૉસ્પિટલ સેન ડિએગોમાં સારવાર હેઠળ છે અને બંને યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનની કસ્ટડીમાં છે. ભારતના સેન ફ્રાન્સિસ્કો સ્થિત કોન્સ્યુલેટ જનરલે સોશિયલ મીડિયા પર આ ઘટનાની પુષ્ટિ કરી હતી.

કોસ્ટગાર્ડના પ્રવક્તાના કહેવા મુજબ, ગુમ થયેલા લોકોની ભાળ મેળવવા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ બોટ ક્યાંથી આવતી હતી અને ક્યાં જવાની હતી તે સ્પષ્ટ થઈ શક્યું નથી. દુર્ઘટનાગ્રસ્ત બોટનો મોટાભાગે માછીમારો દ્વારા ઉપયોગ કરવામાં આવતો હતો. છેલ્લા થોડા સમયથી તસ્કરો દ્વારા આ બોટનો ઉપયોગ કરવામાં આવતો હતો.

ઉલ્લેખનીય છે કે ગુજરાતીની વિદેશ જવાની ઘેલછા જગજાહેર છે. આ વર્ષની શરૂઆતમાં ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદે વસતાં ભારતીયોને હાંકી કાઢ્યા હતા તેમ છતાં હજુ લોકો ગેરકાયદે ઘૂસણખોરી કરી રહ્યા છે. ■

# કમોસમી વરસાદથી ગુજરાતમાં કેરીના પાકને મોટા પ્રમાણમાં નુકસાનઃ ભાવ વધવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં ત્રણ દિવસથી પડી રહેલા કમોસમી વરસાદથી અમરેલી, સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં કેરીના પાકને મોટું નુકસાન પહોંચ્યું છે. આગામી દિવસોમાં માવઠાની આગાહી છે ત્યારે રાજ્યમાં ધરતીપુત્રો ચિંતાતુર બન્યાં હતા. અમરેલીના ધારી પંથકના ગામોમાં બાગાયતી પાકમાં કેરી સાથે ઉનાળુ પાકના તલ, જુવાર, બાજરી સહિતના પાકમાં નુકશાની જતા ખેડૂતોને મોમાં આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો. હાલ બાગાયતી પાકમાં કેરી પાકવાની તૈયારીમાં છે અને કેરીઓ ઉતારવાના સમયે જ કમોસમી વરસાદ કોપાયમાન બનીને ત્રાટકતા કેરીના પાકને તહસનહસ કરી નાખ્યો હતો.

ગીર સોમનાથ જિલ્લામાં કમોસમી વરસાદે ભારે નુકસાન પહોંચાડ્યું છે. તાલાલા ગીર પંથકમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. આ વર્ષે કેસર કેરીનો પાક માત્ર ૨૦-૨૫ ટકા જ હતો. ભારે પવન અને વરસાદના કારણે બાકીની કેરીઓ પણ ખરી પડી હતી. દક્ષિણ ગુજરાતના ધરમપુર, વાંસદા સહિત આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદના કારણે ખેતીના મુખ્ય પાક કેરી સહિત ચીકુના પાકને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું. છોટા ઉદેપુર જિલ્લામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબકતાં કેરીના પાકમાં મોટું નુકશાન થયું હતું. નસવાડીની આંબાવાડીઓમાં કેરીઓ ખરી પડતાં ખેડૂતોને મોટા પાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ભારે પવનને લીધે રાજાપુરી કેરી ઝાડ પરથી પડી ગઈ હતી. રાજ્યભરમાં કમોસમી વરસાદે કેરીના પાકને મોટા પાયે નુકસાન પહોંચાડ્યું છે ત્યારે આગામી દિવસોમાં કેરીના ભાવ પણ વધી શકે છે. ■

# ગુજરાત હાઈ કોર્ટે અરજદારને કર્યો ૨૦ લાખ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે સુરતના અરજદારને ૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અરજદારે ગેરકાયદેસર બાંધકામ સામે જાહેરહિતની અરજી કરી હતી, પરંતુ પોલીસે તેને બીજા એક કેસમાં રંગે હાથ ૪૫ લાખનો તોડ કરતાં ઝડપી પાડ્યો હતો.

સુરતમાં રહેતી એક વ્યક્તિએ ૨૦૨૧માં જાહેરહિતની અરજી કરી હતી, જેમાં સુરતની જેલ પાસે ગેરકાયદે બાંધકામ થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અરજદારે જેલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં તંત્રની મંજૂરી વગર બાંધકામ કર્યું હોવાથી તેને હટાવવા ઑથોરિટી નિર્દેશ આપે તેવી રજૂઆત કરી હતી. અરજીની સુનાવણી દરમિયાન સામા પક્ષે કોર્ટમાં રજૂઆત કરી હતી. અરજદાર સામે સુરતમાં ખંડણી અને બ્લેકમેઈલ કરવાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સ્ટિંગ ઓપરેશન કરીને આરોપીને ૪૫ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

હાઈ કોર્ટે નોંધ્યું કે, અરજદારે જાહેરહિતના બદલે ખંડણી લેવાની અરજી કરી હતી. કોર્ટના ચુકાદા પ્રમાણે, જાહેરહિતની અરજી અંગત સ્વાર્થ સાધવાનું સાધન બનાવવી જોઈએ નહીં, તેનો દુરુપયોગ ન થાય તે જોવું જોઈએ. અરજદારે કહ્યું કે, તેની સામે થયેલી પોલીસ ફરિયાદ અને આ જાહેર હિતની અરજીને કોઈ લેવા દેવા નથી. હાઈ કોર્ટે નોંધ્યું કે, અરજદાર પોતાના કૃત્યોથી સુરતના ધંધાદારીઓમાં ભય ફેલાવી રહ્યો છે. તે લોકોને બ્લેકમેલ કરવા કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ કરી રહ્યો હોવાથી તેને ઉદાહરણ તરીકે ૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ રકમ તેણે બે મહિનામાં ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઑથોરિટીમાં જમા કરાવવાની રહેશે. ■

# વડોદરામાં શાકભાજી લેવા નીકળેલી બે મહિલા ૨૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદના કારણે અનેક શહેરોમાં ભૂવા પડ્યા છે, વડોદરામાં અચાનક પડેલા ભૂવામાં બે મહિલાઓ ખાબકી હતી. બન્ને મહિલાઓ ઊંડા ભૂવામાં પડતાં ઈજાગ્રસ્ત થઈ હતી. સ્થાનિક લોકોએ મહિલાઓને ભૂવામાંથી બહાર કાઢી હતી.

મળતી વિગત પ્રમાણે, વડોદરાના માંજલપુરના દરબાર ચોકડી પાસે ભૂવો પડ્યો હતો. શાકભાજી લેવા નીકળેલી મહિલાઓ ફૂટપાથ પર ઊભી હતી ત્યારે ભૂવો પડ્યો હતો. ૨૦ ફૂટ ઊંડા ભૂવામાં બંને મહિલાઓ પટકાતાં ઈજાગ્રસ્ત થઈ હતી. સ્થાનિક લોકોએ મહિલાઓને બહાર કાઢી સારવાર માટે ખસેડી હતી. ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝનમાં રાજ્યમાં મસમોટા ભૂવા પડવાની અનેક ઘટનાઓ સામે આવે છે. ■

# મહેસાણામાં રસ્તો પૂછવાના બહાને નાગાબાવાએ ખેડૂતના ₹ ૮૪ હજાર પડાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લામાં નાગાબાવાએ રસ્તો પૂછવાના બહાને ખેડૂત પાસેથી ૮૪,૦૦૦ રૂપિયા પડાવી લીધા હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. મળતી વિગત પ્રમાણે, ઉનાવા એપીએમસીમાં ખેતપેદાશ વેચીને ખેડૂત ઘરે જતો હતો ત્યારે નાગાબાવા સહિત બે લોકોએ ખેડૂતને રસ્તો પૂછવાના બહાને ઊભો રાખ્યો હતો અને તેની પાસેના રૂ. ૮૪ હજાર લઈ નાસી છૂટ્યા હતા.

ઊંઝાના લક્ષ્મીપુરા ગામના અમૃતલાલ ત્રિભોવનદાસ પટેલ ઉનાવા એપીએમસીમાં એરંડા વેચીને મહેસાણા હાઈવે પર બાઈક લઈને ઘરે આવતા હતા. અઠૌર ચોકડી પાસે ઉનાવા તરફથી આવેલી એક કારમાં બેઠેલા બે શખ્સોએ તેમને ઊભા રહેવાનો ઈશારો કરતાં તેમણે બાઈક ઊભું રાખ્યું હતું.

ડ્રાઇવરની સીટની બાજુમાં બેઠેલા નાગાબાવાએ ઊંઝા તરફ જવાનો રસ્તો પૂછતાં તેમણે હું અમદાવાદ રહું છું તેમ કહ્યું હતું. જેથી નાગાબાવાએ તમારે ત્રણ સંતાન છે, પરિવારનું ભલું થશે, તમારી પાસે ખિસ્સામાં રહેલા રૂપિયા કોઈ વસ્તુ વેચીને આવ્યા છો તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. જે બાદ નાગાબાવાએ તેમની પાસેના રૂપિયા આપવાનું કહેતા તેમણે ખિસ્સામાં રહેલા ૮૪,૦૦૦ બાવાને આપ્યા હતા. બાવાએ તેમને નજીકમાંથી આંકડાના બે ફૂલ લઈને આવવાનું કહેતા તેઓ બાઈક પરથી નીચે ઉતરીને ફૂલ લેવા જતાં શખ્સો કાર લઈને નાસી છૂટ્યા હતા. જેથી તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ખબર પડતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ■

# ગુજરાતમાં સરહદ પર હાઈ એલર્ટઃ સાત એરપોર્ટ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાં હુમલા બાદ રાજ્યની તમામ સરહદોના ગામડાઓમાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. પાકિસ્તાનની હરકત બાદ રાજ્યમાં સરહદ પર હાઈ એલર્ટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યના સાત એરપોર્ટ પણ ૯ મે સુધી બંધ રહેશે. રાજ્યના મુન્દ્રા, જામનગર, રાજકોટ, પોરબંદર, કંડલા, કેશોદ, ભુજ એરપોર્ટને ૯ મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાંત સરકારી વિભાગોની રજાઓ રદ કરવામાં આવી હતી. ભારત-પાકિસ્તાનની રણ સીમાને અડકીને આવેલા સરહદી કચ્છ જિલ્લામાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ બની હતી. તમામ સ્થળોએ સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. તકેદારીના પગલાં તરીકે કચ્છના દરિયામાં બીજો આદેશ ન મળે ત્યાં સુધી માછીમારી પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે.

આ ઉપરાંત મળતી વિગત પ્રમાણે, કચ્છ અને બનાસકાંઠા સરહદ નજીક પાકિસ્તાન રેન્જર્સ અને પાકિસ્તાની સેનાની તહેનાતી થઈ ગઈ છે. થટ્ટા, બદીન, સુજાવલ, ગોલાર્ચી, થરપારકર, ઈસ્લામકોટ, નગરપારકર જેવા સ્થળોએ પાકિસ્તાની આર્મી પહોંચી ગઈ છે. ગુજરાતમાં ગૃહ વિભાગ બાદ આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું હતું. આરોગ્ય વિભાગે જિલ્લા હૉસ્પિટલ તથા સરકારી હૉસ્પિટલ સહિત વિભાગોને સૂચનાઓ જારી કરી હતી. વીજળીના અન્ય સોર્સમાંથી વ્યવસ્થા, બ્લડ બેંકમાં આપુરતી, બ્લડ ડોનેશન કેમ્પ યોજવા તથા દવાઓ સહિતની બાબતો પર સૂચના અપાઈ હતી. ખાનગી હૉસ્પિટલ તથા તબીબો સાથે સંકલન માટે પણ સૂચના અપાઈ હતી. ■

# એક જ દિવસમાં એક સાથે ₹ ૨૨૦૪ કરોડના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે અર્નિંગવેલ લીવીંગવેલનો ધ્યેય સાકાર કરવા નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાન સમક્ષ સંબંધિત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોએ સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો માટે સામાન્ય સભામાં મંજૂરી લઈને નાણાં ફાળવવાની કરેલી માગણી અનુસાર મુખ્ય પ્રધાને આ રકમ ફાળવવાની અનુમતિ આપી હતી.

શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તીકરણથી વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના શહેરોના નિર્માણનો હેતુ વિકાસ કામોની આ સૈદ્ધાંતિક મંજૂરીઓમાં અભિપ્રેત છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં ૨૦૨૪-૨૫ના ગત વર્ષના બજેટ કરતા ૪૦ ટકા વધારો કરીને ૩૦,૩૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. તેમણે નાગરિક કેન્દ્રીત શહેરોના નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને આ હેતુસર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકોમાંથી જે તે નગર-મહાનગરની જરૂરિયાત મુજબના કામો માટે નાણા ફાળવવા અનુમતિ આપી હતી.

મુખ્ય પ્રધાને શહેરી વિસ્તારોમાં સડકોના નિર્માણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૫૯૭.૭૩ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા હતા. આ કામો અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ૮૫૭ જેટલા માર્ગોના કામો કારપેટ, રી-કારપેટ, હયાત રસ્તા પહોળા કરવા, નવા બનાવવા, સી.સી. રોડ એમ બહુવિધ કામો માટે ૪૬૪.૯૨ કરોડના કામ કામો મંજૂર કર્યા હતા.

ભાવનગર મહાનગરપાલિકામાં ચાર માર્ગીય રસ્તા, આરસીસી, મેટલ ગ્રાઉટીંગ જેવા રસ્તાઓના ૨૦ કામો માટે રૂ.૬૮ કરોડ તેમ જ જામનગર મહાનગરપાલિકાને સી.સી. રોડના ૧૮ કામો માટે રૂ.૪૩.૮૧ કરોડના કામોની સિદ્ધાંત મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાને નવરચિત મહેસાણા મહાનગરપાલિકાને ૨૧ કરોડ રૂપિયાના નવા માર્ગો બનાવવા, અન્ડર પાસના, એપ્રોચ રોડ બનાવવા વગેરે માટે ફાળવ્યા છે.

તેમણે નગરો-મહાનગરોમાં ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર લાઈન, ગાર્ડન, લાઇબ્રેરી, રિચાર્જ વેલ, સિટી બ્યુટીફિકેશન, આગવી ઓળખ ઊભી થાય તેવા કામો અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત સવર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કુલ મળીને ૧૨૪૯.૩૮ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી હતી.

તદ્અનુસાર, ૩ નવરચિત મહાનગરપાલિકાઓ પોરબંદરને રૂ.૨૦૦.૩૫ કરોડ, આણંદને રૂ.૪ કરોડ તેમ જ મહેસાણાને રૂ.૨૫૬ કરોડ સહિત ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૪૫૧ કરોડ અને જામનગરને રૂ.૩૧૭ કરોડ તથા ગાંધીનગર મહાનગરને રૂ.૧૭૧ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

મુખ્ય પ્રધાને આઉટ ગ્રોથ એરિયા ડેવલોપમેન્ટ માટે રોડ-રસ્તાના કામો, ભૂગર્ભ ગટર, બોક્સ ડ્રેઈન, ડામર રોડ બનાવવા જેવા કામો માટે કુલ ૧૭૦.૦૮ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ કામોથી ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૭૧ કરોડ, જામનગર મહાનગરપાલિકાને રૂ.૬૬.૯૧ કરોડ, મહેસાણા મહાનગરપાલિકાને રૂ.૨૨.૫૦ કરોડ તેમ જ ગોધરા નગરપાલિકાને રૂ.૭.૯૯ અને ગણદેવીને રૂ.૧.૬૮ કરોડના કામો હાથ ધરવા અનુમતિ આપી હતી. તેમણે ત્રણ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને કેનાલ સાઈડ પ્રોટેકશન વોલ, ડી.પી. રોડના બાંધકામ, લાઇબ્રેરી બિલ્ડિંગ વગેરે માટે કુલ ૨૦.૧૯ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા હતા. મુખ્ય પ્રધાને સુરત અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી માટે રૂ.૧૧.૬૨ કરોડ, ભાવનગર અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી માટે રૂ. ૧.૪૦ કરોડ અને રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી માટે રૂ. ૭.૧૭ કરોડના કામો હાથ ધરવા અનુમતિ આપી હતી.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકના કામો માટે વડોદરા મહાનગરપાલિકાને પેવર બ્લોક, ગટર જોડાણના કામો માટે રૂ. ૨.૪૯ કરોડ, કડી નગરપાલિકાને રૂ. ૨.૨૯ કરોડ, ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૦.૮૩ કરોડ, આણંદ મહાનગરપાલિકાને રૂ. ૩.૩૭ કરોડ તથા પાલનપુર નગરપાલિકાને ૦.૨૪ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ મુખ્ય પ્રધાને આપી હતી. ■

# ડિગ્રી કોલેજના એડમિશન નહીં કરવાનો ૨૨૯ કોલેજને મુંબઈ યુનિવર્સિટીનો આદેશ

મુંબઈઃ પ્રથમ વર્ષના ડિગ્રી કોલેજ માટે એડમિશનના સમયપત્રકની જાહેરાત કર્યાના એક દિવસ બાદ મુંબઈ યુનિવર્સિટીએ આગામી ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી ૨૨૯ કોલેજને અટકાવી છે. આ કોલેજોએ નેશનલ અસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ (એનએએસી) પાસેથી એક્રિડિટેશન અથવા રિ-એક્રિડિટેશનની પ્રક્રિયા પૂર્ણ કરી નથી તેથી તેને વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા રોકવામાં આવી છે, જ્યારે આમાંથી અમુક કોલેજમાં કોલેજ ડેવલપમેન્ટ કમિટી (સીડીસી) પણ નથી.

મુંબઈ યુનિવર્સિટીની મહત્ત્વની સંસ્થા મેનેજમેન્ટ કાઉન્સિલ (એમસી)ની તાજેતરની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે એનએએસીની એક્રિડિટેશનની પ્રક્રિયા પૂર્ણ ન કરનાર અને સીડીસી ન હોય એવી કોલેજને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા નોટિસ આપવા છતાં ૧૫૬ કોલેજ એનએએસી એક્રિડિટેશન અથવા રિ-એક્રિડિટેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં તથા સીડીસીની નિમણૂક કરવામાં નિષ્ફળ ગઇ હતી. આ કોલેજોના નામ યુનિવર્સિટીએ બુધવારે તેની સત્તાવાર વેબસાઇટ પર જાહેર કર્યા હતા અને જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પબ્લિક યુનિવર્સિટી એક્ટ (એમપીયુએ), ૨૦૧૬ની કલમ ૧૧૦ (૪) અને કલમ ૯૭ હેઠળ સંબંધિત કોલેજો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આ યાદીની મોટાભાગની કોલેજો બિનઅનુદાનિત છે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં આવેલી છે. છેલ્લા બે વર્ષથી સ્ટેટ હાયર એન્ડ ટેક્નિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ તથા યુનિવર્સિટી દ્વારા એક્રિડિટેશનની પ્રક્રિયા પૂર્ણ કરવા પર ભાર આપવામાં આવે છે. સપ્ટેમ્બર, ૨૦૨૩માં રાજ્ય સરકારે આ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત માર્ચ, ૨૦૨૪ ગોઠવી હતી. અરજીઓનો ઝડપથી નિકાલ લાવવા માટે સરકાર તરફથી 'પરિસ સ્પર્શ' યોજના પણ બનાવવામાં આવી હતી.

# મહારાષ્ટ્ર સામાજિક ન્યાય વિભાગે ભંડોળ વધારવા અને પહોંચ વધારવા માટે યોજનાઓની સમીક્ષા કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે, લાભાર્થીઓને વધુ સારી રીતે સેવા આપી શકાય તે માટે તેમની હાલની કલ્યાણકારી યોજનાઓ અને શિષ્યવૃત્તિઓની સમીક્ષા શરૂ કરી છે.

કેટલીક વર્તમાન યોજનાઓ જૂની થઈ ગઈ છે અથવા નાણાકીય રીતે અપૂરતી બની ગઈ છે, જેના કારણે દરેક યોજનાનું મૂલ્યાંકન કરવા માટે વિગતવાર બેઠકોની જરૂર પડી છે, એમ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

'અમારી ઘણી યોજનાઓ જેમાં શિષ્યવૃત્તિનો સમાવેશ થાય છે એવી સહાય આપે છે જે આજના સંદર્ભમાં હવે અર્થપૂર્ણ નથી,' એવી માહિતી અધિકારીએ આપી હતી.

'દાખલા તરીકે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ ફક્ત ૧૫૦ રૂપિયા (મહિને) આપે છે. તે રકમ ભાગ્યે જ કોઈ વાસ્તવિક શૈક્ષણિક ખર્ચને આવરી શકે છે. અમે આવી ફાળવણીમાં વધારો કરવા પર કામ કરી રહ્યા છીએ જેથી વિદ્યાર્થીઓ ખરેખર લાભ મેળવી શકે,' એમ અધિકારીએ જણાવ્યું હતું.

સમીક્ષા શિષ્યવૃત્તિથી આગળ વધે છે. સહકારી ઔદ્યોગિક એકમો, ટ્રેક્ટર વિતરણ, ઉદ્યોગસાહસિકતા પ્રોત્સાહન અને વિભાગ હેઠળના વિવિધ વિકાસ નિગમોને લગતી યોજનાઓનું પણ પુનર્મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે જેથી તેમની સુસંગતતા અને અસરકારકતા સતત જળવાઈ રહે, એમ અધિકારીએ માહિતી આપી હતી.

આ વિસ્તરણના નાણાકીય પરિણામો વિશે પૂછવામાં આવતા, અધિકારીએ જણાવ્યું હતું કે, '૨૦૨૫-૨૬ માટેનું અમારું બજેટ નોંધપાત્ર રીતે વધ્યું છે.

## સંસ્થા સમાચાર

### મનની શુદ્ધિથી જાપ થશે તો સિદ્ધિ મળ્યા વિના રહેશે નહિઃ ધીરગુરુદેવ

**સુશીલાબેન બદાણી પ્રેરિત સમૂહજાપમાં ભાવિકો ભાવવિભોર**



મહાવીર ભવન ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં સુશીલાબેન ઈન્દુભાઈ બદાણીની પ્રથમ પુણ્યસ્મૃતિ દિને આયોજિત દિવ્ય જાપમાં ૫૦૦ જેટલા ભાવિકોએ આદિ, મધ્ય અને અંત્ય મંગલ જાપ ભાવવિભોર હૈયે કર્યા હતા.

પૂ. ગુરુદેવે જણાવેલ કે - ભેંસ જેવા જાપ અર્થાત્ ચોખ્ખું દૂધ આપે તેમ મન શુદ્ધિથી જાપ કરવા જોઈએ. પાણી મિશ્રિત જાપ ભરવાડ જેવા કહેવાય. મનની ચંચળતાથી કરેલા જાપ ફળદાયી બને નહિ.

અમન અનીશ બદાણી (ઈથોપિયા) તરફથી અનુમોદના તથા ઈન્દુભાઈ બદાણી તરફથી વડિયા ગુરુપ્રાણ ગૌશાળાને કાયમી તિથિમાં ૧,૧૧,૦૦૦/- ઘોષિત કરાયા હતા. ભાગ્ય વિજેતાને સુવર્ણ, સિલ્વર ગીની આપવામાં આવેલ. આ પ્રસંગે પૂ. સ્મિતાજી મ. સ., પૂ. લીનાજી મ. સ., પૂ. બંસરીજી મ. સ., પૂ. મુક્તિશીલાજી મ. સ. પધાર્યા હતા.

### રંગ કસુંબલ ગુજરાત

ભારતીય સ્ત્રી સેવા સંઘ છેલ્લાં ૭૬ વર્ષથી સમાજ સેવાનાં કાર્યો કરે છે. આ સંસ્થા જરૂરતમંદ લોકોને અનાજ, તબીબી સહાય તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપે છે. તાજેતરમાં જ સંસ્થાએ ભારતીય વિદ્યા ભવનમાં ગુજરાતની સંસ્કૃતિના દર્શન કરાવતો કાર્યક્રમ 'ધ ફોક ફ્યુઝન, રંગ કસુંબલ ગુજરાત'નું આયોજન કર્યું હતું.

### કાંદિવલી ઘોઘારી ટ્રસ્ટે કર્યું છાશનું વિતરણ

કાંદિવલી ઘોઘારી ટ્રસ્ટ અને કાંદિવલી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ દ્વારા છાશનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. બાલ ભારતી સ્કૂલ પાસે આયોજિત આ વિતરણ કાર્યક્રમમાં અનેક લોકોએ હાજર રહીને સેવા આપી હતી. આ ટ્રસ્ટ રાહતદરે દવાખાનું પણ ચલાવે છે.

### શ્રી અડા આઠમ દરજી જ્ઞાતિ સમાજ સમસ્તે યોજ્યું વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર

શ્રી અડા આઠમ દરજી જ્ઞાતિ સમાજ સમસ્ત હિંમતનગર અને મુંબઈ દ્વારા વિદ્યાર્થીઓને કરિયરનું માર્ગદર્શન આપવા તાજેતરમાં સેમિનાર યોજવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્યની સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ધોરણ આઠથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અહીં હાજર હતાં. વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે યોગ્ય દિશા અને પ્રેરણા મળી રહે એ હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### પ્રિક્સબોલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં પ્રિક્સબોલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં એમઆઈ પિક્સની ટીમ વિજેતા બની અને બીજા ક્રમાંકે સ્પેસટેકની ટીમ આવી હતી.

### સત્યનારાયણ મહાપૂજા અને સાઈ ભંડારા

ચર્નીરોડમાં આવેલા ગિરગાંવની કેળવાડી ઉત્સવ મંડળની સ્થાપનાના ૧૦૧ વર્ષ થવા નિમિત્તે શનિવાર,૧૦ મેએ સવારે સત્યનારાયણ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યુ છે. સાંજે આરતી બાદ સાઈ ભંડારાનો કાર્યક્રમ છે, જેમાં તમામ ભક્તો પ્રસાદનો લાભ લઈ શકશે. સૌને આ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ભવ્ય રક્તદાન શિબિર

દાદર પૂર્વમાં આવેલા અપના બજારમાં રવિવારે મેગા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સવારે ૯ કલાકથી સાંજે ૫ કલાક સુધી દાતાઓ રક્તદાન કરી શકશે. એના માટે સાયન હૉસ્પિટલ અને જે.જે. હૉસ્પિટલની બ્લડબૅંકના સ્ટાફ હાજર રહેશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજિત શિબિરમાં લોકોને સામેલ થવાની વિનંતી કરવામાં આવી છે.

### કન્યા કેળવણી ફન્ડ, પાઠ્યપુસ્તક અને યુનિફોર્મ વિતરણ અરજીપત્રક

શ્રી વિસા સોરઠીયા વણિક સર્વોદય મહિલા મંડળ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ કે.જી.થી ધોરણ દસ સુધીના વિદ્યાર્થીઓ માટે કન્યા કેળવણી ફન્ડ, પુસ્તક તથા યુનિફોર્મના અરજીપત્રકના ફોર્મ આપવામાં આવી રહ્યા છે. કાંદિવલીના શ્રી વિસા સોરઠીયા વણિક નિવાસમાં આવેલી ઑફિસેથી વહેલાસર ફોર્મ લઈને ભરીને જમા કરાવવા.

### વિના મૂલ્ય છાશ વિતરણ કેન્દ્રનું ઉદ્ઘાટન

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) તરફથી તાજેતરમાં વિના મૂલ્ય છાશ વિતરણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. એ દરમ્યાન મંડળના અનેક સદસ્યો હાજર હતાં. આ કેન્દ્રમાં પહેલી મે થી ૩૧ મે સુધી દરરોજ સવારે દસ કલાકે છાશ નિઃશૂલ્ક મળી રહેશે.

### શૈક્ષણિક ફી સહાય યોજનાનું ઉદ્ઘાટન

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા શૈક્ષણિક ફીસ સહાય યોજનાના ફોર્મ વિતરણ કાર્યક્રમનો આરંભ થયો છે. એમાં ધોરણ એકથી દસ સુધીના વિદ્યાર્થીઓને આ ફોર્મ વિતરિત કરવામાં આવ્યા હતા. આ સંસ્થા સમાજ કલ્યાણના વિવિધ કાર્યો પણ કરે છે.

# સરકાર સામે યુદ્ધ છેડવાની તૈયારીઃ કેરળના એક્ટિવિસ્ટની નાગપુરમાં ધરપકડ

નાગપુરઃ 'ભારત સરકાર સામે યુદ્ધ છેડવાની તૈયારી' કરવા બદલ કેરળના સ્ટૂડન્ટ એક્ટિવિસ્ટ અને 'સ્વતંત્ર પત્રકાર'ની નાગપુરમાં ધરપકડ કરવામાં આવી હતી. કેરળના એડપલ્લીના રહેવાસી રેજાઝ એમ. સીદ્દીક (૨૬) સાથે નાગપુરમાં રહેતી તેની સ્ત્રીમિત્રની પણ અલગથી ધરપકડ કરાઇ હતી.

લકડગંજ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૯ (ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાની તૈયારી), ૧૯૨ (હુલ્લડ કરવાના ઇરાદાથી ઉશ્કેરણી કરવી), ૩૫૧ અને ૩૫૩ સહિત અન્ય જોગવાઇઓ હેઠળ બુધવારે સીદ્દીકની ધરપકડ કરી હતી. બાદમાં સીદ્દીકની નાગપુરની મિત્ર ઇશા કુમારીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

'ડેમોક્રેટિક સ્ટૂડન્ટ્સ એસોસિયેશન' સાથે જોડાયેલો સૈદ્દીક દિલ્હીથી કેરળ પાછા ફરતી વખતે તેની મિત્રને મળવા નાગપુર ગયો ત્યારે તેને પકડી પાડવામાં આવ્યો હતો, એમ એસોસિયેશનની કેરળ રાજ્ય સમિતિની સભ્ય નિહારિકા પ્રદૌષે જણાવ્યું હતું.

સૈદ્દીક 'મકતૂબ મીડિયા' અને 'ધ ઓબ્ઝર્વર પોસ્ટ' જેવા આઉટલેટ્સ માટે લખે છે, જેમાં જાતિ ભેદભાવ, કોમી હિંસા, રાજ્ય દમન અને વંચિત સમુદાયોના અધિકારો સંબંધી રિપોર્ટસ આવરી લેવામાં આવે છે.

ભારતમાં જેલમાં બંધ પત્રકારોની મુક્તિની માગણી માટે એક્ટિવિસ્ટ્સ દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં હાજરી આપવા માટે સીદ્દીક દિલ્હી ગયો હતો. (પીટીઆઇ)

# કોર્ટ બહાર આરોપીઓનો પોલીસ ટીમ પર હુમલોઃ ચાર સામે ગુનો

થાણેઃ ઘરનું ભોજન અને પરિવારના સભ્યોને મળવાની પરવાનગી આપવામાં ન આવતી હોવાને મુદ્દે રોષે ભરાયેલા ચાર આરોપીએ થાણે કોર્ટ બહાર પોલીસ ટીમ પર જ હુમલો કર્યો હોવાની ઘટના બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ થાણે જિલ્લા ન્યાયાલય બહાર છઠ્ઠી મેના રોજ બનેલી આ ઘટના પ્રકરણે ચાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી અબ્દુલ્લા સંજય ઈરાની, કાશિમ ઉર્ફે તાકફ મુક્તાર ઈરાની, સૌરભ મનોજ સાળુંખે અને સુનીલ ઉર્ફે સોન્યા શંકર ફુલોરેને કેસની સુનાવણી માટે કોર્ટમાં લવાયા હતા. કલ્યાણની આધારવાડી જેલમાંથી ચારેયને થાણે કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. સુનાવણી પત્યા બાદ કોર્ટે આગામી સુનાવણી માટે તારીખ આપતાં આરોપીઓ ઉશ્કેરાયા હતા. કહેવાય છે કે પરિવારજનોને મળવા ન દેવતાં અને ઘરના ભોજનની પરવાનગી ન મળતાં આરોપીઓ રોષે ભરાયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે સબ-ઈન્સ્પેક્ટર અને ત્રણ કોન્સ્ટેબલની ટીમ આરોપીઓને જેલમાં પાછા લઈ જવા માટે વાહન તરફ જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. આરોપીઓએ ગાળાગાળી કરી પોલીસ ટીમ સાથે મારપીટ અને ધક્કામુક્કી કરી હતી. ઘવાયેલા સબ-ઈન્સ્પેક્ટરની ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૨, ૧૨૧(૧) અને અન્ય સુસંગત કલમ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. (પીટીઆઈ)

# માવઠાથી નૌકાઓને નુકસાનઃ માછીમારો માટે પેકેજની માગણી

પાલઘરઃ વર્તમાન નિયમો હેઠળ વરસાદને કારણે થયેલા નુકસાન માટેનું વળતર અપૂરતું છે અને મહારાષ્ટ્ર સરકારે પાલઘર જિલ્લાના માછીમાર સમુદાયને ખાસ પેકેજ આપવું જોઈએ, એમ સ્થાનિક સાંસદ હેમંત સાવરાએ ગુરુવારે જણાવ્યું હતું. મંગળવારે રાત્રે ભારે પવન સાથે થયેલા કમોસમી વરસાદથી બોટો, જાળી અને માછીમારીના અન્ય સાધનોને મોટું નુકસાન થયું હતું જ્યારે અનેક ઘરોનાં છાપરાં ઉડી ગયા હતા, એમ તેમણે કેટલાક અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધા બાદ જણાવ્યું હતું.

નવમા પાનાનું ચાલુ

### અબુ સાલેમને

અને ઈન્સ્પેક્ટર જનરલ, જેલ સુહાસ વર્કે દ્વારા દાખલ કરાયેલા અન્ય સોગંદનામામાં જણાવાયું છે કે મહારાષ્ટ્ર જેલ મેન્યુઅલની જોગવાઈઓ અનુસાર સાલેમની સજાની મુદતપુર્વ મુક્તિ માટેની દરખાસ્ત સલાહકાર બોર્ડ અને ટ્રાયલ કોર્ટના અભિપ્રાય સાથે રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી.

અરજદાર અબુ સાલેમનો ઇતિહાસ બિલકુલ સ્વીકાર્ય નથી. તેણે ભારતમાં ઘણા ગુના કર્યા છે. ત્યારબાદ તે વિદેશમાં ફરાર થઈ ગયો હતો એમ વર્કેએ સોગંદનામામાં જણાવ્યું હતું. સોગંદનામા મુજબ સાલેમને ૧૯૯૩ના બોમ્બ વિસ્ફોટ કેસ સહિત બે કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો છે અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં સાલેમ ૧૯ વર્ષની જેલ ભોગવી ચૂક્યો છે અને તેથી પચીસ વર્ષનો સમયગાળો આજ સુધી પૂર્ણ થયો નથી, એમ તેમાં જણાવાયું છે. 'મહારાષ્ટ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા તેમની મુદતપુર્વ મુક્તિ અંગે નિર્ણય લેવામાં આવ્યા પછી જ અરજદાર (સાલેમ)ની પચીસ વર્ષ પૂર્ણ થવાની અંતિમ તારીખ નક્કી કરવામાં આવશે,' એમ કોર્ટે જણાવ્યું હતું. બેન્ચે આ કેસની આગામી સુનાવણી જૂનમાં મુલતવી રાખી હતી.

### આજથી બેસ્ટ બસનાં

આ વધારો ૨૦૧૮ની સાલ બાદથી આ પહેલો ભાડાં વધારો છે.

બેસ્ટની બસનાં ટિકિટનાં ભાડાં ડબલ થવાથી પાંચ કિલોમીટર સુધીના અંતર માટેના મિનિમમ ભાડા નોનએસી બસનું અગાઉ જે નોનએસી માટે પાંચ રૂપિયા હતું તે હવે સીધું ૧૦ રૂપિયા અને એસી માટે જે છ રૂપિયા હતું તે હવે ૧૨ રૂપિયા થઈ ગયા છે. અગાઉ પાંચ, ૧૦,૧૫ અને ૨૦ કિલોમીટર સુધીના અંતર પર ભાડાંમાં વધારો થતો હતો. નવા ભાડાં વધારામાં પાંચ, ૧૦,૧૫, ૨૦, ૨૫, ૩૦, ૩૫, ૪૦, ૪૫ અને ૫૦ કિલોમીટર સુધીના અને ત્યારબાદ પ્રત્યેક પાંચ કિલોમીટર સુધીના ભાડાંમાં વધારો થશે

ટિકિટનાં ભાડાંમાં વધારાની સાથે જ બેસ્ટના માસિક પાસમાં પણ વધારો થયો છે. નવા ભાડા વધારામાં પાંચથી ૧૨ વર્ષના બાળકોને ભાડાંમાં કન્સેશસ મળશે.

**એરકંડિશન બસનું ટિકિટ ભાડું**

| અંતર (કિલોમીટર સુધી) | નવું ભાડું(રૂ.) |
|---|---|
| પાંચ | ૧૨ |
| ૧૦ | ૨૦ |
| ૧૫ | ૩૦ |
| ૨૦ | ૩૫ |
| ૨૫ (નવું) | ૪૦ |
| ૩૦ (નવું) | ૪૫ |
| ૩૫ (નવું) | ૫૦ |
| ૪૦ (નવું) | ૫૫ |
| ૪૫ (નવું) | ૬૦ |
| ૫૦ (નવું) | ૬૫ |
| ૫૦ કિલોમીટરથી ઉપર | પ્રતિ પાંચ કિલોમીટરે પાંચ રૂપિયા વધશે. |

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

સૌ. કિસકિન્ધા (ઉં.વ. ૭૦) તા. ૭-૫-૨૫, બુધવારે કાંદિવલી મુંબઈ મધ્યે શ્રીચરણ પામ્યા છે. તે કિરણ ગોકલગાંધીના પત્ની. પદમાબેન જયસિંહના પુત્રવધૂ. જેઠમલ કજરીયાની પુત્રી. પૂર્ણિમા સુરજકુમાર, ચૈતન્ય, આશા અરૂણના ભાભી. ધરમશી, દમયંતિ, સુરેન્દ્ર, પ્રફુલ્લા, દુલારી, વિનેશના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

અ. સૌ. વંદનાબેન (જ્યોત્સનાબેન) (ઉં.વ. ૮૨) તે નરેન્દ્ર પ્રાગજી આશરના ધર્મપત્ની. રાહુલના માતુશ્રી. રશ્મીના સાસુજી. રાજ, સ્તુતી, અર્જુનના દાદી. સ્વ. ગોપાલદાસ કેશવજી તથા સ્વ. વિરમતીના પુત્રી. સ્વ. શાંતિકુમાર, સ્વ. નરેશ, નલીન, મૂળરાજ, માધવ, મુકુંદ, વીમળાબેન, પુષ્પાબેન, પૂર્ણિમાબેનના ભાભી તા. ૭-૫-૨૫, બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૫-૨૫, શનિવારના ૪.૩૦ થી ૬ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

શ્રીમતી લક્ષ્મીબેન મોહનલાલ ઠક્કરના નાના પુત્ર અજય (ઉં.વ. ૬૪)નું નિધન થયેલ છે. તે શૈલેષના ભાઈ. હર્ષિત, જિમિતના કાકા. પ્રભાબેન પોપટ અને કૌમુદીબેનના ભાણેજ હાલ નવસારી (મુલુંડ). પ્રાર્થનાસભા નથી રાખેલ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન મથુરાદાસ આઈયાના પુત્રવધૂ. તે સ્વ. પુરુષોત્તમ મથુરાદાસ આઈયાના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (મોતીબેન) (ઉં વ. ૯૧) કચ્છ ગામ તેરા હાલ મુલુંડ ૭-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. માણેકબેન શંકરલાલ ચોથાણીના પુત્રી. સ્વ. મણીબેન માધવજી કતીરા, કમલેશ શંકરલાલ ચોથાણીના બહેન. સ્વ. ઠાકરશીભાઈ મથુરાદાસ આઈયાના ભાભી. પલ્લવી કશ્યપ ઠક્કરના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વીસાનગર વણિક**

ચરડા નિવાસી (હાલ કાંદિવલી) ગં. સ્વ. કોકીલાબેન શાહ (ઉં. વ. ૮૪) ૬-૫-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મધુસુદન નાથાલાલ શાહના ધર્મપત્ની. જયેશ, મીતા, મમતાનાં માતુશ્રી. રૂપા, અનિલકુમાર, શૈલેષકુમારના સાસુ. તે નિકુંજ-મેધાવી, જીનેશ, હાર્દિક, રુચી, શ્રુતિના દાદી-નાની. તે સ્વ. ગોકલદાસ જગજીવનદાસ શાહના દીકરી. બેસણું રાખવામાં આવેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**દશા સોરઠીયા વણિક**

હાલ કાંદિવલી નિવાસી, કુમારી રંજનબેન વૃજલાલ સાંગાણી (ઉં. વ. ૭૨) તે સ્વ. વૃજલાલ કાળીદાસ સાંગાણી તથા સ્વ. શાંતાબેનના દીકરી. ગં.સ્વ. કુમુદબેન નટુભાઈ સંઘવી, સ્વ. અરુણાબેન વૃજલાલ સાંગાણી, પ્રતિમાબેન સાંગાણી તથા કુમારી જ્યોતિ ધીરજલાલ સાંગાણીના બહેન. દીપ્તિ, ઉર્વશી, તુષાર, તૃપ્તિના માસી. ૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુથાર જ્ઞાતિ**

ગામઃ વાંકાનેર બારડોલીના સ્વ. છગનલાલ મિસ્ત્રીના પુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૭૭) તાઃ ૩-૫-૨૫ને શનિવારના શ્રીજીચરણ પામ્યા છે, તે પ્રભાવતીબેન (પન્નાબેન)ના પતિ. તે સુનિલભાઈ, પ્રીતિબેનના પિતાશ્રી. તે રચનાબેન, હરપ્રીતના સસરાજી. દેવ મિસ્ત્રી અને કાવ્યા ચીડા, મનરાજ ચીડાના નાના. પ્રાર્થનાસભાઃ શનિવાર તા. ૧૦/૫/૨૫ના ૫ થી ૭માં રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે. દુર્ગાદેવી સરાફ હોલ, એસ વી રોડ, બજાજ હોલની સામે, મલાડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

ગં. સ્વ. પ્રતિમાબેન અશોકકુમાર દોશી (ઉં. વ. ૮૪) સ્વ.જશોદાબેન, સ્વ.મગનલાલ (બચુભાઈ) પુરૂષોત્તમ રૂઘાણી, સ્વ.દયાળજી (ગાભલાભાઈ) તથા સ્વ.શશીકાંત (શુકલભાઈ) રૂઘાણીની ભત્રીજી તા.૫/૫/૨૫ના શ્રીજી ચરણ પામેલ છે, અનિવાર્ય સંજોગોના લીધે સાદડી તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

### 'ના એટલે ના'

કહ્યું હતું. હાઇ કોર્ટે ત્રણેય આરોપીઓને દોષમુક્ત જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ તેમની જનમટીપની સજાને ઘટાડીને વીસ વર્ષની સજા કરી હતી.

અરજદારોએ તેમની અરજીમાં દાવો કર્યો હતો કે સંબંધિત મહિલા પહેલા ત્રણેયમાંથી એક જણ સાથે સંબંધ ધરાવતી હતી અને ત્યાર બાદ તે અન્ય સાથે લિવ-ઇન રિલેશનશિપ પર રહેવા લાગી હતી. (પીટીઆઇ)

### કલ્યાણમાં

હતી. પીડિતાએ જ્યારે પૂછ્યું કે કારને કેમ અલગ રસ્તે લઇ જવાઇ રહી છે, ત્યારે ડ્રાઇવરે તેને કહ્યું હતું કે તેઓ એક ચાલનું બાંધકામ જોવા જઇ રહ્યા છે અને બાદમાં તેને ઘરે છોડી દેશે. પીડિતાને તેઓ એક રૂમમાં લઇ ગયા હતા, જ્યાં બહેનપણીએ તેને ઇન્જેક્શન આપ્યું હતું, જેને કારણે તે બેભાન થઇ ગઇ હતી. ચાર દિવસ બાદ પીડિતા ભાનમાં આવી ત્યારે ઘરની રૂમમાં નગ્ન અવસ્થામાં હતી. તેને ખ્યાલ આવ્યો કે કારમાં હાજર લોકોએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓએ પીડિતાને ઘટનાની જાણ કોઇને કરતા અથવા પોલીસનો સંપર્ક સાધતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પીડિતા ત્યાર બાદ પોતાના ઘરે પહોંચી હતી અને તેણે તેની દાદીને તમામ હકીકત જણાવી હતી. આખરે સંબંધીઓ સાથે ચર્ચા કર્યા બાદ પીડિતાએ પાંચ શખસ તથા તેની બે બહેનપણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે સાત લોકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

## પારસી મરણ

હોમાય અરદેશીર હઝારી તે મરહુમ અરદેશીરના ધન્યાની. તે મરહુમો ડોસામાય કાવસજી કલવચીયાના દીકરી. તે કૈઝાદ ને મરહુમ શેરનાઝના માતાજી. તે આરમીનના સાસુજી. તે જાલ તથા મરહુમો આલુ, હોમી, ધનજીશા ને એરચના બહેન. તે દેલનાઝ ને ફરહનનાઝના બપઈજી. (ઉં.વ. ૯૩). રહેવાનું ઠેકાણુંઃ બી-૨૦૦૪, હીલા ટાવર, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા તા. ૧૦-૫-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે મઝગાવ પટેલ અગિયારીમાં.

શાહરુખ ફીરોઝ ભાદા તે મરહુમ રશનાના ધની. તે મરહુમો કેટી ફિરોઝ ભાદાના દીકરા. તે ખોજેસ્તેહના પપ્પા. તે કત્રીના સસરા. તે દારાયસ, દીના, મરહુમો ઝરીર ને રોહીનટનના ભાઈ. તે ક્યારાના બપાવા. (ઉં.વ. ૬૮). રહેવાનું ઠેકાણુંઃ એમ-૩૯, ગોદરેજ બાગ, એન. પી. ગોદરેજ માર્ગ, ઓફ નેપીયન્સી રોડ, કંબાલા હિલ, મુંબઈ-૪૦૦૦૨૬.

ઝકસીસ હોમી અંકલેસરીયા તે અરનાઝના ધની. તે મરહુમો ફ્રેની હોમી અંકલેસરીયાના દીકરા. તે જેસમીનના ભાઈ. તે શાહઝાન, સાસન, ઝરમાનના મામા. તે મરહુમો પેરીન નાદરશા મિસ્ત્રીના જમાઈ. (ઉં.વ. ૬૫). રહેવાનું ઠેકાણુંઃ દુબાશ બિલ્ડીંગ, બીજે માળે, કાશીનાથ સ્ટ્રીટ, તારદેવ, બચુ મોટર્સ સામે, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા તા. ૯-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. માતુશ્રી પુષ્પાબેન ભૂપતલાલ રૂગનાથ બાવીસીના પુત્ર યોગેશભાઈ (ઉં.વ. ૭૦) તા. ૬-૫-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પુત્ર. મમતાબેનના પતિ. કુ. આકાંક્ષાના પિતા. ચારૂબેન ભૂપેન્દ્રભાઈ મહેતા, માયાબેન શરદભાઈ કામદારના ભાઈ. સ્વ. શાંતિલાલ ભાનુલાલ કોઠારીના જમાઈ. ભક્તિ સંધ્યાનું આયોજન શનિવાર, તા. ૧૦-૫-૨૫ના સાંજે ૪ થી ૬. સ્થળઃ લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ખારોઈના સ્વ. લક્ષ્મીબેન મોતા (ઉં. વ. ૬૯) ૭-૫-૨૫ના અવસાન પામેલ છે. જેતીબેન લખધીર કાંથડના પુત્રવધૂ. માલશી લખધીરના ધર્મપત્ની. રશીલા, રમેશ, કમલેશના માતુશ્રી. ભૂમિકા, ગીતા, રાજેશના સાસુ. મહેક, ટિવશા, નમ્યા, રીનાનના દાદીમા. સ્વ. દિવાળીબેન ભચુ અરજણ સાવલાના દીકરી. પ્રાર્થનાસભા ૯-૫-૨૫, શુક્રવારના બપોરે ૩ થી ૪.૩૦. ઠે. શ્રી થાણા વર્ધમાન સ્થા., તળાવપાળીની સામે, થાણા.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ કાનપુર નવીનચંદ્ર હંસરાજ શાહ (ઉં. વ. ૮૯) તે ૩૦-૮-૨૫ના કાનપુર મુકામે અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી રજનીભાઇ હિંમતલાલ પારેખના ધર્મપત્ની અ.સૌ. ભારતીબેન (ઉં. વ. ૭૮) તે ૬/૫/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે શીતલ, તુષારના માતુશ્રી. મેહુલકુમાર તથા તેજલના સાસુ. સ્વ. ચંપાબેન પ્રાણલાલ ઝવેરચંદ દોશીના દીકરી. ગીરીબેન, ગં.સ્વ સુરેખાબેન, રાજેશભાઈના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૯/૫/૨૫ના ૪ થી ૬ કલાકે આંગણ બેન્કવેટ હોલ, એમ કે કોલેજની બાજુમાં, ફેક્ટરી લેન, બોરીવલી વેસ્ટ. રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ ફોફલિયા વાડો, મનમોહનજીની શેરી, હાલ વિલેપારલા, રશ્મી પૃથ્વીરાજ શાહ (ઉં. વ. ૭૪) વિમલાબેન ચંદુલાલ મણીલાલના પૂત્રવધૂ, સુભદ્રાબહેન સેવંતીલાલ જેસંગલાલ શાહ જાફુજીવાળાના પુત્રી ગુરૂવાર, તા. ૮-૫-૨૫ના અરિહંતશરણ થયા છે. તે ધારીણીના માતા. સચીનભાઈના સાસુ. માહિરના નાની. સ્વ. અશ્વિનભાઈ, સ્વ. દક્ષાબેન, બિંદુબહેન, દિપાલીબહેન, કિરીટભાઈ અને પંકજભાઈના બહેન. પ્રાર્થનાસભા તા.૧૧/૦૫/૨૫, રવિવાર ૧૦ થી ૧૨. જલારામ હોલ, હાટકેશ સોસાયટી, ઉ. દ. રોડ નં. ૬, જુહુસ્કીમ, વિલે પાર્લે વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના માતુશ્રી મંજુલાબેન શાંતીલાલ ધરોડ (ઉં. વ. ૬૯) તા. ૬-૫-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સાકરબેન-ભાનુબેન વેરશી વસનજીના પુત્રવધૂ. શાંતીલાલના ધર્મપત્ની. ચેતન, કૌશલના માતુશ્રી. રતનબાઇ રતનશીના પુત્રી. જેન્તીલાલ, રમેશ, ગુંદાલાના નિર્મળા રામજી વેલજી, કારાઘોઘા વિપુલા (મનીષા) મુકેશ હેમરાજના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. મંજુલાબેન ધરોડ, નવ-રાજહંસ સો., સી-વિંગ, રૂમ નં. ૧૦, રોકડીયા લેન, બોરીવલી (વે), મું. ૯૨.

બિદડાના (ઓતરો-ઝંડો ફરીયો) ડુંગરશી પ્રેમજી ફુરીયા (ઉં. વ. ૭૯) તા. ૬-૫-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન પ્રેમજી વેલજીના પુત્ર. રાયણના લક્ષ્મીબેન ડુંગરશી કુરપારના જમાઈ. પુષ્પાબેન (પ્રેમીલા)ના પતિ. દીપીકા, દક્ષા, દીના, શીતલ, જીજ્ઞા, નીશા, કિરણના પિતા. જયંતી, પ્રિતી, જયવંતી, નિકિતાના ભાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ). ૩ થી ૪.૩૦. નિ. ડુંગરશી પ્રેમજી, ૩૦૧, સિગ્મા ઓનીક્સ, છઠ્ઠો રોડ, સાંતાક્રુઝ (ઇ).

મેરાઉ (હાલે નાગલપુર)ના માતુશ્રી મણીબેન કુંવરજી વીરા (ઉં.વ. ૮૬) તા. ૩-૫-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. રતનબેન કુંવરજીના પુત્રવધૂ. સ્વ. કેશવજી કુંવરજીના ધર્મપત્ની. કાંતાબેનના માતુશ્રી. નાગલપરના સ્વ. કુંવરબાઇ હંસરાજ તેજુના સુપુત્રી. સ્વ. વસનજી પ્રેમજી, લાલજી, અમૃતલાલ, રૂક્ષ્મણીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દેવચંદ છેડા, ૧૧૦૫/૧૧, વિદ્યા દર્શન, ટાગોર નગર, વિક્રોલી (ઇ.).


કોડાયના માતુશ્રી કુંવરબાઈ પ્રેમજી લાલન (ઉં.વ.૯૩) તા. ૬-૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ ગાંગજી હીરજીના પુત્રવધૂ. પ્રેમજીભાઇના ધર્મપત્ની. ધીરજ, વિનોદ, ભરત, ચેતનના માતુશ્રી. કાંડાગરાના દેવકાબાઈ આસુ વેલજીના સુપુત્રી. લાલજીભાઈ, ટુંડાના ભચીબાઈ ચાંપશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કુંવરબાઇ પ્રેમજી, નવકાર બંગલો, ગુલમહોર ફેસ-૩, ૧૦૦ ફીટ રોડ, વિરાર (વેસ્ટ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મેટિની

પહલગામ આતંકવાદી હુમલાનો ભારતે જડબાતોડ જવાબ 'ઑપરેશન સિંદૂર'થી આપ્યો છે. 'ઘર મેં ઘૂસ કે મારેંગે'ની લાગણી બળવત્તર છે. પાનો ચડાવતા સંવાદ અને ગીત હિન્દી વોર ફિલ્મોનું અવિભાજ્ય અંગ રહ્યા છે. આ રહી એની એક ઝલક...

# હિન્દુસ્તાન ઝિંદાબાદ થા... ઝિંદાબાદ હૈ... ઝિંદાબાદ રહેગા!



**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

૨૨ એપ્રિલે પહેલગામમાં આતંકવાદીઓના હુમલામાં ૨૬ લોકોએ જાન ગુમાવ્યા પછી આતંકીઓને જડબાતોડ જવાબ આપવા 'ઘર મેં ઘૂસ કે મારેંગે'ની લાગણી દેશ આખામાં ફરી વળી છે. સોશિયલ મીડિયા પર ઠલવાયેલા જન આક્રોશમાં જે ડાયલોગબાજી થઈ રહી છે એ પ્રજાનું લોહી કઈ હદે ઉકળી ઊઠ્યું છે એ દર્શાવે છે. આતંકવાદીઓના અડ્ડા પર હલ્લાબોલ કરી 'ઑપરેશન સિંદૂર'ના જડબાતોડ જવાબથી ભારતીય જનતાને રાહત થઈ છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં જે યુદ્ધલક્ષી ફિલ્મો બની છે એની કથા જેટલું અને ક્યારેક વધુ કૌવત ફિલ્મના સંવાદ અને ગીતો (ડાયલોગ્સ - સોંગ્સ)માં નીતર્યું છે. આ સંવાદોએ અને ગીતોએ જનતાને પાનો ચડાવ્યો છે.

આ રહ્યા એવા કેટલાક યાદગાર સંવાદ અને ગીત....

હિન્દુસ્તાન ઝિંદાબાદ થા, ઝિંદાબાદ હૈ, ઝિંદાબાદ રહેગા

ગદરઃ એક પ્રેમ કથા નામમાં ભલે પ્રેમકથા છે, પણ ફિલ્મનો ઢાંચો ભારત - પાકિસ્તાન ભાગલાની પાર્શ્વભૂમિ પર આધારિત છે. શીખ સૈનિક બુટાસિંહના જીવન પર આધારિત આ ફિલ્મને દર્શકોએ વધાવી લીધી હતી. આમિર ખાનની 'લગાન' સાથે રિલીઝ થવા છતાં બોક્સ ઓફિસ પર સની દેઓલની ફિલ્મ જ્વલંત સફળતા મેળવી શકી હતી. એનો એક ડાયલોગ આજે પણ સિને પ્રેમીઓ નથી ભૂલ્યાઃ

હિન્દુસ્તાન ઝિંદાબાદ થા, ઝિંદાબાદ હૈ, ઝિંદાબાદ રહેગા..!

સની દેઓલના આ સંવાદમાં એવું કૌવત છે કે ૧૯૪૭ - ૪૮નું પ્રથમ કાશ્મીર યુદ્ધ હોય કે એ પછીના પાકિસ્તાન સાથેના ત્રણ યુદ્ધ હોય કે ૧૯૬૨ની ચીન વિરુદ્ધની લડાઈ હોય, હિન્દુસ્તાન ઝિંદાબાદ થા, ઝિંદાબાદ હૈ, ઝિંદાબાદ રહેગા દેશાભિમાનનું ઉચ્ચ પ્રતિબિંબ છે અને નસમાં વહેતા લોહીને ધગધગતું રાખે છે. સંવાદ લેખક હતા શક્તિમાન તલવાર, જેમણે ફિલ્મની કથા પણ લખી હતી.

ફર્જ ઔર ફર્જી મેં એક માત્રા કા હી અંતર હૈ...

નવ વર્ષ પહેલા જમ્મુ - કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી શહેરમાં ભારતીય લશ્કરી છાવણી પર આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૧૯ ભારતીય જવાન શહીદ થયા હતા. સર્જિકલ સ્ટ્રાઈક કરી ભારતે પાકિસ્તાનના આતંકી જૂથ જૈશ - એ - મોહમ્મદના બધા આતંકવાદીઓને ઠાર કરી જડબાતોડ જવાબ આપ્યો હતો. આ કથાની પાર્શ્વભૂમિ પર બનેલી ફિલ્મ : 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં મેજર વિહાનસિંહ શેરગિલ (વિકી કૌશલ)નો એક સંવાદ ખૂબ જ પાવરફુલ હતોઃ

'ફર્જ ઔર ફર્જી મેં એક માત્રા કા હી અંતર હૈ. મૈં વો માત્રા નહીં બનના ચાહતા સર. મૈં અપને દેશ, અપને ભાઈયોં કે લિએ અબ નહીં લડા તો મૈં અપની હી નઝરોં મેં ફર્જી બનકર રહ જાઉંગા. ઔર મૈં જી નહીં પાઉંગા....'

લશ્કરના મેજરની આવી ખુદ્દારી, આવું સમર્પણ દેશની જનતાનો અડગ વિશ્વાસ અખંડ દીવા જેવો બનાવી દે છે. અને આ જ ફિલ્મનો અન્ય ડાયલોગ 'હાઉ ઈઝ જોશ? હાઈ સર!' દ્રઢ મનોબળનો ઉચ્ચતમ પુરાવો છે. ફિલ્મના દિગ્દર્શક આદિત્ય ધરે જ આ સંવાદ લખ્યા છે.

વતન કે આગે કુછ ભી નહીં, ખુદ ભી નહીં...

ભારત - પાકિસ્તાન વચ્ચેના ૧૯૭૧ના યુદ્ધની પાર્શ્વભૂમિ પર મેઘના ગુલઝારે 'રાઝી' ફિલ્મ બનાવી હતી. ભારતીય ગુપ્તચર સંસ્થા 'રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ'ના અંડરકવર એજન્ટ બનવા ૨૦ વર્ષની તરૂણી સેહમત પાકિસ્તાની લશ્કરી અધિકારી સાથે લગ્ન કરે છે. આલિયા ભટ્ટની અદાકારી અને મેઘના ગુલઝારની ડિરેક્શનથી બનેલી સર્વાંગ સુંદર ફિલ્મમાં એક સંવાદ ક્યારે પણ સાંભળીએ રૂંવાડા ઊભા થઈ જાય. મેઘનાએ જ લખેલો ડાયલોગ છે : 'વતન કે આગે કુછ ભી નહીં, ખુદ ભી નહીં...!' દેશ પ્રત્યેની ફરજ બજાવવા સેહમત પતિ સામે બંદૂક તાકે છે ત્યારે વતન સર્વોત્તમ છે એ સિદ્ધ થાય છે.

મુજે સ્ટેટ્સ કે નામ ના સુનાઈ દેતે હૈં ના દિખાઈ દેતે હૈં...

રાજ - રાહુલના કિરદાર સિવાય એક્ટર શાહરુખ ખાનની જે ચુનંદી ફિલ્મો છે એમાં 'ચક દે ઈન્ડિયા' વટથી બિરાજે છે. આર્મી - નેવી કે એરફોર્સનો યુનિફોર્મ પહેર્યો હોય તો જ દેશદાઝ દેખાડી શકાય એ જરૂરી નથી. દેશ માટે સમર્પણની ભાવના કોઈ પણ રીતે વ્યક્ત કરી શકાય છે, હોકીના કોચ બનીને પણ.

'ચક દે ઈન્ડિયા' સ્પોર્ટ્સ ફિલ્મ ભલે ગણાતી હોય, એમાં દેશદાઝ, દેશભક્તિ ઊડીને આંખે વળગે છે. ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેવા દેશના વિવિધ રાજ્યોની ખેલાડીઓ જ્યારે પરિચયમાં પોતાના નામ સાથે પોતે કયા રાજ્યની છે એ જણાવે છે ત્યારે કોચ કબીર ખાન (શાહરુખ) આક્રોશમાં આવી કહે છે કે 'મુજે સ્ટેટ્સ કે નામ ના સુનાઈ દેતે હૈં ના દિખાઈ દેતે હૈં, સિર્ફ એક મુલ્ક કા નામ સુનાઈ દેતા હૈ.' આપણે પહેલા ભારતીય છીએ એ વાત સમજાવવાની જરૂર ખરી? સંવાદ લેખક : જયદીપ સાહની.

જબ વહાં બોર્ડર પર લોગ અપની નીંદ કી પરવા કિયે બિના જાગતે હૈં...

અક્ષય કુમાર અને દેશભક્તિની ફિલ્મો મજબૂત તાંતણે બંધાયેલા છે. એમાંની એક છે 'હોલિડેઃ અ સોલ્જર ઈઝ નેવર ઓફ ડ્યુટી.

દેશના રક્ષણ માટે સૈનિક શું કરી શકે એ ફિલ્મનો હાઈ પોઇન્ટ હોવાથી દર્શકોએ ફિલ્મને ગળે વળગાડી હતી. અક્ષયનો એક ડાયલોગ છે જે દરેક દેશવાસીએ માનસપટ પર અંકિત કરવા જેવો છેઃ 'જબ વહાં બોર્ડર પર લોગ અપની નીંદ કી પરવા કિયે બિના જાગતે હૈં, તબ તુમ્હેં યહાં શહર મે ચૈન કી નીંદ આતી હૈ.'

કેવી મજબૂત ઢાલ આપણું રક્ષણ કરે છે. ડાયલોગ રાઈટર હતા એ. આર. મુરુગાદોસ.

યુદ્ધલક્ષી ફિલ્મોના ગીત- સંગીતની વાત નીકળે તો પહેલો નંબર નિર્વિવાદપણે ચેતન આનંદની 'હકીકત'નો આવે. કૈફી આઝમી લિખિત અને મદન મોહને સ્વરબદ્ધ કરેલું 'કર ચલે હમ ફિદા જાન - ઓ - તન સાથિયો, અબ તુમ્હારે હવાલે વતન સાથિયો' ક્યારે પણ સાંભળો ગર્વ અને આદરની લાગણી એક સાથે થયા વિના ન રહે. ગીતમાં ચાર કડી છે અને પ્રત્યેક કડીની પંક્તિઓ આંખોમાં આંજવા જેવી, દિમાગમાં સંગ્રહી રાખવા જેવી અને દિલ પર કોતરી રાખવા જેવી છે. કૈફી સાહેબની લાજવાબ કલમના ઉચ્ચ સ્તરને મદન મોહનનું અફલાતૂન સ્વરાંકન અને મોહમ્મદ રફીનો બુલંદ અવાજ સોનામાં સુગંધના સમુદ્રની ગરજ સારે છે.

મનોજ કુમારની 'શહીદ'માં ભગતસિંહનો બ્રિટિશ શાસન સામે પ્રતિકાર કેન્દ્રબિંદુ છે, પણ ફિલ્મના બે ગીત પણ ત્યાગ અને દેશભક્તિને ઉજાગર કરે છે. રફી સાહેબે ગાયેલું અજરામર 'અય વતન અય વતન, હમકો તેરી કસમ' આજે પણ અનેક લોકોના માનસપટને ઢંઢોળી શકવાની ક્ષમતા ધરાવે છે. ગીત - સંગીત પ્રેમ ધવનના હતા. આ જ ફિલ્મનું અન્ય એક ગીત 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ' પણ એવરગ્રીન દેશદાઝનું ગીત છે. આ ગીતના રચયિતા છે બિસ્મિલ અઝીમાબાદી.

એક કરોડનો વકરો કરનારી પ્રથમ ફિલ્મ તરીકે પંકાયેલી અશોક કુમાર - નલિની જયવંતની 'સમાધિ'હતી તો જાસૂસી કથા પણ એમાં સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ ફિલ્મની વાર્તામાં મહત્ત્વ ધરાવે છે. અશોક કુમાર સુભાષ બાબુના આર્મીમાં જોડાય છે અને યુદ્ધના લલકાર જેવું ગીત 'કદમ કદમ બઢાએ જા' દેશ પ્રેમની ઝાંખી કરાવે છે. ગીતકાર રાજેન્દ્ર કૃષ્ણ, સંગીતકાર સી. રામચંદ્ર.

મૈત્રીભાવના એકવીસમી સદીના ઝરણાં જેવી 'દિલ ચાહતા હૈ' બનાવ્યા પછી ફરહાન અખ્તરે સાવ વેગળી વાટ પકડી 'લક્ષ્ય' ફિલ્મ બનાવી હતી, જેની વાર્તા ૧૯૯૯ના કારગિલ યુદ્ધ પર આધારિત હતી. ગીતકાર જાવેદ અખ્તર હોય અને સંગીતકાર શંકર - એહસાન - લોય હોય ત્યારે વિશિષ્ટ યોગદાનની અપેક્ષા ધૂળધાણી ન થાય. 'કંધો સે મિલે કંધા' ગીતમાં થનગનાટ અને ભાઈચારાની ભાવના દુશ્મનના દાંત ખાટા કરવામાં કેવા નિર્ણાયક સાબિત થાય છે એ બહુ સરસ રીતે ઊપસી આવ્યું છે.

દેવ આનંદે દિગ્દર્શિત કરેલી પહેલી ફિલ્મ તરીકે 'પ્રેમ પૂજારી' ઓળખ ધરાવે છે. જોકે, ફિલ્મમાં ભારત - ચીન સરહદી તણાવ અને લશ્કર છોડી દેવા માગતા લેફ્ટનન્ટ રામદેવ બક્ષીના વૈચારિક સંઘર્ષ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. રણભૂમિ છોડ્યા પછી રામદેવ બક્ષી દેશ માટે જાસૂસની જવાબદારી સંભાળવા તૈયાર થાય છે. કવિ - ગીતકાર નીરજ (ગોપાલદાસ સક્સેના) લિખિત ગીત 'તાકત વતન કી હમસે હૈ. હિમ્મત વતન કી હમસે હૈ, ઈઝ્ઝત વતન કી હમસે હૈ, ઈન્સાન કે હમ રખવાલે' આપણી કાળજી કોણ કરે છે એ સમજાવી દે છે.

આવી તો બીજી પણ કેટલીક હિન્દી ફિલ્મો છે, જેમાં એક યા બીજી રીતે દેશદાઝ-દેશસ્વમાનની કથા-સંવાદ અને ગીતો પણ છે. જોકે, સ્થળ સંકોચને કારણે એ બધાનો સમાવેશ અહીં શક્ય નથી. ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
સંજય છેલ

# એક થા કૈફી... વિચાર ને વિદ્રોહનો શાયર!

મુંબઇમાં એક ફિલ્મ નિર્માતાને ત્યાં દિવાળીની પાર્ટી ચાલી રહી હતી. ત્યાં શાયર કૈફી આઝમીએ એક શાયરને કહ્યું, 'અબ તો આપ શાદી કર હી લો...' પેલા શાયરે કહ્યું, 'હાં, પર આજકલ કહાં અચ્છી બીવીયાં મિલતી હૈ?'

કૈફીએ પાસે બેઠેલા સ્ત્રીઓના ગ્રુપ તરફ ઇશારો કરીને કહ્યું :

'વહાં દેખો કિતની સારી હૈ! ઢુંઢ લો કોઇ!'

એ ગ્રુપમાં કૈફીનાં પત્ની શૌકત પણ હતાં. શાયરે કહ્યું :

'વહાં તો આપ કી બીવી ભી હૈ! '

કૈફીએ તરત જ કહ્યું : 'તુમ તૈયાર હો તો અભી તલાક દે દું!

અલબત્ત, આ તો એક મજાક હતી બાકી આજકાલ યુ.પી.ના આઝમગઢની ઓળખ અંડરવર્લ્ડ અને ગુનાખોરી માટે થઇ ગઇ છે, પણ સાચી ઓળખ છે શાયર કૈફી આઝમી,જે આજે જીવતા હોત તો પૂરા ૧૦૫ વરસના હોત! કાલે ૧૦મી મેના રોજ લેખક- કવિ કૈફી આઝમીની મૃત્યુ તિથિ છે. જોકે આજે કૈફીની ઓળખ શબાના આઝમીના પપ્પા અને જાવેદ અખ્તરના સસરા તરીકે થાય છે એ પાછી અલગ વાત છે.

૪૦ના દાયકામાં દેશમાં સાહિર, મજરૂહ, શૈલેંદ્ર, બલરાજ સહાની, કે.એ.અબ્બાસ, બિમલ રોય વગેરે વિચારવંત કલાકારો- સાહિત્યકારોએ



કૈફી આઝમી – શબાના આઝમી અને શૌકત આઝમી

'પ્રોગ્રેસીવ રાઇટર્સ એસોસિએશન' નામે પ્રગતિવાદી કલાકારોનું ગ્રુપ બનાવેલું અને આઝાદી માટે શેરી નાટકો ભજવતા. આ બધામાં કૈફીને ઉર્દૂ સાહિત્યમાં ગીતકાર સાહિર કે શૈલેંદ્ર કરતાં હંમેશાં વધુ માન મળતું, કારણકે એ માત્ર લવી-ડવી શાયર નહીં, પણ લડાકુ કવિ હતા.

જી હાં કૈફી, આઝાદી પહેલાં બ્રિટિશ સરકાર ને ત્યાર બાદ ભારત સરકાર સામે સતત લડીને એકથી વધુ વાર જેલ પણ ગયેલા! આમ આદમી, મજૂરો કે ખેડૂતો કે શોષિતો માટે આજીવન લડતા રહ્યા. 'અવામી ઇદારા' નામે સંસ્થામાં મજૂરોના હક્કો માટે ઝૂંપડપટ્ટીમાં જઇને રીતસરનો સંઘર્ષ કરતા. ફૂટપાથ પર ઊભા રહીને મજૂરોમાં જાગૃતિ આવે એ માટે ચોપાનિયાં વેંચતા! આપણાં કોઇ ગુજરાતી કવિને આવું કરતાં કલ્પી પણ શકાય. નાસ્તિક અને લિબરલ શાયર કૈફી, સરકાર અને સ્થાપિત હિતો સામે જ નહીં, પણ કટ્ટરપંથીઓ સામે પણ લડ્યા હતા. 'આવારા સજદે' નામની વિદ્રોહી કિતાબ લખેલી અને કટ્ટર લોકોનો ખોફ વહોરી લીધેલો.

નાનપણમાં કૈફીના તહસીલદાર અબ્બા એમને આધુનિક શિક્ષણ આપવા માંગતા હતા, પરંતુ સંબંધીઓના દબાણને કારણે કૈફીને ઇસ્લામના અધ્યયન માટે લખનઊ મોકલવામાં આવ્યા હતા, પણ ત્યાં એમણે અળખામણા સવાલો પૂછીને હડતાલ કરી એટલે તગેડી મૂકવામાં આવેલા. પછી તો લખનઊ અને અલ્હાબાદ યુનિવર્સિટીઓમાં ઉર્દૂ, અરબી અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો. આ કૈફીએ સાવ ૧૧ વર્ષની ઉંમરે પહેલી ગઝલ લખેલી, જેને પાછળથી બેગમ અખ્તરે ગાઇ હતી. કૈફીએ ૧૨ વર્ષની ઉમ્મરે જ નિર્ણય લઈ લીધેલો કે ભવિષ્યમાં હું ફક્ત લેખક જ બનીશ. કૈફી કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા અને પાર્ટીના કામથી મુંબઇ મોકલવામાં આવ્યા ત્યારે 'ઇપ્ટા' નામની નાટકી સંસ્થામાં જોડાયા. ઈપ્ટામાં જ કૈફી અનેક લેખકો સાથે ગાઢ મિત્ર બન્યા અને એમાંની જ એક હતી અભિનેત્રી શૌકત. શૌકત, મુફલિસ કવિ કૈફી કરતાં વધારે પ્રતિષ્ઠિત પરિવારની હતી, પણ કૈફીની કવિતાઓની ચાહક હતી. શૌકત સાથે કૈફીના લગ્ન એમના મિત્ર અને લેખક સજ્જાદ ઝહીરના ડ્રોઈંગ રૂમમાં સાવ સાદગીથી ચોરી છૂપી થયા હતા અને હનીમૂન તો પોસાય એમ જ નહોતું.

કૈફી અને શૌકત વચ્ચે જેટલો પ્રેમ હતો એટલો જ વિખવાદ પણ થતો. શૌકત આઝમી પોતે અભિનેત્રી હતાં અને જમાનાથી અલગ ચાલનાર સ્ત્રી હતાં. એકવાર શાયર નિદા ફાજલી સાથે કૈફી સાહિત્યની ચર્ચા કરતા હતા ને શૌકત એમાં વચ્ચે વચ્ચે ટાપસી પૂરાવીને ડિસ્ટર્બ કરતા હતાં. કંટાળેલા કૈફીએ રસોઇઆ જોનને બોલાવીને કહ્યું, 'જોન.. આજ સે મેરી કુર્સી કિચનમેં રખના. અબ સે મૈં ચુલ્હા ચૌકા સંભાલુંગા ઔર શૌકતજી, અદબ (સાહિત્ય) સંભાલેગી!' નારીવાદી શૌકતને આ સાંભળીને ગુસ્સો આવ્યો ત્યારે કૈફીએ કહ્યુંઃ 'અરે, યે મઝાક હૈ ઔર યે ના ભૂલો કિ મૈંને 'ઔરત ઔર ગર્ભવતી' જૈસી રચનાએં લિખી હૈ!'

શૌકત ચૂપ થઇ ગયાં, કારણ કે એ નારીવાદી કવિતાઓએ સમાજમાં આગ લગાવી હતી!

કૈફી આઝમી 'કૌમી જંગ' નામના મેગેઝિન માટે લખતા ને મહિને માત્ર ૪૦ રૂ કમાતા. મુંબઇના ખેતવાડીમાં વિસ્તારમાં એવી જગ્યાએ રહેતા હતા જ્યાં ટોઇલેટ-બાથરૂમ પણ સાર્વજનિક હતા. અહીં જ દીકરી શબાના (આઝમી)નો જન્મ થયો હતો. જ્યારે પુત્રી શબાના શૌકતના પેટમાં હતી ત્યારે કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા એમને ગર્ભપાત માટેનું ફરમાન આપવામાં આવ્યું હતું. એ ફરમાનનું ઉલ્લંઘન કરીને કૈફી ભૂગર્ભમાં જતા રહ્યા હતા. પછી તો ફિલ્મોમાં સફળ થઇને વરસો બાદ જુહુમાં 'જાનકી કુટિર' પાસેના નાનકડા બંગલા પર રહેવા આવ્યા, આ 'જાનકી કુટિર' એટલે એ જ પવિત્ર ભૂમિ, જ્યાં આજે મુંબઇ રંગભૂમિનું અદ્ભુત 'પૃથ્વી થિએટર' છે.

કૈફીનું ફિલ્મોમાં આવવાનું કારણ મજબૂરી હતું, પણ પછી એ જ એમની ઓળખ બની ગયું. ૧૯૫૧માં એમણે જાણીતી વિદ્રોહી ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુઘતાઇના નિર્માતા-નિર્દેશક પતિ શાહિદ લતીફની ફિલ્મ માટે પહેલું ગીત લખ્યું. ત્યારબાદ તો કૈફી કુલ ૮૦ ફિલ્મો સાથે સંકળાયેલા રહ્યા હતા અને એમને ત્રણ ફિલ્મફેર એવોર્ડ ને નેશનલ એવોર્ડ પણ મળ્યા. કૈફીએ 'ગર્મ હવા' જેવી યાદગાર ફિલ્મ લખેલી, જેને સત્યજિત રેએ ભારતની ૩ મહાન ફિલ્મ ગણાવી છે! કૈફીએ ૧૮૫૭ના સમયગાળા વિશે 'ઉર્દૂ કા આખરી મુશાયરા-આખરી શમા' નામનું અત્યંત સફળ નાટક પણ લખેલું, જેમાં બલરાજ સહાનીએ કામ કરેલું, જે ૬૦ વરસે હજી પણ ભજવાય છે! કૈફીએ 'અર્થ', 'હીર-રાંઝા', 'હસતે ઝખ્મ' અને 'કાગઝ કે ફૂલ' જેવી અનેક યાદગાર ફિલ્મોનાં ગીતો તો લખ્યાં જ, પણ અભિનેતા રાજકુમારની 'હીર-રાંઝા' નામની સુપર- હિટ ફિલ્મના બધા જ સંવાદો શેરો-શાયરીના સ્વરૂપમાં લખેલા.... વિચાર કરો આખી ફિલ્મ કવિતાના ફોર્મમાં અને આવો પ્રયોગ જગતમાં કોઇ જ ફિલ્મમાં થયો નથી.

જ્યારે કૈફીની આર્થિક સ્થિતિ સારી થઈ ત્યારે ફક્ત મો-બ્લાંક નામની મોંઘી ફાઉન્ટન પેનથી લખતા અને એ પેનની સર્વિસ ન્યૂયોર્કની 'ફાઉન્ટેન હોસ્પિટલ'માં થતી હતી. આમ તો કૈફીને પદ્મશ્રી, સાહિત્ય અકાદમી એવોર્ડ અને સોવિયત ભૂમિ નેહરુ એવોર્ડથી પણ નવાજવામાં આવેલા, પણ ઇનામ અકરામની બધી જ રકમ કૈફીએ એમના યુપીના ગામ મિઝવાનમાં શાળા, હોસ્પિટલ, પોસ્ટ ઓફિસ ને ત્યાંના રસ્તા બનાવવામાં ખર્ચી નાખેલા.

આમ તો યુ.પી.સરકારે સુલતાનપુરથી ફુલપુર માર્ગને 'કૈફી આઝમી માર્ગ' તરીકે જાહેર કર્યો છે, પણ આવા વિદ્રોહી શાયરના નામે માર્ગ બનાવવો આસાન છે પણ એમના રસ્તે ચાલવું કઠિન છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી




# બાબુભાઈ મિસ્ત્રીની અનોખી હેટ-ટ્રિક...

## એક જ ટાઈટલની એકથી વધુ ફિલ્મો બની હોવાના ઘણા ઉદાહરણ છે, પણ એક જ દિગ્દર્શકે એક જ નામની એકથી વધુ ફિલ્મ બનાવી હોય એવું પણ બન્યું છે...!

વાર્તા- કથા- સ્ટોરી માનવ સમાજના સાંસ્કૃતિક જીવનનું અવિભાજ્ય અંગ છે. માણસને વાર્તા કહેતા આવડે, વાર્તા સંભળાવતા આવડે, વાર્તા બનાવતા આવડે અને હા, વાર્તા ઉપજાવી કાઢતા સુધ્ધાં આવડે. દરેક માનવ જીવનને કોઈ ને કોઈ નાની - મોટી કથા વીંટળાયેલી હોય છે. દરેકની પોતાની પ્રિય વાર્તા હોય છે. કોઈને પરીની, કોઈને વિક્રમ વેતાળની તો કોઈને બત્રીસ પૂતળીની વાર્તા ફરી ફરી સાંભળવી ગમતી હોય છે.

હિન્દી ફિલ્મ મેકરોની પણ ફેવરિટ વાર્તા હોય છે. એટલે જ એક જ ટાઈટલ પરથી બે - ત્રણ કે ચાર ફિલ્મ બની હોય એવા અનેક ઉદાહરણ આ ફિલ્મઉદ્યોગમાં જોવા મળે છે. એમાંય રાજા હરિશ્ચંદ્રની વાર્તા ફિલ્મ મેકરોની નંબર વન ફેવરિટ સ્ટોરી હોય એવું લાગે છે. આવી દલીલ કરવા માટે કારણ સુધ્ધાં એવું મજબૂત છે.

મૂંગી ફિલ્મોના દોરમાં 'રાજા હરિશ્ચંદ્ર' ફિલ્મ પાંચ વખત બની છે: ૧૯૧૩, ૧૯૧૭, ૧૯૨૪,૧૯૨૮ અને ૧૯૨૯. એમાં પહેલી બંને દાદાસાહેબ ફાળકેએ જ બનાવી હતી. બોલપટનો યુગ શરૂ થયા પછી ૧૯૩૧ અને ૧૯૫૮માં 'હરિશ્ચંદ્ર' ૧૯૫૨ અને ૧૯૭૯માં 'રાજા હરિશ્ચંદ્ર' તેમજ ૧૯૬૩ અને ૧૯૭૦માં 'હરિશ્ચંદ્ર અને તારામતી' બની હતી. એક જ વાર્તા પરથી ૧૧ ફિલ્મ...! આ એક રેકોર્ડ હોવો જોઈએ.

હેરત પમાડતી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક જ ડિરેક્ટરે એક જ નામની એકથી વધુ ફિલ્મ બનાવી હોય એવા પણ કેટલાક ઉદાહરણો જોવા મળે છે. પહેલું 'રાજા હરિશ્ચંદ્ર' (દિગ્દર્શક ફાળકે) આપણે જોયું. આ અનન્ય યાદીમાં જે. જે. મદન, વી. શાંતારામ, સોહરાબ મોદી, વિજય ભટ્ટ, હોમી વાડિયા, બાબુભાઈ મિસ્ત્રી, નાનાભાઈ ભટ્ટ, પ્રમોદ ચક્રવર્તી, રાજકુમાર કોહલી, રામગોપાલ વર્મા, ડેવિડ ધવન, ઈમ્તિયાઝ અલી અને મોહન ભાકરીનો સમાવેશ થાય છે. આ સિવાય પણ બીજા ઉદાહરણ હોઈ શકે છે. બધી ફિલ્મો વિશે અહીં વાત કરવી સ્થળ સંકોચને કારણે સંભવ નથી એટલે આ લેખમાં ૧૯૬૦ સુધીના દોરની રિપીટ ટાઈટલ ધરાવતી ફિલ્મો પર નજર દોડાવીએ.



માયા બજાર



સતી નાગ કન્યા


હર હર ગંગે

**જે, જે. મદન (લૈલા મજનૂ - ૧૯૨૨, ૧૯૩૧)**

પારસી થિયેટર અને એલ્ફિન્સ્ટન બાયોસ્કોપ કંપનીના સ્થાપક જમશેદજી ફ્રામજી મદનના પુત્ર જે. જે. મદને પિતાના અવસાન પછી વારસો આગળ ચલાવ્યો. 'લૈલા મજનુ' ટાઈટલવાળી બે ફિલ્મ બનાવી. બંને સાયલન્ટ ફિલ્મ હતી. ૧૯૨૨ની ફિલ્મમાં લીડ રોલમાં બ્રિટિશ એક્ટર્સ એચ. બી. વેરિંગ અને મિસ ડોટ ફોય હતા. આ જ ટાઈટલ પરથી ૧૯૩૧માં તૈયાર કરવામાં આવેલા ચિત્રપટમાં પણ લૈલા - મજનૂની દુ:ખદ પ્રેમકથા જ હતી. જોકે, એમાં મુખ્ય ભૂમિકામાં હતા ખુર્શીદ બેગમ અને નિસાર. ખુર્શીદ બેગમ રણજીત મુવિટોનના ઘણા ચિત્રપટમાં નજરે પડ્યાં હતાં, જેમાં કે. એલ. સાયગલ સાથેની 'તાનસેન' પ્રમુખ ફિલ્મ ગણાય છે. માસ્ટર નિસ્સાર મૂંગી ફિલ્મો અને બોલપટના પ્રારંભના દોરના અગ્રણી અભિનેતા હતા.

**વી. શાંતારામ (ચંદ્રસેના - ૧૯૩૧, ૧૯૩૫)**

શાંતારામ.. ફિલ્મ રસિકો માટે નામ હી કાફી હૈ. 'દુનિયા નામાને', 'ડો. કોટનિસ કી અમર કહાની', 'દો આંખે બારહ હાથ' જેવી અવિસ્મરણીય ફિલ્મો આપનારા શાંતારામ સાહેબે ૧૯૩૦ના દાયકામાં એક જ ટાઈટલ 'ચંદ્રસેના' પરથી બે ફિલ્મ બનાવી હતી. 'રામાયણ'માં અહિરાવણ અને એની પત્ની ચંદ્રસેનાની કથા આવે છે. અહિરાવણ રામ અને લક્ષ્મણનું અપહરણ કરી તેમને પાતાળલોકમાં લઈ જાય છે. જોકે, ચંદ્રસેના હનુમાનને મદદ કરી રામ - લક્ષ્મણને મુક્ત કરાવે છે. ૧૯૩૧માં બનેલી ફિલ્મ મૂંગી હતી અને એના ડિરેક્ટર તરીકે શાંતારામ ઉપરાંત કેશવરાવ ધાયબરનું પણ નામ છે. ફિલ્મના પ્રમુખ કલાકાર હતા લીલાવતી પેંઢારકર, કમલા અને જી. આર. માને. ૧૯૩૫માં શાંતારામે આ જ ફિલ્મ પ્રભાત ફિલ્મ્સના બેનર હેઠળ બનાવી, જેમાં સ્પેશિયલ ઈફેક્ટ્સનો બહોળો ઉપયોગ કર્યો હતો. ફિલ્મના પ્રમુખ કલાકાર હતા નલિની તારખડ, રજની, માને પહેલવાન, શાંતાબાઈ ઈત્યાદિ.

**સોહરાબ મોદી (જેલર- ૧૯૩૮, ૧૯૫૮)**

શેક્સપિયરના નાટક પરથી હિન્દી ફિલ્મની શરૂઆત કરી વિશાળ ફલકની ઐતિહાસિક ચિત્રપટોના નિર્માણ માટે મશહૂર સોહરાબ મોદીએ૨૦ વર્ષના ગાળામાં 'જેલર' નામની બે ફિલ્મ તૈયાર કરી હતી. પહેલી ૧૯૩૮માં બની જે સાયકોલોજીકલ થ્રિલર હતી. આપખુદશાહી જેલર પોતાની પત્નીને એના પ્રેમી સાથે પકડી પાડે છે અને પત્નીને પોતાના જ ઘરમાં તાળું બંધ કરી પૂરી દે છે. એટલું જ નહીં, એના બાળક સાથે મળવા પર પ્રતિબંધ મૂકી દે છે. ફિલ્મમાં સોહરાબ મોદી અને લીલા ચીટનીસ મુખ્ય ભૂમિકામાં હતાં. ૨૦ વર્ષ પછી ૧૯૫૮માં સોહરાબ મોદીએ ૧૯૩૮ની ફિલ્મના પ્લોટને મળતો આવે એવી ક્રાઈમ ડ્રામા ફિલ્મ રિલીઝ કરી હતી. અહીં એક મુક્ત વિચારસરણી ધરાવતા જેલરની વાત છે. પત્ની એને ત્યજી બીજા પુરુષ સાથે જતી રહે છે ત્યારે જેલરના જીવનમાં બદલાવ આવે છે. ફિલ્મમાં સોહરાબ મોદી સાથે હીરોઈન હતી ગીતાબાલી. આ ફિલ્મનું 'હમ પ્યાર મેં જલનેવાલોંકો ચૈન કહાં, આરામ કહાં' ગીત ખાસ્સું લોકપ્રિય થયું હતું.

**વિજય ભટ્ટ (રામ રાજ્ય - ૧૯૪૩, ૧૯૬૭)**

પ્રકાશ પિક્ચર્સ - પ્રકાશ સ્ટુડિયોના સંસ્થાપક વિજય ભટ્ટએ સ્વતંત્રપણે ૬૪ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. 'સ્ટેટ એક્સપ્રેસ' અને 'લેધરફેસ' જેવી સ્ટન્ટ ફિલ્મોથી શરૂઆત કરી વિજય ભટ્ટ માઈથોલોજિકલ ફિલ્મો તરફ વળી ગયા હતા. રામાયણ શ્રેણીની 'ભરત મિલાપ'થી ધાર્મિક બનેલા ભટ્ટ સાહેબે 'રામ રાજ્ય' નામ ધરાવતી બે ફિલ્મ અનુક્રમે ૧૯૪૩ અને ૧૯૬૭માં રિલીઝ કરી હતી. ગાંધી વિચારધારાથી પ્રભાવિત વિજય ભટ્ટની રામાયણ આધારિત ફિલ્મોમાં પરંપરાગત ચમત્કૃતિ નહોતી. ગાંધીજીએ જોયેલી ફિલ્મ તરીકે ખ્યાતિ મેળવનાર૧૯૪૩ની 'રામ રાજ્ય'માં પ્રેમ અદીબ અને શોભના સમર્થ (નૂતન - તનુજાનાં માતુશ્રી) રામ - સીતા હતાં. બોક્સ ઓફિસ પર ફિલ્મને ધૂંઆધાર સફળતા મળી હતી. ૧૯૪૩ની 'રામ રાજ્ય' બ્લેક એન્ડ વાઈટ હતી, જ્યારે ૧૯૬૭નું ચિત્રપટ રંગીન હતું. બીના રાય (એક્ટર પ્રેમનાથનાં પત્ની) અને કુમાર સેન લીડ રોલમાં હતા. પહેલી ફિલ્મની તુલનામાં બીજી ફિલ્મને મોળો આવકાર મળ્યો હતો.

**બાબુભાઈ મિસ્ત્રી (સતી નાગ કન્યા - ૧૯૫૬, ૧૯૮૩, માયા બાઝાર - ૧૯૫૮, ૧૯૮૪ અને હર હર ગંગે - ૧૯૬૮, ૧૯૭૯)**

માઈથોલોજિકલ ફિલ્મોના મહારથી તેમજ હિન્દી ફિલ્મોમાં ટ્રીક સીનના અગ્રેસર બાબુભાઈ મિસ્ત્રી આ શ્રેણીમાં અલાયદો વિક્રમ ધરાવે છે. અત્યાર સુધી જોયેલાં ઉદાહરણોમાં એક જ ટાઈટલ ધરાવતી બે ફિલ્મ જોવા મળી છે. બાબુભાઈ મિસ્ત્રી સંભવત: એકમાત્ર ફિલ્મમેકર હશે જેમણે એક જ નામ ધરાવતી ત્રણ ફિલ્મ અલગ અલગ સમયે બનાવી હતી. 'સતી નાગ કન્યા' ફિલ્મ ૧૯૫૬ અને ૨૭ વર્ષ પછી ૧૯૮૩માં બની હતી. રાજા રાવણના પુત્ર ઈંદ્રજિત- મેઘનાદ સાથે વિવાહ કરનારી નાગ રાજકુમારીની કથા ફિલ્મમાં વણી લેવામાં આવી છે. મનહર દેસાઈ, મહિપાલ અને નિરૂપા રોય ફિલ્મના મુખ્ય કલાકાર હતાં. આ જ કથા પર ૧૯૮૩માં બનેલી 'સતી નાગ કન્યા'માં મનહર દેસાઈ, વિક્રમ ગોખલે અને જયશ્રી ગડકરી મુખ્ય ભૂમિકામાં હતા. 'મહાભારત'ના પાત્ર અભિમન્યુને કેન્દ્રમાં રાખી તૈયાર કરેલી પૌરાણિક ફિલ્મ 'માયા બાઝાર' (૧૯૫૮)માં મહિપાલ અને અનિતા ગુહા હતા. ૧૯૫૮ની ફિલ્મ જેવી જ કથાવસ્તુ ધરાવતી ફિલ્મ 'માયાબાઝાર' નામથી ૧૯૮૪માં પણ બનાવવાનું બીડું બાબુભાઈએ ઝડપ્યું હતું. ૨૬ વર્ષ પછીની આ ફિલ્મમાં દારાસિંહ, રંધાવા, રાકેશ પાંડે અને રીટા ભાદુડી હતા. બંને 'માયા બાઝાર' માટે પ્રેક્ષકોને માયા લાગી હતી અને નિર્માતાને પણ ખાસ્સી માયા (દોલત) મળી હતી.

બાબુભાઈની રિપીટ ટાઈટલવાળી ત્રીજી ફિલ્મ હતી 'હર હર ગંગે'. શિવ પાર્વતી અને પવિત્ર ગંગાને આવરી લેતી કથા પરથી પહેલી ફિલ્મ ૧૯૬૮માં અને બીજી ફિલ્મ ૧૯૭૮માં બની હતી. પહેલી ફિલ્મમાં લીડ રોલમાં જયશ્રી ગડકર, અભી ભટ્ટાચાર્ય અને જીવન હતા અને ૧૦ વર્ષ બાદ બનેલા ચિત્રપટમાં આશિષ કુમાર અને અંજના મુમતાઝ હતા.

**હોમી વાડિયા (અલીબાબા ઔર ૪૦ ચોર - ૧૯૫૪, ૧૯૬૬)**

વાડિયા મુવિટોન ફિલ્મ કંપનીના સહ સ્થાપક અને પાંચ દાયકા સુધી ફિલ્મ વ્યવસાયમાં વ્યસ્ત રહેલા હોમી વાડિયાએ 'હંટરવાલી', 'હાતિમતાઈ' જેવી એ સમયે આવકાર મેળવનારી ફિલ્મો આપી હતી. એક્શન ફિલ્મોને પ્રાધાન્ય આપનારા વાડિયા સાહેબે 'અલીબાબા ઔર ૪૦ ચોર' ફિલ્મ ૧૯૫૪ અને ૧૯૬૬માં એમ બે વખત રજૂ કરી હતી. અરેબિયન નાઈટ્સની કાલ્પનિક કથા પર આધારિત આ ફિલ્મમાં અલીબાબા અને એના ભાઈને ૪૦ ચોરનો સંતાડેલો ખજાનો હાથ લાગે છે. ચોરોની ટોળકી અલીબાબાના ભાઈની હત્યા કરે છે, પણ અલીબાબા ભાઈની હત્યાનો બદલો લઈ ખજાનો પામી ધનવાન બને છે. ૧૯૫૪ની ફિલ્મમાં મહિપાલ (અલીબાબા) તેમજ બી. એમ. વ્યાસ અને શકીલા હતા. આ જ ટાઈટલ સાથે ૧૯૬૬માં બનેલી ફિલ્મમાં અલીબાબાનો રોલ સંજીવ કુમારે કર્યો હતો. બી. એમ. વ્યાસ ફિલ્મમાં હતા, પણ અબુ હસનના રોલમાં. કોઈ નાટ્યસ્પર્ધામાં સંજીવ કુમારની અદાકારી જોઈ પ્રભાવિત થયેલા હોમી વાડિયાએ સંજીવ કુમાર સાથે ફિલ્મ કરવાની ગાંઠ વાળી હતી અને અલીબાબામાં એ ઈચ્છા પૂરી કરી હતી.

**નાનાભાઈ ભટ્ટ (બગદાદ કી રાતેં - ૧૯૬૨, ૧૯૬૭)**

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભટ્ટ પરિવારનું ઘણું યોગદાન રહ્યું છે. મુખ્યત્વે માયથોલોજીકલ અને ફેન્ટસી ફિલ્મો માટે જાણીતા નાનાભાઈ ભટ્ટએ ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં ઘણી ફિલ્મો બનાવી હતી. 'કંગન', 'મુકાબલા', 'મિ. એક્સ', 'લાલ કિલા' તેમના ચાહના મેળવનારા ચિત્રપટ હતાં. ૧૯૬૨માં એમણે 'બગદાદ કી રાતેં' ટાઈટલ સાથે ફિલ્મ બનાવી હતી. એડવેન્ચર ફેન્ટસી ડ્રામા તરીકે ઓળખાયેલી આ ફિલ્મમાં માસ્ટર ભગવાન, અજીત અને શ્યામ કુમાર હતા. આ જ કથાનક સાથે ૧૯૬૭માં બનેલી ફિલ્મમાં મુમતાઝ, માસ્ટર ભગવાન અને બેલા બોઝ હતા. શાંતારામએ ચાર વર્ષ પછી અને નાનાભાઈ ભટ્ટએ પાંચ વર્ષના ટૂંકા ગાળામાં સેમ ટુ સેમ ટાઈટલ ધરાવતી ફિલ્મ બનાવી હતી. ■




# મસાલેદાર કિસ્સા સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના...

મહેશ નાણાવટી





બોલિવૂડ અને દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચે જે 'તૂ-તૂ મૈં-મૈં' ચાલી રહી છે એ તો હમણાં હમણાંની છે. એમાંય બોલિવૂડ છેલ્લે છેલ્લે તો સાઉથની ફિલ્મોને પોતાની 'જીવાદોરી' પણ કારગર ન નીવડી ત્યારે સાઉથને ખરીખોટી સંભળાવવા પણ ઉતરી આવ્યા!

જોકે સની દેઉલની છેલ્લી ફિલ્મ 'જાટ' અને શાહરુખ ખાનની 'પઠાણ'ની સાથેસાથે બનેલી 'જવાન' એવાં ઉદાહરણો છે, જેનાં બાલિવૂડના સ્ટારો રીતસર સાઉથના ડિરેક્ટરોના શરણે ગયા છે! એમાંય, 'જાટ'માં તો વાર્તા પણ આંધ્ર પ્રદેશમાં જ આકાર લે છે.

આ બધી કહેવાતી તાજી દુશ્મની છે, પરંતુ ૭૦-૮૦ના દાયકા સુધી તો બોલિવૂડના મોટા મોટા સ્ટાર ચેન્નાઈના સ્ટુડિયોમાં ત્યાંની તામિલ કે તેલુગુ ફિલ્મોના હિન્દી રિ-મેકમાં કામ કરવા માટે મુંબઈથી ત્યાં સુધી લાંબા થતા હતા.

એ વખતનો ટ્રેન્ડ હતો કે તામિલ-તેલુગુમાં જે ફિલ્મ હિટ ગઈ હોય તેનો હિન્દી રિ-મેક ત્યાંના સાઉથના જ નિર્માતાઓ બનાવતા. એના શૂટિંગ માટે સેટ વગેરે તો ચેન્નાઈના સ્ટુડિયોમાં લાગતા જ હતા, પરંતુ આઉટડોરના દૃશ્યો, ગાયનો વગેરે પણ દક્ષિણ ભારતના જ રમણિય લોકેશનો પર શૂટ થતા હતાં. બ્લેક એન્ડ વ્હાઈટ જમાનાની 'ચોરી ચોરી', 'દિલ તેરા દિવાના' કે 'સસુરાલ' જેવી ફિલ્મો જુઓ કે રંગીન ફિલ્મો આવ્યા પછી 'ખાનદાન', 'સાથી', 'સૂરજ', 'રામ ઔર શ્યામ' વગેરે જોઈ લો.

વચમાં જ્યારે સાઉથમાં બનેલી હિન્દી ફિલ્મ 'તોહફા' હિટ થઈ ગઈ પછી જિતેન્દ્રને તો જાણે લોટરી લાગી હોય તેમ ધડાધડ સાઉથની રિ-મેકમાં હીરોના રોલ મળવા માંડ્યા હતા! એમાંય અમુક અડધો ડઝન ફિલ્મો તો એવી હતી જેમાં એક્ટરોની ટોળકી પણ એક જ હોય: જિતેન્દ્ર, શ્રીદેવી, જયાપ્રદા, શક્તિ કપૂર અને કાદર ખાન... આ બધા સાથે ને સાથે જ હોય!

આમાં કાદર ખાન પોતે એક્ટિંગ ઉપરાંત સંવાદ લેખનનું પણ કામ કરતા હતા.

અહીં બીજી એક વાત પર ધ્યાન દોરવું જરૂરી છે, કે સાઉથના ડિરેક્ટરોને હિન્દી ખાસ બોલતાં આવડે નહીં, એટલે સેટ ઉપર એક 'લેંગ્વેંજ ડિરેક્ટર' રાખવામાં આવતો! એનું કામ એટલું જ કે હિન્દી સંવાદોનું તામિલ કે તેલુગુમાં ભાષાંતર કરીને ડિરેક્ટરને સમજાવવાનું અને શોટ લેવાતો હોય ત્યારે ડિરેક્ટરના કહ્યા મુજબ તે સંવાદના જે તે શબ્દ ઉપર ચોક્કસ 'વજન' મુકાયું છે કે નહીં તે જોતા રહેવાનું. ફિલ્મની શરૂઆતનાં ટાઈટલ્સમાં એમને 'લેંગ્વેજ ડિરેક્ટર' તરીકે ક્રેડિટ પણ આપવામાં આવતી હતી!

હવે થયું એવું કે મદ્રાસ (હવે ચેન્નાઈ)ના એક સ્ટુડિયોના બાજુબાજુના બે ફ્લોરમાં બબ્બે ફિલ્મોનાં શૂટિંગ ચાલે. બન્નેમાં એક્ટરો સરખા: જિતેન્દ્ર, શ્રીદેવી, જયાપ્રદા, શક્તિ કપૂર, કાદર ખાન! આ બન્ને ફિલ્મોના સંવાદ લેખક કાદર ખાન પોતે જ હતા. એ જમાનામાં તો એવી પદ્ધતિ હતી કે સંવાદો છેક છેલ્લી ઘડીએ જ લખાતા હતા. એટલે કાદર ખાને આગલી રાતે બન્ને અલગ અલગ ફિલ્મોના અલગ અલગ દૃશ્યો માટે સંવાદો લખી નાખ્યા. સવારે આસિસ્ટન્ટો તે લઈને પણ ગયા.

બીજા દિવસે કાદર ખાનનું શૂટિંગ બપોર પછી હતું. એટલે તે નિરાંતે ભોજન કરીને, આરામ કર્યા બાદ સેટ ઉપર પહોંચ્યા. અહીં આવતાંની સાથે એમને જે સંવાદોની સ્ક્રિપ્ટ આપવામાં આવી તે જોઈને કાદર ખાન ચોંકી ગયા! કેમ કે આ તો પેલી બીજી ફિલ્મનું દૃશ્ય હતું!

હવે? છતાં કાદર ખાન ચૂપ રહ્યા. આખું શૂટિંગ પતી જવા દીધું. પછી રાતે બન્ને ફિલ્મોના પ્રોડ્યુસરો અને ડિરેક્ટરોને બોલાવીને કીધું કે 'એક કામ કરો, તમે શૂટ કરેલાં રિલ્સની અદલાબદલી કરી લો!'

એ સમયે બપ્પી લાહિરી પણ સાઉથના ફેવરિટ હતા. ત્યાં બનનારી હિન્દી રિ-મેકમાંથી અડધો અડધ ફિલ્મો બપ્પી લાહિરી પાસે આવતી હતી. આમાં એક કિસ્સો એવો બન્યાનું કહેવાય છે કે સાઉથના એક નાના પ્રોડ્યુસરની આવી એક ફિલ્મ કોઈ કારણસર વચ્ચેથી અટકી પડી. એમાં થોડા દૃશ્યો અને બે ગાયનો શૂટ થયેલાં પડયાં હતાં. પણ એનું કરવું શું?

ઊડતી ઊડતી આ વાત કાદર ખાન પાસે પહોંચી. કાદર ખાને રસ્તો બતાડયો. 'બન્ને ગાયનોમાં જિતેન્દ્ર અને જયા પ્રદા છે ને? અને બન્ને રોમેન્ટિક ગાયનો જ છે ને? તો એને હું કોઈ બીજી ફિલ્મોમાં ફીટ કરી આપીશ!'

આમ જોવા જાવ તો આ ખૂબ જ સહેલું હતું, કેમ કે ગાયનોમાં ન તો બીજા પાત્રો હોય. ન તો સ્ટોરી આગળ ચાલતી હોય... અને પરદા ઉપર ઊટીના પહાડો અથવા દક્ષિણનો દરિયા કિનારો હોય! હા, બપ્પી લાહિરીને બે ગાયનનો 'લોસ' થયો કહેવાય.

સાઉથની આ ફિલ્મો 'કાર્ડ-બોર્ડ-કેરેક્ટર્સ' માટે જાણીતી હતી. મતલબ કે પાત્રોમાં ખાસ ઊંડાણ ના હોય. ઈન્સ્પેક્ટર ઈન્સ્પેક્ટર જેવો જ હોય. આવામાં મુંબઈની એક સારી અભિનેત્રીને રાજેશ ખન્નાની મા બનવાનું હતું.

એણે જઈને ડિરેક્ટરને પૂછયું:

*'મૈં કૈસી મા હું? ક્યા મૈં ઈમોશનલ હું?'*

જવાબમાં ડિરેક્ટરે સિગારેટની રાખ ખંખેરતાં કહ્યું :

*'કુછ નહીં.. તુમ રાજેશ ખન્ના કી મા હો!'* ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## આમિર ખાનના સિતારા યુટ્યૂબ પર...




આમિર ખાનની 'સિતારે ઝમીન પર' ૨૦ જૂને થિયેટર્સમાં રિલીઝ થવાની છે. આમિર આમ પણ પોતાની ફિલ્મોના વિષયની પસંદગીને લઈને 'ચીકણો' હોવાની ચર્ચા સામાન્ય છે. જોકે, હવે આમિરે પોતાની આ ફિલ્મને વધુને વધુ દર્શકો સુધી પહોંચાડવા માટે સાવ અલગ જ વિકલ્પની પસંદગી કરી છે.

સામાન્ય રીતે બોલીવૂડની ફિલ્મો હીટ જાય કે ફલોપ પણ ચારેક મહિના બાદ કોઈને કોઈ ઓટીટી પ્લેટફોર્મ પર જોવા મળી જ જાય છે. આને લઈને આમિરનો વિચાર સાવ અલગ છે. આમિરનો વિચાર એવો છે કે એની આ આવનારી ફિલ્મ કોઈ ઓટીટી પર નહીં પરંતુ યુટ્યૂબ પર આવે.

હવે આમ કેવી રીતે થશે એ સમજીએ. 'સિતારે ઝમીન પર' થિયેટરમાં રિલીઝના આઠ અઠવાડિયા બાદ યુટ્યૂબ ઉપર આવશે, તો યુટ્યૂબ પર આ ફિલ્મ કેવી રીતે જોઈ શકાશે? તો આમિરે આના માટે 'પે-પર-વ્યૂ'નો આઈડિયા લગાવ્યો છે. એટલે કે ઓટીટી પર આપણે જે મહિને, છ મહિને કે વર્ષે એક વખત સબસ્ક્રિપ્શન ભરીને મન ભરીને ફિલ્મ જોઈ શકતા હતા એવું અહીં નહીં થાય. અહીં તમારે 'સિતારે ઝમીન પર' જેટલી વખત જોવી હશે એટલી વખતે નક્કી કરેલા પૈસા ભરવા પડશે.

આમિર ખાનનો આ નિર્ણય યોગ્ય છે કે નહીં અથવા તો સફળ જશે કે નહીં એ તો સમય આવ્યે ખબર પડશે, પરંતુ તે ક્રાંતિકારી જરૂર છે. શક્ય છે કે આપણે ભવિષ્યમાં આ રીતે 'પે-પર-વ્યૂ' દ્વારા અન્ય ફિલ્મો પણ જોવા લાગીએ !

## સોનુ, તને પોલીસ પર ભરોસો નહીં કે?



સોનુ નિગમે થોડા સમય અગાઉ બેંગલૂરુમાં એક કોન્સર્ટ આયોજિત કર્યો હતો. આ કોન્સર્ટમાં સોનુની એક ટિપ્પણીએ એને તકલીફમાં મૂકી દીધો છે. વાત એમ બની હતી કે સોનુના કોન્સર્ટ દરમિયાન દર્શકોમાંથી 'કન્નડ કન્નડ' એવી બૂમો પડી હતી. એનો સીધો અર્થ એ હતો કે સોનુ નિગમને કન્નડમાં ગીત ગાવાનું કહેવામાં આવી રહ્યું હતું, પરંતુ સોનુ નિગમે તેનો અવળો અર્થ લઈને તેને હાલમાં પહેલગામ ખાતે બનેલી આતંકવાદી ઘટના સાથે જોડી દીધું. એવું નથી કે સોનુ નિગમને કન્નડમાં ગીત ગાતા નથી આવતું. સોનુએ કન્નડ ભાષામાં અનેક પણ વધુ ગીતો ગાયા છે.

અને તેમાંથી અમુક તો યાદગાર બની ગયા છે, પરંતુ સોનુની એ ટિપ્પણીથી કર્ણાટકની એક ડિસ્ટ્રીક્ટના પ્રમુખ ધર્મરાજ એ.ની લાગણી આહત થઇ ગઈ છે. ધર્મરાજભાઈએ બેંગલૂરુના અવલાહ૯૧લી પોલીસ સ્ટેશનમાં સોનુ નિગમ વિરુદ્ધ એફ.આઈ.આર નોંધાવી દીધી છે. આ ફરિયાદમાં સોનુ વિરુદ્ધ શાંતિનો ભંગ, જાહેરમાં તોફાન કરવા માટે પ્રેરિત કરવા, અને કન્નાડીગા સમાજનું અપમાન કરવું અને ભાવનાત્મક રીતે તેમની ઉશ્કેરણી કરવા જેવા આરોપ મુકવામાં આવ્યા છે. આ ફરિયાદ બાદ કર્ણાટક પોલીસે સોનુને ઉપરોક્ત પોલીસ સ્ટેશનમાં હાજર થઈને પોતાનું નિવેદન લખાવવાની નોટિસ ફટકારી છે.

સોનુ ત્યાં જશે કે નહીં તે ખબર નથી, પરંતુ એણે ઇન્સ્ટાગ્રામ પર એક લાંબીલચક પોસ્ટ લખીને કન્નડ લોકોની માફી જરૂર માગી લીધી છે. તો એનો અર્થ એવો થાય કે સોનુને કર્ણાટક પોલીસ ઉપર ભરોસો નથી? સોચો... સોચો!

## આ વળી નવું ....ત્રીજી 'હેરાફેરી'નું ટીઝર IPLમાં !




સુનીલ શેટ્ટી હાલમાં બહુ બિઝી છે. એની આવી રહેલી ફિલ્મ 'કેસરી વીર'ના પ્રમોશનમાં તો તે વ્યસ્ત હોવા છતાં એના જણાવ્યા મુજબ 'હેરાફેરી'ના ત્રીજા ભાગનું શૂટિંગ પણ શરૂ થઇ ગયું છે. તેનું ટીઝર પણ તૈયાર થઇ રહ્યું છે. સુનીલ શેટ્ટીના કહેવા અનુસાર હાલમાં ચાલી રહેલી IPL દરમિયાન જ 'હેરાફેરી-૩'નું ટીઝર આપણને બધાને જોવા મળશે.

સુનીલ શેટ્ટીએ ઉમેર્યું છે કે 'હેરાફેરી' ફ્રેન્ચાઇઝીની ટીમ ભલે એક છે, પરંતુ તેની વાર્તા સાવ અલગ છે. અત્યારસુધી 'હેરાફેરી' ના બે ભાગ ૨૦૦૦ અને ૨૦૦૬માં આવી ગયા છે, પરંતુ ફક્ત તેનો પહેલો ભાગ પ્રિયદર્શને ડીરેક્ટ કર્યો હતો.

એક રીતે જોવા જઈએ તો 'હેરાફેરી' ફ્રેન્ચાઇઝીના ફેન્સમાં અત્યારથી જ રાજુ, શ્યામ અને બાબુરાવને મળવાની ઇન્તેજારી છે, કારણકે આ ત્રીજા ભાગનું ડિરેક્શન પણ પ્રિયદર્શન જ કરવાના છે. ■

**કટ એન્ડ ઓકે..**

*'બબીલે વિવાદાસ્પદ વીડિયોમાં જે કહ્યું છે તે આખો જોઇને તમારું મંતવ્ય નક્કી કરો, પ્લીઝ.'*

*- પોતાના સાથીદારો વિશે એક વીડિયોમાં વટાણા વેરી નાખનારા ઈરફાન ખાનના પુત્ર બબીલના બચાવમાં આવ્યો એનો પરિવાર.*


શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ફિલ્મ્સ નહીં... ફેમિનિઝમની બોલબાલા!

## ગ્લોબલ લેવલ પર સ્ત્રી આધારિત ભારતીય મૂવીઝની લોકપ્રિયતા વધી રહી છે


ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રી કોરોનાકાળ પછી સિનેમા સુધી દર્શકોને લાવવામાં જોઈએ તેટલી હજુ સુધી સફળ થઈ નથી. એ સમસ્યાના ઉકેલરૂપે દક્ષિણ ભારતની ફોર્મ્યુલા આખી ઇન્ડસ્ટ્રીએ અપનાવી હોય તેવું લાગી રહ્યું છે. એ ફોર્મ્યુલા એટલે માચો મેનની મસાલા એક્શન. દર્શકોને આકર્ષવા માટે હીરોઇઝમનો ઉપયોગ કરીને લાર્જર ધેન લાઈફ ફિલ્મ્સ બનાવવાનો પ્રયાસ 'સાલાર', 'સિકંદર', 'કેજીએફ', 'જાટ', વગેરે ફિલ્મ્સ થકી કરવામાં આવી રહ્યો છે.







આ બધા વચ્ચે રસપ્રદ વાત એ છે કે સંઘર્ષ કરતી ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રી તરફ ગ્લોબલ ઓડિયન્સની નજર હમણાંથી વધુ પડવા લાગી છે, પણ તેનું કારણ આ માચો મસાલા ફિલ્મ્સ નથી, પણ ફેમિનિઝમ છે. જ્યારે ભારતીય મેનસ્ટ્રીમ ફિલ્મ ઇન્ડસ્ટ્રી હજી પણ ફોર્મ્યુલા આધારિત હીરો-સેન્ટ્રિક વાર્તા પર આધાર રાખી રહી છે, ત્યારે આપણા દિગ્દર્શિકાઓની મહિલાની વાર્તાઓ કહેતી ફિલ્મ્સ આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ભારતીય સિનેમાની છાપ ઊભી કરી રહી છે.







પાયલ કાપડિયા, શૂચિ તલાટી, કિરણ રાવ અને સંધ્યા સુરી જેવી ફિલ્મમેકર્સનાં નામો હવે માત્ર ફિલ્મ ફેસ્ટિવલ્સના કેટલોગ પૂરતાં નથી રહ્યાં, પણ વૈશ્વિક સમીક્ષકો અને ફિલ્મપ્રેમીઓના મનમાં ઊંડું સ્થાન બનાવી ચૂક્યાં છે. પાયલ કાપડિયાની ફિલ્મ 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ'એ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ગ્રાન્ડ પ્રી (સર્વોચ્ચમાંથી બીજા ક્રમનો પુરસ્કાર) જીતીને જે ઇતિહાસ રચ્યો, એ માત્ર વ્યક્તિગત જીત નહીં, પણ આખી ઇન્ડસ્ટ્રી માટે ગૌરવની વાત છે. મરાઠી અને હિન્દીમાં બનેલી આ ફિલ્મમાં બે મહિલા નર્સની વાત છે. પાયલ કાપડિયાની સિનેમેટિક ભાષા વાર્તાને પડદા પર વહેવા દે છે. ધીમા દૃશ્યો, લાંબા ટેક અને અવાજોની અંદર દફનાયેલી લાગણીઓથી દર્શકોને એ પોતાના વિચારોમાં ખેંચી લે છે.

એ જ રીતે, શૂચિ તલાટીની ફિલ્મ 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ' એક હિમાલયન સ્કૂલમાં વિકસતી એક ટીનેજરની ઓળખ યાત્રા છે. એ ફિલ્મે પણ તાજેતરમાં 'સન્ડાન્સ ફિલ્મ ફેસ્ટિવલ'માં બે પુરસ્કાર જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. આ ફિલ્મ પણ પોતાના વિષય પર એટલી દ્રઢતાથી ઊભી રહે છે કે દૃશ્ય પરથી નજર હટાવવી મુશ્કેલ બને. શૂચિએ પોતાના કોલેજકાળમાં જે વાર્તા કાગળ પર લખી હતી, તેના પરથી ફિલ્મ બનાવી છે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે આ ફિલ્મના સહપ્રોડ્યુસર તરીકે રિચા ચઢ્ઢા અને અલી ફઝલ જેવા કલાકારો જોડાયા છે. જાણીતા એક્ટર્સ અલગ વિષયને આ રીતે પણ પ્રોત્સાહન આપે એ જરૂરી છે.

હવે વાત કરીએ કિરણ રાવની. કિરણ રાવે લગભગ દશક પછી ફિલ્મ દિગ્દર્શનમાં પુનરાગમન કર્યું અને એની ફિલ્મ 'લાપતા લેડીઝ' પહેલાં ફિલ્મ ફેસ્ટિવલ્સ, પછી થિયેટર અને એ પછી ઓટીટી પ્લેટફોર્મ પર ખૂબ લોકપ્રિય થઈ.

ફિલ્મ 'લાપતા લેડીઝ' ગામડાની બે પરિણીત સ્ત્રીની કહાની છે, જેની લગ્ન પછી તરતની ટ્રેન યાત્રા દરમિયાન એકબીજાથી બદલી થઈ જાય છે. કિરણ રાવના સિનેમામાં હંમેશાં માનવતાની વાત રહી છે, પણ આ વખતે એમાં તીખી નારી સામાજિક ટીકા પણ કરે છે. ફિલ્મે 'નેટફ્લિક્સ' ઇન્ડિયામાં ટોપ ૧૦માં ઘણા સપ્તાહ સુધી સ્થાન જાળવી રાખ્યું, એટલું જ નહીં, ભારત તરફથી ઓસ્કર માટેની એન્ટ્રી તરીકે પણ પસંદ થઈ હતી.

મહિલા કેન્દ્રિત ફિલ્મ્સની બોલબાલાનું આ લિસ્ટ અહીં અટકતું નથી. બ્રિટિશ-ઇન્ડિયન દિગ્દર્શિકા સંધ્યા સુરીએ બનાવેલી હિન્દી ફિલ્મ 'સંતોષ' યુકે તરફથી ઓસ્કાર માટેની એન્ટ્રી બની હતી અને ઓસ્કર્સમાં ઓફિશિયલ લિસ્ટમાં શોર્ટલિસ્ટ પણ થઈ હતી. હા, 'સંતોષ' એ ભારત પરની ફિલ્મ ખરી, પણ ભારતે બનાવેલી ફિલ્મ ન કહી શકાય. સંધ્યા ભૂતપૂર્વ ડોક્યુમેન્ટરી પ્રોડ્યુસર રહી છે, તેમ છતાં 'સંતોષ' જેવી ફિલ્મ બનાવવી એ એક મર્દાના પગલું હતું, કેમ કે ગામડાંની સ્ત્રી અને જાતિવાદની વાત કહેતી આવી ફિલ્મ્સ બોક્સ ઓફિસને ટાર્ગેટ નથી કરતી હોતી.

આ તમામ ફિલ્મ્સ અને સિદ્ધિઓ કોઇ અચાનક બનેલી ઘટના નથી. આ બદલાતા સમયની નિશાની છે. જે રીતે આ બધી જ ફિલ્મ્સ વિશ્વ મંચ પર રજૂ થઈ અને લોકપ્રિયતા મેળવી એ પછી તેમાં રહેલી કેટલીક કોમન વાત પર પણ નજર કરી એમાંથી શીખ મેળવવી ઇન્ડસ્ટ્રી માટે જરૂરી જ છે. સ્ત્રી દ્રષ્ટિકોણથી કહેવાયેલી સ્ત્રીની સંવેદનશીલ કહાનીઓ, મેનસ્ટ્રીમ સિનેમાની બાહ્ય ચમકથી દૂર, વધુ આંતરિક સંઘર્ષ અને ભાવનાઓ પર આધારિત કથાવસ્તુ લોકોને સ્પર્શે છે તેની નોંધ નિર્માતોઓએ લેવી રહી.

આ ફિલ્મ્સનો સાથ આપતા દર્શકો પણ બદલાઈ રહ્યા છે. દર્શકો ઓટીટી પર પણ આવી ફિલ્મ્સ શોધી શોધીને જોઈ રહ્યા છે અને એ ફિલ્મ્સને સોશિયલ મીડિયામાં પણ સપોર્ટ કરી રહ્યા છે. અહીં સિનેમા ફક્ત મનોરંજન માટે નહીં, પણ સમજવા અને અનુભવવા માટે નિમિત્ત બને એ દરેક ઘટના મનોરંજન દેવ તરફથી આવકાર્ય જ છે.

ભારતીય મહિલા દિગ્દર્શિકા સ્ત્રીઓની લાગણીભીની વાર્તાઓ થકી સાબિત કરી દીધું છે કે ઓરિજિનલ અવાજ થકી અર્થપૂર્ણ ફિલ્મ બનાવી પણ શકાય છે, જે દર્શકોને પસંદ પણ પડે. આ અવાજ ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીના મુખ્ય પ્રવાહથી કદાચ અલગ છે, પણ હવે એ પ્રવાહને જ પલટાવી શકે એવી શક્તિ પણ ધરાવે છે!

### લાસ્ટ શોટ

*જોગાનુજોગ એક્ટ્રેસ કની કુસ્રુતી 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' અને 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ' આ બંને ફિલ્મ્સ અને એક્ટ્રેસ છાયા કદમ 'લાપતા લેડીઝ' અને 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' ફિલ્મ્સમાં છે.*


# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ ફિલ્મોનાં એક ગીતની પહેલી પંક્તિમાં કોઈ હીરોઇનનું નામ આવે છે એ ગીત અને હીરોઇનનું નામ કહો.**

૧) દો રાસ્તે
૨) સ્વર્ગ- નરક
૩) કહી પ્યાર ના હો જાયે
૪) જાને તુ યા જાને ના
૫) રોજા
૬) જોડી બ્રેકર
૭ ) અધિકાર




## ક્વિઝ (બ)

**આ નાયિકાઓએ કઈ મહિલાઓની જીવનકથા પર આધારિત ફિલ્મમાં અભિનય કર્યો છે?**

૧) પ્રિયંકા ચોપરા
૨) સોનમ કપૂર
૩) દીપિકા પદુકોણ
૪) વિદ્યા બાલન
૫) સીમા બિશ્વાસ
૬) જાહ્નવી કપૂર
૭) પરિણીતી ચોપરા



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'



# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# જીવી લઈએ એ જ 'જિંદગી'... વીતે એને 'વખત' કહેવાય!

મા.મા.લ.પા. (માણસ માત્ર લફરાને પાત્ર) તો સફળતાની સીડી સડસડાટ ચઢવા માંડ્યું, જેની કલ્પના જ નહોતી કરી.

વાત મધરાત..ની ટિકિટ, જે સૌથી વધુ ૪૦ રૂપિયાની હતી એ ૧૦૦ રૂ.માં બ્લેક થતી હતી. મા.મા.લ.પા.ની ટિકિટ પણ ખૂબ બ્લેક થતી. જોવાની ખૂબી એ વાતની હતી કે નાટકના વિષયને કારણે કોઈ સામાજિક સંસ્થા આ નાટકનાં પ્રાયોજિત શો ગોઠવતી નહીં, પણ સંસ્થા સાથે સંબંધોના કારણે એ સંસ્થાનાં કર્તા-હર્તા નાટક જોવા ગોઠવાઈ જરૂર જતાં.

પછી તો આ નાટકને રવિવારની તારીખો પણ મળતી. (રમઝાન ઈદ, બકરી ઈદ, મોહરમ, શિવરાત્રી વગેરે.. બેંક હોલીડેની તારીખો પણ મળતી) નાટક એટલું પ્રેક્ષણીય બન્યું કે કોઈ પણ થિયેટરમાં રજૂ કરો, હા.ફૂ. નું બોર્ડ લટકી જતું. મને એક દિગ્દર્શક તરીકે ખબર નહોતી પડતી કે આ નાટકમાં એવી કઈ વસ્તુ પ્રેક્ષકોને અપીલ કરી ગઈ હશે.!

મારી નિષ્ઠા માટે મને જાત પર વિશ્વાસ હતો તો ડોલર પટેલ અને નવોદિત સુભાષ ખન્ના પણ એકદમ પારદર્શકતા ધરાવતા નિર્માતા હતાં. મને લાગે છે જેની મતિ અને ગતિ સત્યની છે એનો રથ આજે પણ કૃષ્ણ ચલાવતાં હશે.

ડોલરનો તો સ્વભાવ જ બિનધાસ્ત. હોય તો ઈદ નહીં તો રોઝા. ઘણાની ફરિયાદો પણ રહેતી કે લીધેલા પૈસા એ સમયસર પાછા આપતા નથી. એક વાત હતી, પૈસા આપતા ભલે સમય લે, પણ પૈસા ડૂબે નહીં. એનું વ્યક્તિત્વ જ એવું, ચાલો તો એવી રીતે ચાલો કે તમે એક 'રાજા' હો, નહીં તો એવી રીતે ચાલો કે શું ફરક પડે, કોઈ પણ 'રાજા' હોય.

આ ફિલોસોફીમા ડોલરનું આખું વ્યક્તિત્વ આવી ગયું, છતા એનાથી હેરાન થનાર અને એને ગાળો દેનાર પણ ઘણાં.

પણ 'રાજા' ને કોઈ ફરક ક્યારેય પડ્યો નહીં, સિરિયલની લમણાઝીકમાં કે નાટકની માથાકૂટમાં.




નાટક ધોધમાર વરસતું રહ્યું. ક્યારેક પાછું 'ગુજરાત'નું ભૂત ધુણવા લાગતું, પણ ૩૫ રૂપિયાની સિલિન્ગનું 'સરવૈયું' સમજાવી ઉઠતા આવેગને શાંત પાડી દેતા.

દરમિયાન, મારા અભિનયનાં દરવાજા થોડો વખત બંધ રહ્યાં હતા. આકાશવાણી-ઓલ ઇન્ડિયા રેડિયોનાં એક રેકોર્ડિંગમાં અમારા 'બહુરૂપી' સંસ્થાનાં સિનિયર અને સૌના લાડકા 'મામા' દીનું ત્રિવેદી મળ્યાં. જતીન કાણકિયા એટલે અદ્ભુત કલાકાર.. ખબર નહીં, મારા માટે એને પહેલેથી લાગણી. એની સાથે પછી તો સિરિયલો પણ કરી, એ વાત ફરી ક્યારેક. એણે જાણ્યું કે રેકાર્ડિંગમાં દાદુ પણ છે, તો આઈ.એન.ટી.નાં નાટકમાં, જેમાં દીનું ત્રિવેદી હતા એ નાટકના એક પાત્ર માટે જતીને ખાસ સુરેશ રાજડાને મળવા મામા દ્વારા જણાવ્યું.

રેકોર્ડિંગ પતાવી હું દીનુમામા સાથે જ ગર્ટન-ગ્રાન્ટ રોડ પહોંચી ગયો. જતીનને કારણે આઈ. એન.ટી. જેવી માતબર સંસ્થા સાથે મારો રોલ ફાઈનલ થઇ ગયો. મારું આ સંસ્થા સાથે પહેલું અને છેલ્લું નાટક. અનુભવે કહું છું કે સરવાળા બધે સારા નથી હોતા અમુક વખતે આગળ વધવા બાદબાકી પણ કરવી પડે...

ખેર, દીપક ઘીવાલા, રાગીણી, દીનું ત્રિવેદી, ઈલા દોશી, સુરેશ રાજડા, કિરણ ભટ્ટ વગેરે..એ કલાકારોનાં કાફલામાં મારો ઉમેરો. નાટક હતું 'બે દુની પાંચ'.

દિગ્દર્શક સુરેશ રાજડા. આવી માતબર અને નામી સંસ્થા માટે હું સાવ નવો હતો. સંસ્થા વિષે સાંભળેલું એ વિષે કલ્પનાનાં ઘોડા દોડાવતો રહ્યો. અનુમાન આપણા મનની કલ્પના છે, અનુભવ આપણા જીવનનો પાઠ...એ વિશે આગળ ઉપર..

મા.મા.લ.પા. નાં શોઝમાં હવે જવાનું ઓછું થઈ ગયું. હા, સમય મળે ચોક્કસ પહોંચી જતો. મારું અભિનિત નાટક પણ રિલીઝ થઈ ગયું. ખૂબ સફળ રહ્યું. રહે જ, માતબર સંસ્થાનું પીઠબળ અને સારું ટીમવર્ક. મને હવે કલાકાર અને દિગ્દર્શક, એમ બેવડા 'કવર' મળવા લાગ્યા. બહુ સારું લાગતું અને આ ખુશી ચાલુ રહે, બસ! જીવી લઈએ એ જ જિંદગી. વીતે એને 'વખત' કહેવાય. હું 'વખત' 'જીવી' રહ્યો હતો પણ સાથે નાના-મોટા શૂટિંગ પણ ચાલતા રહેતા.

માણસ 'બિઝી' રહે એટલે શું? એ વાત મને આ સમયગાળામાં સમજાતી હતી. જેમ નામ મોટું હોય એમ બધું જ મોટું હોય. હું સુરેશ સાથે 'બે દુની..' કરતો પણ કોને ખબર, કંઈક ખૂટતું લાગતું. 'બે દુની..'માં હોઉં ત્યારે 'મા.મા.લ.પા.'ના વિચારે ચડી જતો અને વાઈસે-વરસા. આ સ્થિતિમાં મારે જ મારી જાતને 'બેલેન્સ' કરવી પડે. પોતાનાં પડછાયાનું નિર્માણ કરવું હોય તો પોતે જ તડકામાં ઊભા રહેવું પડે.

ખેર, ગાડી બંને નાટકોની ચાલતી રહેતી. હું જયારે 'બે દુની..' માં અટવાયો હોઉં ત્યારે ઉમેશ પારેખ મા.મા.લ.પા. સંભાળી લેતો એ મારે માટે મોટો 'હાશકારો' હતો.

મા.મા.લ.પા.નું ગુજરાતનું લાઈસન્સ અમુક કટ્સ સાથે આવી ગયું. એ કામ અમદાવાદમાં ધનજી સોલંકી સંભાળતા.

ગુજરાતના ઉભા થતા આનલને માંડ ઠાર્યો.

દરમિયાન અહીંયા તો મા.મા.લ.પા. હા.ફૂ.નાં બોર્ડ ઝુલાવતું રહેતું. તો 'બે દુની..' પણ હા.ફૂ. નાં પાટીયા ઝુલાવતું.

એમાં સારી સ્ટાર-કાસ્ટ અને જાણીતી સંસ્થા કારણભૂત હતી, જયારે ડોલરના નાટકમાં 'વિષય' જે લોકોને ગમી ગયેલો.

મારું મન આ મોટી સંસ્થા સાથે મુંજાતું હતું. વાંક કોઈનો નહોતો, વાંક કદાચ મારો જ હશે કે હું 'કનેક્ટ' નહોતો થઈ શકતો. આખું વાતાવરણ મને 'પોલિટિકલ' લાગ્યા કરતું. મારી ભૂલ મારે જ સુધારવાની હતી. પોતાના માઈનસ પોઈન્ટ જાણી લેવા એ જિંદગીનો સૌથી મોટો પ્લસ-પોઈન્ટ હશે.

**ડબ્બલ રિચાર્જ**

*પત્ની બોલતી હોય ત્યારે શાંત રહેવું...*
*પત્ની શાંત હોય ત્યારે બોલવું નહીં...*

ફોકસ

મનોજ પ્રકાશ

# બોલિવૂડના બિનધાસ્ત અભિનેતા જાણે છે કઈ રીતે હેડલાઈનમાં ચમકવું

મોટાભાગના બોલિવૂડના સિતારાને કઈ રીતે પબ્લિસિટી મેળવવી તેનું જ્ઞાન હોય છે અને આ બધું ખૂબ જ કોમન થઈ ગયું છે. તેઓ નિર્માતા કે નિર્દેશક હોય, અભિનેતા કે અભિનેત્રી હોય કે પછી કોઈ અભિનેતાનો બોડી ગાર્ડ જ કેમ ન હોય.

ઘણા એવા કલાકાર છે કે તેઓ મારપીટ કરીને પબ્લિસીટી મેળવે છે તો ઘણાં કલાકારો એવા છે કે જે ખરા ખોટા સ્ટેટમેન્ટ આપી નાના પરદા પર પણ પોતાની ઉપસ્થિતિ બતાવવાનું ચૂક્તા નથી. સાચું કહીયે તો પબ્લિસીટીની ભૂખે મોટાભાગના કલાકારોને માત્ર મોટી મોટી વાતો કરતા કરી મૂકયાં છે કે જે પોતાની ઈમ્પ્રેશન મોટી અને સારી કરવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે. હાલમાં જ ઉર્વશી રોતેલા અને અનુરાગ કશ્યપે એવા સ્ટેટમેન્ટ આપ્યા છે જેને હિસાબે આખું ફિલ્મ જગત આશ્ચર્યચકિત છે. આ લોકોએ પહેલી વાર આવા સ્ટેટમેન્ટ આપ્યા છે એવું નથી પરંતુ તેઓ પહેલેથી મોટી મોટી વાતો કરવામાં હોશિયાર છે. અનુરાગ કશ્યપે તેમની 'ફુલે' ફિલ્મ રિલિઝ થવા પહેલા બ્રાહ્મણો વિરુધ્ધ ખૂબ ખરાબ કહયું હતું. તેમના સ્ટેટમેન્ટને લીધે બ્રાહ્મણો તેમનું મોઢું કાળું કરવા માટે તૈયાર છે જેને માટે તેમણે એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. વિરોધ વધતા અનુરાગ કશ્યપે માફી પણ માંગી છે. અનુરાગ તો ઠીક, ઉર્વશી રોતેલાએ તો પોતાને દેવી માતાનો દરજજો આપ્યો છે. તેણે કહ્યું ઉત્તરાખંડમાં તેના નામનું મંદિર છે.

ઉર્વશીએ જે મંદિરની વાત કરી તે બદ્રીનાથ પાસે બામણી ગામ પાસે આવેલું છે. આ વાત ભલે આમ જ કહેવામાં આવી હોય પરંતુ સનાતન ધર્મના અનુયાયીઓ ખૂબ જ રોષે ભરાયા છે. ઉર્વશી હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ 'જાટ'માં દેખાઈ હતી.

આવા કેટલાય અભિનેતા છે જે પોતાની ફિલ્મ માટે કાંઈ પણ બોલીને વિવાદ સર્જે છે. કરણ જોહર, મહેશ ભટ્ટ, અનુરાગ કશ્યપ, રામ ગોપાલ વર્મા, રાખી સાવંત, આમિર ખાન, શાહરુખ ખાન, કપિલ શર્મા, પરેશ રાવલના નામ સાથે આ લિસ્ટ ઘણું લાંબુ છે.


ઉર્વશી રોતેલા


અનુરાગ કશ્યપ

કંગના તો પોતાની મુફાટ ભાષાથી એટલી પ્રચલિત છે કે, તેની ફિલ્મો કરતાં તેણે શું કીધું તેનો વિવાદ વધારે થાય છે. દિલ્હીમાં થયેલ ખેડૂત આંદોલન માટે તેમનું કહેવું હતું કે, ૧૦૦ - ૧૦૦ રૂપિયા માટે મહિલાઓ આ આંદોલન માટે ઊભી રહી છે. આ વાત પર સીઆઈએસએફની મહિલા ઓફિસરે તેને થપ્પડ પણ મારી હતી કે જે મહિલા ઓફિસર ત્યાં રક્ષણ સલામતીનું કામ કરે છે. આના પરથી એમ તારણ નીકળી શકે કે, આ બેફિકરા બિનધાસ્ત કલાકારો ક્યાંય પણ સુરક્ષિત નથી.

એ વાત અલગ છે કે, હિન્દી ફિલ્મના દર્શક આ બધી જ વાતો જલ્દીથી ભૂલી જાય છે અને ફિલ્મ માણે છે તેથી જ શાહરુખ ખાન અને અક્ષય કુમારની ફિલ્મ સો કરોડની ફિલ્મમાં શામિલ થાય છે. આ બેફિકરા અને બિનધાસ્ત અભિનેતાઓથી બોલિવૂડપર શી અસર પડશે તેની પર પણ નજર નાખીયે.

જ્યારે કોઈ નિર્માતા-નિર્દેશક કે પછી અભિનેતા કે અભિનેત્રી આવાં વિવાદસ્પદ વાક્યો કહે છે ત્યારે તેની સીધી કે આડકતરી અસર તેમની ફિલ્મની કમાઈ પર થાય છે. જો કોઈ જાતિ વર્ગને લઈને વિવાદ હોય તો દર્શકો આવી ફિલ્મ જોવાનું ટાળે છે તે ઉપરાંત થીએટરમાં તોડફોડ કરતાં અચકાતા પણ નથી. આને લીધે ફિલ્મને લઈને જે ઓપનિંગ મળવી જોઈએ તે મળતી નથી અને શરૂઆતથી જ ફિલ્મ વિવાદોમાં ફસાઈ જાય છે. આ બધું થયા પછી બેફિકરા અને બિનધાસ્ત નિર્માતા-નિર્દેશક કે પછી અભિનેતા - અભિનેત્રી પોતાની કરતૂતોની માફી માંગી લે છે. આવું કરીને તેઓ કઈ રીતે લાઈમલાઈટમાં રહેવું તે સમજી ગયાં છે.




# રોહિતને પોતાની કૅપ્ટન્સી જવા ઉપરાંત ટીમમાંથી બાદબાકી થવાનો પણ અણસાર આવી ગયો હતો?

## ટેસ્ટ ટીમના સુકાનીપદે ગિલનું નામ અગ્રેસરઃ બુમરાહ પર કળશ ઢોળાવાની સંભાવના કેમ નથી?

મુંબઈઃ ૩૮ વર્ષના રોહિત શર્માએ ગયા વર્ષે જૂનમાં ટી-૨૦નો વર્લ્ડ કપ ભારતને અપાવ્યા બાદ ટી-૨૦ ઇન્ટરનૅશનલને ગુડબાય કરી હતી એવી જ રીતે આ વર્ષે (આઇપીએલ પહેલાં) ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતને ટાઇટલ અપાવ્યા પછી તે ટેસ્ટ-ક્રિકેટને અલવિદા કરવા માગતો હતો, પરંતુ કોઈ કારણસર તેણે ત્યારે નિવૃત્તિની જાહેરાત કરવાનું ટાળ્યું હતું. બાકી, તેને ઑસ્ટ્રેલિયામાં નબળા બૅટિંગ-પર્ફોર્મન્સ અને (ભારતની ૧-૩ની હાર બદલ) કૅપ્ટન તરીકેની નિષ્ફળતાને પગલે ત્યારે જ અણસાર આવી ગયો હતો કે ગમે ત્યારે તેને ટેસ્ટ-ટીમમાંથી કાઢી નાખવામાં આવશે અને કદાચ એટલે જ તેણે બુધવારે અચાનક જ ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું.

રોહિતના અનુગામી તરીકે કેટલાક નામ બોલાય છે જેમાં શુભમન ગિલનો ઘોડો આગળ છે.

આઇપીએલની પચીસમી મેએ ફાઇનલ રમાઈ જશે ત્યાર બાદ જૂનમાં ભારતની ટેસ્ટ-ટીમ ઇંગ્લૅન્ડના લાંબા પ્રવાસે જશે જ્યાં પાંચ ટેસ્ટ રમાશે. એ ટૂર માટે અઠવાડિયામાં ટીમ જાહેર થવાની છે અને એમાં નવા કૅપ્ટનનું નામ જાહેર કરવાની સાથે થોડા યુવા તેમ જ અમુક અનુભવી ખેલાડીઓવાળી ટીમની પણ જાહેરાત કરવામાં આવશે.

એવું મનાય છે કે હેડ-કોચ ગૌતમ ગંભીર અને અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની સિલેક્શન કમિટીએ બીસીસીઆઇના મોવડીઓને કહી દીધું હતું કે રોહિતને હવે તેઓ ટેસ્ટ ટીમના કૅપ્ટનપદે નથી જોવા માગતા અને ખેલાડી તરીકે પણ જો પર્ફોર્મન્સ સારો હશે તો જ તેને રમવા મળશે.

ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે કે રોહિતને ટીમમાંથી પોતાની બાદબાકી થવાની ગંધ આવી ગઈ હશે એટલે તેણે પોતે જ ટેસ્ટ ટીમમાંથી બાદબાકી કરી નાખી. બીજી રીતે કહીએ તો ટેસ્ટમાંથી સીધી નિવૃત્તિ જ જાહેર કરી દીધી.

ઉલ્લેખનીય છે કે આઇપીએલની પહેલાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં સિડનીમાં જે છેલ્લી ટેસ્ટ રમાઈ હતી એમાંથી રોહિત પોતે જ (ખરાબ બૅટિંગ પર્ફોર્મન્સ બદલ) ટીમમાંથી નીકળી ગયો હતો.



રોહિતે ૨૦૧૩માં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યા બાદ ૨૦૨૪ની સાલ સુધીમાં ૬૭ ટેસ્ટમાં ૭,૫૩૮ બૉલનો સામનો કરીને ૪,૩૦૧ રન કર્યા હતા જેમાં ૧૨ સેન્ચુરી અને ૧૮ હાફ સેન્ચુરી સામેલ હતી. તેણે સૌથી વધુ ચાર ટેસ્ટ સદી ઇંગ્લૅન્ડ સામે ફટકારી હતી અને કમનસીબે હવે એ દેશ સામે ૨૦મી જૂને શરૂ થનારી સિરીઝ પહેલાં જ તેણે ટેસ્ટને ગુડબાય કરવાનો સમય પસંદ કરવો પડ્યો છે.

ટેસ્ટના કૅપ્ટનપદે રોહિતના અનુગામી તરીકે શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, કેએલ રાહુલ અને રિષભ પંતના નામ ચર્ચાય છે, પરંતુ એ બધામાં ગિલનું નામ અગ્રેસર છે. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી બે વર્ષની સીઝન શરૂ થવાની તૈયારીમાં છે અને એ સીઝનમાં બુમરાહ તમામ મૅચો રમશે એ સંભવ નથી. કારણ એ છે કે બુમરાહને વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે અમુક ટેસ્ટ મૅચોમાંથી આરામ આપવામાં આવશે.

ગિલ હાલમાં આઇપીએલમાં નંબર-વન ટીમ ગુજરાત ટાઇટન્સનું સુકાન બહુ સારી રીતે સંભાળી રહ્યો છે તેમ જ આ ટૂર્નામેન્ટમાં તેણે ૫૦૮ રન પણ કર્યા છે એટલે ભારતની ટેસ્ટ ટીમનો તેને જ કૅપ્ટન બનાવવા માટેના ચક્રો ગતિમાન છે. ■

# યુદ્ધની 'ઇમ્પૅક્ટ': ધરમશાલાની પંજાબ-દિલ્હી મૅચ અધવચ્ચેથી રદ

## આઈપીએલની મૅચો પર 'કાળા વાદળ': પાકિસ્તાન ક્રિકેટ પર પણ યુદ્ધની અસર

ધરમશાલાઃ પાકિસ્તાન સાથેના યુદ્ધના વાતાવરણ વચ્ચે અહીં હિમાચલ પ્રદેશના ધરમશાલા શહેરમાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ) અને દિલ્હી કૅપિટલ્સ (ડીસી) વચ્ચેની આઇપીએલ-મૅચ પાકિસ્તાનના હુમલાને પગલે પહેલાં અટકાવવામાં આવી હતી અને પછી રદ જાહેર કરાઈ હતી. સલામતીના કારણસર સ્ટેડિયમને તરત ખાલી કરવામાં આવ્યું હતું. શુક્રવારે લખનઊ શહેરમાં લખનઊ-બેંગલૂરુ વચ્ચેની મૅચ પણ રમાશે કે કેમ એમાં શંકા છે. આઇપીએલની બાકીની મૅચો વિશે કે શેડ્યૂલ બાબતમાં પણ આગામી દિવસોમાં મોટો નિર્ણય લેવાય એવી સંભાવના છે. રવિવારની મુંબઈ-પંજાબની ધરમશાલા ખાતેની મૅચ અમદાવાદમાં રાખવામાં આવી હોવાની ગુરુવારે બપોરે જાહેરાત કરાઈ હતી.



આ મૅચ કૅન્સલ કરાઈ ત્યારે પ્રથમ બૅટિંગ લેનાર પંજાબનો સ્કોર ૧૦.૧ ઓવરમાં એક વિકેટે ૧૨૨ રન હતો. પ્રિયાંશ આર્ય (૭૦ રન, ૩૪ બૉલ, છ સિક્સર, પાંચ ફોર) ધમાકેદાર ઇનિંગ્સ રમીને આઉટ થયો હતો. તેની અને સાથી ઓપનર પ્રભસિમરન સિંહ (૫૦ નૉટઆઉટ, ૨૮ બૉલ, સાત ફોર) વચ્ચે ૧૨૨ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. દિલ્હીના છ બોલરમાં માત્ર ટી. નટરાજનને એક વિકેટ મળી હતી.

એ પહેલાં, કૅપ્ટન શ્રેયસ ઐયરે દિલ્હી સામેની મૅચમાં ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ પસંદ કરી હતી. વરસાદના વિઘ્નને લીધે રમત એક કલાક મોડી શરૂ થઈ હતી એમ છતાં બન્ને ટીમે ૨૦-૨૦ ઓવરની મૅચ રમવી એવી સૂચના અપાઈ હતી.

પંજાબની ટીમમાં કોઈ ફેરફાર નહોતો કરાયો, જ્યારે દિલ્હીએ વિપ્રજ નિગમના સ્થાને માધવ તિવારીને ટીમમાં સમાવ્યો હતો.

પંજાબ વતી ઓપનરો પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહે બહુ સારી શરૂઆત કરી હતી. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે પંજાબનો સ્કોર સાત ઓવરમાં વિના વિકેટે ૭૯ રન હતો. પ્રિયાંશ ચાર સિક્સર અને ચાર ફોરની મદદથી બનેલા ૫૦ રન પર અને પ્રભસિમરન ૨૮ રને રમી રહ્યો હતો. પ્રિયાંશે પચીસ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી.

દરમિયાન પાકિસ્તાન ક્રિકેટ પર પણ યુદ્ધની અસર થઈ છે. પાકિસ્તાન સુપર લીગના ખેલાડીઓને રાવલપિંડી છોડી જવા પાકિસ્તાન સરકારે આદેશ આપ્યો હતો. ■

# મમ્મી બસ કન્ડક્ટર...પુત્ર બન્યો મુંબઈ ટી-૨૦ લીગનો સૌથી મોંઘો ખેલાડી!

મુંબઈઃ આગામી ૨૬મી મેએ શરૂ થનારી મુંબઈ ટી-૨૦ લીગની ત્રીજી સીઝન માટે બુધવારે ખેલાડીઓના ઑક્શન માટેનો સમારોહ યોજાયો હતો જેમાં સૌથી વધુ ૧૬.૨૫ લાખ રૂપિયાના ભાવે ખરીદવામાં આવેલા સ્પિન-ઑલરાઉન્ડર અથર્વ અંકોલેકરની મમ્મી મુંબઈમાં બસ કન્ડક્ટર છે. તેમણે પતિના નિધન બાદ પરિવારનું ગુજરાન ચલાવવા ઉપરાંત પુત્ર અથર્વને ક્રિકેટર બનાવવા નૈતિક અને આર્થિક રીતે ઘણું બલિદાન આપ્યું હતું.



અથર્વ ૨૪ વર્ષનો છે. તેણે ફર્સ્ટ ક્લાસ સ્તરની મૅચો સહિત તમામ બિન-આંતરરાષ્ટ્રીય ક્રિકેટની કુલ ૩૨ મૅચમાં ૩૨૫ રન કર્યા છે અને ૨૭ વિકેટ લીધી છે. લેફ્ટ-આર્મ સ્પિનર અથર્વના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી સચિન તેન્ડુલકર પણ પ્રભાવિત થયો છે. પાંચ વર્ષ પહેલાં અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં અથર્વએ અસાધારણ પર્ફોર્મ કર્યું હતું અને ભારતને ટ્રોફી અપાવવામાં તેનું મોટું યોગદાન હતું. શ્રીલંકા સામેની ફાઇનલમાં તેણે ૨૮ રનમાં પાંચ વિકેટ લીધી હતી અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો.

અથર્વના પિતા મુંબઈમાં ટ્રાન્સપોર્ટ પબ્લિક સર્વિસમાં નોકરી કરતા હતા. પુત્રને ક્રિકેટર બનાવવામાં તેમનું પણ મોટું યોગદાન છે. તેમણે આઠ વર્ષ સુધી નાઇટ-ડ્યૂટી સ્વીકારી હતી. તેમના ઓચિંતા નિધન બાદ અથર્વની મમ્મીએ ઘર ચલાવવાની જવાબદારી ઉપાડી અને બેસ્ટની બસનાં કન્ડક્ટર તરીકેની નોકરી કરીને પૈસા એકઠાં કરીને પુત્રને મુંબઈ ક્રિકેટમાં અનેરું સ્થાન અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

અથર્વને મુંબઈ ટી-૨૦ લીગ માટેની હરાજીમાં ઇગલ થાણે સ્ટ્રાઇકર્સ ટીમે ખરીદ્યો છે. તેણે આઇપીએલની ચેન્નઈની ટીમના ૧૭ વર્ષીય ઓપનર આયુષ મ્હાત્રેને પણ પાછળ રાખી દીધો હતો.

### મુંબઈ ટી-૨૦ લીગમાં મુખ્યત્વે કોને કઈ ટીમે કેટલામાં ખરીદ્યા?

(૧) ટ્રાયમ્ફ નાઇટ્સ મુંબઈ નૉર્થ-ઈસ્ટઃ (સૂર્યકુમાર યાદવ, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), આયુષ મ્હાત્રે (૧૪.૭૫ લાખ રૂપિયા), સૂર્યાંશ શેડગે (૧૩.૭૫ લાખ રૂપિયા).

(૨) બાંદરા બ્લાસ્ટર્સઃ (અજિંક્ય રહાણે, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), સુવેદ પારકર (૮.૫૦ લાખ રૂપિયા), આકાશ આનંદ (૮.૨૫ લાખ રૂપિયા).

(૩) ઇગલ થાણે સ્ટ્રાઇકર્સઃ (શાર્દુલ ઠાકુર, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), અથર્વ અંકોલેકર (૧૬.૨૫ લાખ રૂપિયા), સાઇરાજ પાટીલ (૧૫ લાખ રૂપિયા).

(૪) મુંબઈ સાઉથ સેન્ટ્રલ મરાઠા રૉયલ્સઃ (તુષાર દેશપાંડે, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), સિદ્ધેશ લાડ (૧૦.૨૫ લાખ રૂપિયા), ઇરફાન ઉમૈર (૯.૨૫ લાખ રૂપિયા)

(૫) આકાશ ટાઇગર્સ મુંબઈ વેસ્ટર્ન સબર્બ્સઃ (સરફરાઝ ખાન, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), શમ્સ મુલાની (૧૪ લાખ રૂપિયા), જય બિશ્તા (૧૨ લાખ રૂપિયા).

(૬) એઆરસીએસ અંધેરીઃ (શિવમ દુબે, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), મુશીર ખાન (૧૫ લાખ રૂપિયા), પ્રસાદ પવાર (૧૩ લાખ રૂપિયા).

(૭) સોબો મુંબઈ ફાલ્કન્સઃ (શ્રેયસ ઐયર, આઇકન પ્લેયર, ૨૦ લાખ રૂપિયા), અંગક્રિશ રઘુવંશી (૧૪ લાખ રૂપિયા), આકાશ પારકર (૧૧.૨૫ લાખ રૂપિયા).

(૮) નૉર્થ મુંબઈ પૅન્થર્સઃ (પૃથ્વી શૉ, આઇકન પ્લેયર. ૨૦ લાખ રૂપિયા), મોહિત અવસ્થી (૧૦.૫૦ લાખ રૂપિયા), તનુષ કોટિયન (૧૦ લાખ રૂપિયા). ■

# આઈપીએલની ટીમોના હેડ-કોચને કેટલો પગાર મળે છે, જાણી લો...

નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં મોટા ભાગના નવા (ઊભરતા) ખેલાડીઓને લાખો રૂપિયામાં અને અનુભવીઓને તેમ જ નજીકના ભૂતકાળમાં કંઈક અસાધારણ પર્ફોર્મ કરી ચૂક્યા હોય એવા ખેલાડીઓને કરોડો રૂપિયામાં ફી મળતી હોય છે અને એ હરાજીમાં ખુલ્લેઆમ જાહેર કરાતું હોય છે.

જોકે આ જ ખેલાડીઓને શાનદાર કારકિર્દી બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હેડ-કોચને આઇપીએલની એક સીઝન રમવાનું કેટલું મહેનતાણું મળતું હોય છે એ ક્યારેય જાહેર નથી થતું.

તો ચાલો, આજે આપણે આઇપીએલ-૨૦૨૫ની સીઝનની દસ ટીમના હેડ-કોચને (એક સીઝનનો) કેટલો પગાર મળે છે એ જાણી લઈએ.

### કઈ ટીમના હેડ-કોચનો કેટલો પગાર?

દ્રવિડ (રાજસ્થાન): ₹ પાંચ કરોડ
ફ્લેમિંગ (ચેન્નઈ): ₹ પાંચ કરોડ
લૅન્ગર (લખનઊ): ₹ ચાર કરોડ
જયવર્દને (મુંબઈ): ₹ ચાર કરોડ
પૉન્ટિંગ (પંજાબ): ₹ સાડાત્રણ કરોડ
ફ્લાવર (બેંગલૂરુ): ₹ સાડાત્રણ કરોડ
પંડિત (કોલકાતા): ₹ સાડાત્રણ કરોડ
નેહરા (ગુજરાત): ₹ ત્રણ કરોડ
વેટોરી (હૈદરાબાદ): ₹ અઢી કરોડ
બદાણી (દિલ્હી): ₹ દોઢ કરોડ ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| आँत | પગનું તળિયું |
| कंधा | સ્નાયુ |
| कलाई | ખભો |
| तलवा | આંતરડું |
| पेशी | કાંડું |

### ઓળખાણ પડી?



રાજશ્રી પ્રોડક્શન્સની કઈ ફિલ્મમાં શાહિદ કપૂરએ પ્રેમનું પાત્ર ભજવ્યું છે એની ઓળખાણ પડી? એ ઈશારો સલમાન ખાનનો હતો.

અ) મૈં પ્રેમ કી દીવાની બ) દોનો ક) વિવાહ ડ) પ્રેમ રતન ધન પાયો

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હા | જ | ૨ રા | ૩ હ | ૪ જૂ | ર | | ૫ સ | વા | ૬ લ |
| ર | | ૭ મ | જૂ | રી | | ૮ છ | | | ગા |
| ૯ તો | ૧૦ ર | ણ | | | ૧૧ આ | ત | ૧૨ મ | ૧૩ રા | મ |
| ૧૪ રા | ત | દી | વ | ૧૫ સ | | | ૧૬ વા | ત | |
| | ૧૭ ન | વો | | ૧૮ ગ | જ | ૧૯ વે | લ | | ૨૦ અ |
| ૨૧ સં | | | ૨૨ થ | ડ | | શ | | ૨૩ ખા | વ |
| ૨૪ ગી | ૨૫ ત | ૨૬ કા | ર | | ૨૭ અ | | ૨૮ સિ | તા | ર |
| ૨૯ ત | ર | જુ | મો | | ૩૦ સ | મૃ | દ્ધ | | જ |
| કા | | | ૩૧ સ | ૩૨ ર | વા | | ૩૩ હ | ટા | વ |
| ૩૪ ર | મૂ | જ | | ૩૫ દ | ર | ખા | સ્ત | | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | ૫ | |
| | | | | ૬ | | | ૭ | | |
| ૮ | ૯ | | ૧૦ | | | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | ૧૪ | | ૧૫ | | | |
| ૧૬ | | | | | | ૧૭ | | | ૧૮ |
| | | | ૧૯ | | ૨૦ | | | ૨૧ | |
| ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | | |
| ૨૫ | ૨૬ | | | | ૨૭ | | | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | ૩૧ | | | ૩૨ | | |
| ૩૩ | | | | | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. હસતું મોં (૪)
૩. ગુરુ કે આચાર્યનું આવવું તે (૫)
૬. વિષ્ણુ, કૃષ્ણ (૨)
૭. આ ---માં તેલ નથી (૨)
૮. ઉસ્તાદી, આવડત (૪)
૧૧. સમય (૩)
૧૨. માથાની ચામડીનો રોગ (૨)
૧૩. સાજુ માંદું (૬)
૧૬. મુક્તિ, છૂટકારો (જો.છૂ.) (૩)
૧૭. લીન, આસક્ત (૨)
૨૦. સ્ત્રી (૨)
૨૧. ચળ (૨)
૨૩. બનેલા બનાવને વર્ણવતા ગરબા (૩)
૨૪. મૂર્ખ, રોંચું (૩)
૨૫. રસ્તો બતાવનાર, ભોમિયો (૪)
૨૭. હાથ (૨)
૨૮. --- કરવું એટલે પચાવી પાડવું (૨)
૩૦. જાત, પનો, માલ (૨)
૩૧. ચમત્કાર, યુક્તિ, કારીગરી (૪)
૩૩. રસની ભરેલું (૪)
૩૪. પોચું ઘાસ-ખરસલું (૩)

**ઊભી ચાવી**

૧. કૃતઘ્નીપણું, બદમાસી (૫)
૨. બોલકું, વાચાળ (૩)
૩. નતીજો, અંત, પરિણતિ (૪)
૪. રાતે ગમે તે વખતે (૫)
૫. કસરત માટેનો લીસો થાંભલો (૪)
૯. ઘણે ઊંડે સુધી (૪)
૧૦. શરીર (૨)
૧૪. લક્ષ્મી, પત્ની (૨)
૧૫. એકદમ ગરમ, ઊનું ઊનું (૬)
૧૮. ઢોરને ખાવાનું અનાજ (૨)
૧૯. --- કરવી એટલે ઓછું કરવું (૩)
૨૧. રોજના --- નીકળવા જોઈએ (૩)
૨૨. સમાન, વાજબી, ભૂલચૂક વિનાનું (૪)
૨૩. કાંજી, ઘેંસ, ભરડકું (૨)
૨૬. ગુદામાં થતો રોગ (૩)
૨૭. ખડક, ભેખડ, ખો (૩)
૨૯. --- કરવો એટલે દેવાળું કાઢવું (૩)
૩૨. સાધના, ગરમી, ઈન્દ્રિયદમન (૨)

### ગુજરાત મોરી મોરી રે

અનેક ગુજરાતી નાટકો, કેટલી ગુજરાતી ફિલ્મો અને ટીવી સિરિયલના પ્રતિભાશાળી અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયાની હિન્દી ફિલ્મનું નામ કહી શકશો ?

અ) સિંઘમ અગેન બ) આર્ટિકલ ૩૭૦
ક) શૈતાન ડ) સત્યપ્રેમ કી કથા

### જાણવા જેવું

મેહબૂબ ખાનની લોકપ્રિય ફિલ્મ 'મધર ઈન્ડિયા' (૧૯૫૭) તેમની જ ફિલ્મ 'ઔરત' (૧૯૪૦)ની રિમેક હતી. ૧૭ વર્ષ પછી બનેલી રિમેકમાં 'ઔરત'ના ત્રણ કલાકાર રિપીટ કરવામાં આવ્યા હતા. એક્ટર કનૈયાલાલે બંને ફિલ્મમાં લંપટ જમીનદાર સુખીલાલાનું પાત્ર ભજવ્યું હતું. સિવાય બંને ફિલ્મમાં સંવાદ લેખક વજાહત મિર્ઝા હતા અને સિનેમેટોગ્રાફી ફરેદૂન ઈરાનીએ કરી હતી.

### સુડોકુ-૮૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | | ૧ | | ૭ | | ૬ | ૮ |
| | | | ૨ | | ૫ | | | |
| | | ૧ | | | | ૩ | | |
| | ૬ | ૪ | ૫ | | ૨ | ૭ | ૩ | |
| ૮ | | | | | | | | ૨ |
| | ૨ | ૫ | ૬ | | ૯ | ૮ | ૪ | |
| | | ૬ | | | | ૯ | | |
| | | | ૭ | | ૩ | | | |
| ૪ | ૭ | | ૯ | | ૧ | | ૮ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૭ | ૫ | ૪ | ૮ | ૧ | ૬ | ૯ |
| ૧ | ૫ | ૪ | ૬ | ૭ | ૯ | ૨ | ૮ | ૩ |
| ૯ | ૬ | ૧ | ૩ | ૫ | ૭ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૧ | ૫ | ૯ | ૭ |
| ૮ | ૭ | ૫ | ૪ | ૯ | ૨ | ૬ | ૩ | ૧ |
| ૫ | ૧ | ૩ | ૯ | ૮ | ૬ | ૪ | ૭ | ૨ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૭ | ૧ | ૪ | ૩ | ૫ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અમિતાભ બચ્ચનની ફિલ્મના ગીત 'દીવાને હૈં દીવાનો કો ના ઘર ચાહિએ'માં કયા ગીતકારે અભિનય કર્યો છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) આનંદ બક્ષી બ) યોગેશ ક) ગુલશન બાવરા ડ) હસન કમાલ

### નોંધી રાખો

એક વાત યાદ રાખી જીવનમાં ઉતારી લેજો કે હસી જવાથી અને હટી જવાથી ઘણી બધી સમસ્યાઓ આસાનીથી ઉકેલાઈ જતી હોય છે.

### માઈન્ડ ગેમ

વિનોદ ખન્નાએ અમિતાભ સાથે કેટલીક ફિલ્મો કરી છે. રાજેશ ખન્ના સાથે વિનોદ ખન્નાએ કઈ ફિલ્મમાં કામ કર્યું હતું એની ખબર હોય તો જણાવો.

અ) બાવર્ચી બ) આન મિલો સજના
ક) રખવાલા ડ) બંધન

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मुआयना | નિરીક્ષણ |
| मुआवजा | મહેનતાણું |
| मुकद्दर | નસીબ |
| मुजरिम | આરોપી |
| मुनाफा | નફો |

ઓળખાણ પડી? — દયાવાન

માઈન્ડ ગેમ — ચાઈના ટાઉન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — તિરંગા

ગુજરાત મોરી મોરી રે — બાગબાન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) હર્ષા મહેતા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજિતા ખોના (૧૨) અંબરીશ ઓઝા (૧૩) પુષ્પા પટેલ (૧૪) પ્રવીણ વોરા (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) મહેશ દોશી (૨૮) અલકા વાણી (૨૯) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) જગદીશ ઠક્કર (૩૭) પુષ્પા ખોના (૩૮) અરવિંદ કામદાર (૩૯) નિતીન જયંતીલાલ બજરિયા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) હિના દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૬) દિપીકા દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) હરીશ મનુભાઈ ભટ્ટ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) બિંદિયા ચમકેગી ચૂડી ખનકેગી - બિંદિયા ગોસ્વામી ૨) લીના ઓ લીના દિલ તુને છીના- લીના ચંદાવરકર ૩) ઓ પ્રિયા ઓ પ્રિયા પ્રિયા તુમસા - પ્રિયા રાજવંશ ૪ ) કભી કભી અદિતિ ઝીંદગી મેં કોઈ - અદિતિ ગોવિત્રિકર ૫) દિલ હૈ છોટા સા છોટી સી આશા - આશા પારેખ ૬) પરવાને શમ્મા જલાયે જલ જાયે ના બિપાશા - બિપાશા બસુ ૭) રેખા ઓ રેખા જબ સે તુમ્હે દેખા -રેખા

ક્વિઝ (બ) ૧) મેરી કોમ ૨) નીરજા ભનોત ૩ ) લક્ષ્મી ૪) શકુંતલા દેવી ૫) ફૂલન દેવી ૬) ગુંજન સક્સેના ૭) સાયના નેહવાલ

# આજથી બેસ્ટ બસનાં ટિકિટ ભાડાં ડબલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસનાં ભાડાંમાં શુક્રવાર, નવ મે, ૨૦૨૫થી બમણો વધારો થવાની જાહેરાત બેસ્ટ ઉપક્રમે કરી છે. બસની ટિકિટનું મિનિમમ ભાડું પાંચ રૂપિયા હતું તેની માટે હવે આજથી મુંબઈગરાએ ૧૦ રૂપિયા ચૂકવવા પડવાના છે.

મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને બેસ્ટની બસની ટિકિટનાં ભાડાંમાં વધારા કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યા બાદ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ) દ્વારા બસનાં ટિકિટ ભાડામાં શુક્રવારથી વધારો કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી હતી. બેસ્ટની બસનાં ભાડાંમાં

(જુઓ પાનું ૪)

### સાદી બસનું ટિકિટ ભાડું

| અંતર (કિલોમીટર સુધી) | નવું ભાડું(રૂ.) |
|---|---|
| પાંચ | ૧૦ |
| ૧૦ | ૧૫ |
| ૧૫ | ૨૦ |
| ૨૦ | ૩૦ |
| ૨૫ (નવું) | ૩૫ |
| ૩૦ (નવું) | ૪૦ |
| ૩૫ (નવું) | ૪૫ |
| ૪૦ (નવું) | ૫૦ |
| ૪૫ (નવું) | ૫૫ |
| ૫૦ (નવું) | ૬૦ |

૫૦ કિલોમીટરથી ઉપર પ્રતિ પાંચ કિલોમીટરે પાંચ રૂપિયા વધશે

# મુંબઈ મેમાં ઠંડુ-ઠંડું, કૂલ-કૂલ



## સતત બીજા દિવસે વરસાદને લીધે ૨૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયુંઃ આજે પણ યલો એલર્ટ

**મેઘો મહેરબાનઃ** મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ગુરુવારે પણ વરસાદ પડ્યો હતો પણ વરસાદનું જોર થાણેમાં ઘણું જ વધારે હતું. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે મુંબઈ, થાણે, પાલઘર સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. મુંબઈમાં ગુરુવારે સતત બીજા દિવસે પણ વરસાદ રહ્યો હતો પણ બુધવારની સરખાણીમાં વરસાદનું જોર હળવું રહ્યું હતું. આ દરમ્યાન અચાનક આવી પડેલા વરસાદને કારણે મુંબઈ સહિત સમગ્ર રાજ્યના તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. મુંબઈમાં ગુરુવારે વહેલી સવારે ૨૦.૬ ડિગ્રી જેટલું નોંધાયેલું લઘુતમ તાપમાન છેલ્લા એક દાયકાનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું.

મે મહિનામાં સામાન્ય રીતે આકરો ઉનાળો પડતો હોય છે પણ કમોસમી વરસાદને પગલે મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં ગરમીમાં મોટી રાહત મળી છે. મુંબઈમાં બુધવારે સુસવાટાભર્યા પવન અને ભારે વરસાદ બાદ ગુરુવારની સવાર ઠંડી રહી હતી. ગુરુવારે મુંબઈમાં મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાયો હતો. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૨ ડિગ્રી નોંધાયું હતું. આ અગાઉ ૧૯૫૧ની સાલમાં કોલાબામાં મે મહિનામાં લઘુતમ ૨૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૬ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા એક દાયકાનું મે મહિનાનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. અગાઉ ૧૯૮૫માં ઉપનગરમાં મે મહિનામાં ૨૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બુધવારે મુંબઈમાં ભારે વરસાદ પડયા બાદ ગુરુવાર માટે પણ યલો એલર્ટની ચેતવણી હવામાન ખાતાએ આપી હતી. દિવસ દરમ્યાન વાદળિયા વાતાવરણની સાથે જ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં હળવોથી ભારે વરસાદ રહ્યો હતો. મંગળવારથી ગુરુવાર સવાર સુધીમાં સાંતાક્રુઝમાં સરેરાશ ૩૪ મિ.મી. તો વરસાદ નોંધાયો હતો. આ અગાઉ ૨૦૨૧ની સાલમાં તૌકતે વાવાઝોડાને કારણે ૧૮, મેના ૨૩૦ મિ.મી. વરસાદ પડ્યો હતો. આ દરમ્યાન હવામાન ખાતાએ શુક્રવારે પણ મુંબઈ, થાણેમાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં પડવાની આગાહી કરી છે અને શુક્રવાર બાદ વરસાદનું જોર હળવું થવાની શક્યતા વ્યક્ત કરી હતી. મુંબઈમાં ગુરુવારે હળવા વરસાદ વચ્ચે થાણેમાં વરસાદનું થોડું જોર રહ્યું હતું. દિવસ દરમ્યાન થાણેના કોલશેતમાં એક ઝાડ ફોરવ્હીલર પર તૂટી પડયું હતું. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. બુધવારના ભારે વરસાદને કારણે થાણેમાં મોટા પ્રમાણમાં ઝાડ તૂટી પડયા હતા, જેમાં મુંબઈના એક ડબ્બાવાળાનું મૃત્યુ પણ થયું હતું. ■

# ટ્રક એક્સકેવેટર સાથે ટકરાતાં ત્રણ ઘાયલ

થાણેઃ થાણેમાં વહેલી સવારે મરઘા લઇ જતી ટ્રક એક્સકેવેટર સાથે ટકરાતાં ત્રણ જણને ગંભીર ઇજા પહોંચી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીના કહેવા અનુસાર નાશિક-મુંબઈ હાઇવે પર સાકેત બ્રિજ નજીક ગુરુવારે વહેલી સવારે ૫.૫૬ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. ■

# કેન્દ્રીય કરવેરામાંથી ૫૦ ટકા હિસ્સો આપોઃ મહારાષ્ટ્ર સરકારની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે ભારતના વિભાજીત કર માળખામાં રાજ્યોનો હિસ્સો ૪૧ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાની માગણી કરી હતી.

મુખ્ય પ્રધાનની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે 'મહારાષ્ટ્ર સરકાર સાથેની બેઠક દરમિયાન ૧૬મા નાણા પંચ સમક્ષ રાજ્યની માંગણીઓનું એક આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું હતું.'

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો અજિત પવાર અને એકનાથ શિંદે બેઠકમાં હાજર હતા.

આ નિવેદનમાં જણાવ્યા મુજબ, મહારાષ્ટ્રે કેન્દ્રીય કરવેરાની ચોખ્ખી આવકમાં રાજ્યોનો હિસ્સો ૫૦ ટકા સુધી વધારવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

રાજ્યે વિભાજિત માળખાની વ્યવસ્થામાં રાજ્યનો હિસ્સો ૪૧ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાનો, સેસ અને સરચાર્જને મુખ્ય કર સાથે મર્જ કરવાનો અને કેન્દ્ર સરકારની કરવેરા સિવાયની આવકને કરમાળખામાં સમાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, એમ તેમાં જણાવાયું છે.

નિવેદનમાં જણાવાયું છે કે, રાજ્યે આયોગને 'ટકાઉ વિકાસ અને ગ્રીન એનર્જી' અને 'ભારતના જીડીપીમાં રાજ્યો દ્વારા વધતા જતા યોગદાન' જેવા નવા માપદંડોની ભલામણ કરવા વિનંતી કરી હતી.

રાજ્યે આવકના અંતર માપદંડના ભારાંકને ૪૫ ટકાથી ઘટાડીને ૩૭.૫ ટકા કરવાની વિનંતી કરી છે, એમ નિવેદનમાં જણાવાયું છે. આવક અંતર રાજ્યની માથાદીઠ આવક અને તમામ રાજ્યોમાં સૌથી વધુ માથાદીઠ આવક વચ્ચેના તફાવતને માપે છે.

ખાસ ગ્રાન્ટમાં, રાજ્યે એમએમઆર માટે આર્થિક માસ્ટર પ્લાનના અમલ, નદી જોડાણ પ્રોજેક્ટ્સ અને નવા હાઇકોર્ટ સંકુલ, જેલમાં માળખાગત સુવિધા, તબીબી વિદ્યાર્થીઓ માટે પીજી હોસ્ટેલ અને ઇકો-ટુરિઝમ જેવા કામો માટે સહાય જેવા મેગા પ્રોજેક્ટ્સ માટે ૧,૨૮,૨૩૧ કરોડ રૂપિયાની માગણી કરી હતી, એમ નિવેદનમાં જણાવાયું છે. રાજ્યએ રાજ્ય આપત્તિ પ્રતિસાદ ભંડોળ (એસડીઆરએફ) હેઠળ એકંદર ફાળવણી વધારવા અને કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના શેરિંગ રેશિયોને ૭૫:૨૫ થી ૯૦:૧૦ કરવા માટે પણ કમિશન સમક્ષ દરખાસ્ત કરી છે. ■

# 'ના એટલે ના'

## એમ જણાવતા હાઇ કોર્ટે ત્રણ બળાત્કારીને દોષી ઠરાવવાના નિર્ણયને બહાલી આપી

મુંબઈઃ 'ના એટલે ના', મહિલાની ભૂતકાળની જાતીય પ્રવૃત્તિઓને આધારે તે જાતીય સંબંધ બાંધવા માટે સંમત હોવાનું માની લેવાય નહીં, એમ જણાવતા બૉમ્બે હાઇ કોર્ટે ત્રણ આરોપીને તેના એક ભાગીદાર મહિલા પર બળાત્કાર ગુજારવા માટે દોષી ઠરાવવાના નિર્ણયને બહાલી આપી હતી.

છઠ્ઠી મેના ચુકાદામાં હાઇ કોર્ટે પીડિતાના ભૂતકાળ પર સવાલ ઉઠાવનારા આરોપીઓના પ્રયાસને સ્વીકારવાનો હાઇ કોર્ટે ઇનકાર કર્યો હતો.

મહિલાની સંમતિ વગર તેની સાથે શારીરિક સંબંધ બાંધવો એ તેના શરીર, મગજ અને તેની પ્રાઇવસી પર હુમલો કરવાના સમાન છે, એમ જણાવતા કોર્ટે બળાત્કારને સમાજનો સૌથી વધુ નંદનીય ગુનો ગણાવ્યો હતો.

'મહિલાએ જ્યારે ના પાડી દીધી એટલે ના. તેના કરતા વધુ સ્પષ્ટતા કંઇ હોઇ શકે નહીં. મહિલાની કહેવાતી અનૈતિક પ્રવૃતિઓને કારણે સંમતિ મળી ગઇ એવું ધારી લેવું બરાબર નથી', એમ હાઇ કોર્ટે

(જુઓ પાનું ૪)

# થાણેના એનસીપી-એસપીના સાત ભૂતપૂર્વ કોર્પોરેટરો શિવસેનામાં જોડાયા

થાણેઃ પાલિકાની ચૂંટણી પહેલાં એનસીપી (એસપી)ને મોટો ઝટકો આપતા થાણેમાં પાર્ટીના સાત ભૂતપૂર્વ કોર્પોરેટરો ગુરુવારે શિવસેનામાં જોડાઈ ગયા હતા.

શિવસેનાના વડા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, શિવસેના સાંસદ નરેશ મ્હસ્કે અને પક્ષના અન્ય નેતાઓની હાજરીમાં ભૂતપૂર્વ નગરસેવકો શિવસેનામાં જોડાયા હતા.

નવા કોર્પોરેટરોમાં ભૂતપૂર્વ કોર્પોરેટર મિલિંદ પાટીલ, મનાલી પાટીલ, મહેશ સાળવી, મનીષા સાળવી, સુરેખા પાટીલ, સચિન મ્હાત્રે અને પ્રમિલા કિણીનો સમાવેશ થાય છે. ■

# માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચુકાદો ૩૧મી જુલાઇએ

મુંબઈઃ માલેગાંવ બ્લાસ્ટ કેસ-૨૦૦૮ના પ્રચંડ દસ્તાવેજો છે અને ચુકાદો આપતા પહેલા થોડો સમય લાગશે એમ નોંધતા નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની વિશેષ અદાલતે ગુરુવારે જણાવ્યું હતું કે આ કેસનો ચુકાદો કદાચ ૩૧મી જુલાઇએ આપવામાં આવશે. માલેગાંવ બ્લાસ્ટની ઘટનાને ૧૭ વર્ષ થયા છે ત્યારે ગયા મહિને ૧૯મી એપ્રિલે એનઆઇએ કોર્ટ આઠમી મે સુધી ચુકાદો અનામત રાખ્યો હતો. તેમ છતાં સ્પેશિયલ જજ એ. કે. લાહોટીએ ચુકાદા માટે નવી તારીખ નક્કી કરી હતી.

જજે કહ્યું હતું કે આરોપીઓ અને કોર્ટમાં કરવામાં આવેલી રજૂઆત વગેરેના અનેક દસ્તાવેજો છે. તેથી ચુકાદો આપવામાં થોડો સમય લાગશે. તેમણે તમામ આરોપીને ૩૧મી જુલાઇએ કોર્ટમાં હાજર થવાનું કહ્યું હતું.

૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮માં માલેગાંવમાં એક મસ્જિદની નજીક મોટરસાયકલ પર રાખેલા વિસ્ફોટકોમાં બ્લાસ્ટ થયો હતો જેમાં છ લોકોનાં મોત અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં ૩૨૩ સાક્ષીની જુબાની નોંધવામાં આવી છે અને ૩૪ સાક્ષીએ ફેરવી તોળ્યું હતું. (પીટીઆઇ) ■

# મુંબઈ ઍરપોર્ટ પર ઇન્ટરનેશનલ પ્રવાસીઓ માટે યુઝર ફી ૬૯૫ રૂપિયા

મુંબઈઃ મુંબઈ આવનારા-જનારા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને હવે ૧૬મી મેથી યુઝર ડેવલપમેન્ટ ફી (યુડીએફ) તરીકે ૬૯૫ રૂપિયા ચૂકવવાનો વારો આવશે, કારણ કે એરપોર્ટ ટેરિફનું નિયમન કરતી ઍરપોર્ટ ઇકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (એઇઆરએ)એ ઍરપોર્ટ ઓપરેટરને ફીમાં સુધારો કરવાની પરવાનગી આપી છે.

અગાઉ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી ડોમેસ્ટિક પ્રવાસીઓને યુડીએફ તરીકે ૧૨૦ રૂપિયા અને ઇન્ટરનેશનલ પ્રવાસીઓને ૧૮૭ રૂપિયા ચૂકવવા પડતા હતા. ચોથા ટેરિફ કન્ટ્રોલ પિરિયડ ૨૦૨૪-૨૦૨૯ સુધી લાગુ થનારા નવા ટેરિફ પ્રમાણે મુંબઈથી જનારા ડોમેસ્ટિક પ્રવાસીઓને ૧૭૫ રૂપિયા અને આવનારા પ્રવાસીઓને ૭૫ રૂપિયા યુડીએફ ચૂકવવા પડશે, જ્યારે મુંબઈથી જનારા ઇન્ટરનેશનલ બિઝનેસ ક્લાસના પ્રવાસીઓને ૬૯૫ રૂપિયા તથા આવનારા પ્રવાસીઓને ૬૧૫ રૂપિયા યુડીએફ ચૂકવવી પડશે, જ્યારે ઇકોનોમિક ક્લાસના પ્રવાસીઓને અનુક્રમે ૩૦૪ રૂપિયા અને ૨૬૦ રૂપિયા ચૂકવવા પડશે.

દેશના મહત્ત્વના એરપોર્ટ પરના તમામ ટેરિફ એઇઆરએ દ્વારા નક્કી કરવામાં આવે છે. વર્ષે ૩૫ લાખ અથવા તેનાથી વધુ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતા એરપોર્ટ મુખ્ય એરપોર્ટની કેટગરીમાં આવે છે. ■

# ઘાટકોપરમાં હોર્ડિંગ દુર્ઘટનાઃ તપાસ પેનલે સીએમ ફડણવીસને રિપોર્ટ સુપરત કર્યો

મુંબઈઃ ઘાટકોપરમાં ગયા વર્ષે હોર્ડિંગ ધરાશાયી થવાની ઘટનાની તપાસ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી સમિતિએ ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પોતાનો રિપોર્ટ સુપરત કર્યો છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

બુધવારે ફડણવીસને સીલબંધ કવરમાં રિપોર્ટ સુપરત કરવામાં આવ્યો હતો અને તેમણે તેને આગળની કાર્યવાહી માટે ગૃહ વિભાગને મોકલી આપ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે અલાહાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ દિલીપ ભોંસલેના નેતૃત્વ હેઠળની છ સભ્યોની સમિતિએ રિપોર્ટમાં હોર્ડિંગ અંગે સૂચનો આપ્યા છે.

૧૩ મે, ૨૦૨૪ના રોજ ધૂળના તોફાન દરમિયાન ઘાટકોપરમાં પેટ્રોલ પંપ પર લોખંડનું એક વિશાળ હોર્ડિંગ ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા અને ૭૪ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ રાજ્ય સરકારે હોર્ડિંગ અને પેટ્રોલ પંપ માટે જવાબદાર સંસ્થાઓની ભૂમિકાની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી હતી.

તે અગાઉના રેકોર્ડ, નાણાકીય વ્યવહારો અને વિવિધ એજન્સીઓના અધિકારીઓ સાથેની કોઈપણ સંભવિત મિલીભગતની તપાસ કરવાનું હતું અને તેને સરકારી અને રેલવેની મિલકતો પર હોર્ડિંગ્સને મંજૂરી આપવા અને લગાવવા માટેની વર્તમાન પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાનું અને ભવિષ્યમાં બનતી ઘટનાઓને રોકવા માટે સુધારાઓની ભલામણ કરવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું. ■

# પ્રેમલગ્નનાં ૧૪ વર્ષ બાદ પત્નીની હત્યાઃ મૃતદેહ બેડમાં સંતાડીને વૃદ્ધ પતિ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રેમલગ્નનાં ૧૪ વર્ષ બાદ ૬૩ વર્ષની પત્નીની કથિત હત્યા કરીને મૃતદેહ લોખંડના બેડમાં સંતાડી સિનિયર સિટિઝન પતિ ફરાર થઈ ગયો હોવાની ઘટના ગોરેગામમાં બની હતી.

ગોરેગામ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ રાગિણી સોનુ સાર્વેકર તરીકે થઈ હતી. ગોરેગામ પશ્ચિમમાં મોતીલાલ નગર નંબર-૧ ખાતેની ચાલમાં રહેતી રાગિણીનો મૃતદેહ મળ્યો ત્યારથી પતિ પ્રતાપ બાસ્કોતી (૬૫) ગુમ હોવાનું જણાયું હતું. પોલીસે બાસ્કોતી વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર સાર્વેકરના પડોશીએ બુધવારે તેના ભત્રીજાને ફોન કરીને કહ્યું હતું કે બાસ્કોતી તેમના રૂમની ચાવી અમને આપી ગયો છે અને પત્ની સાથે દક્ષિણ મુંબઈ જઈ રહ્યો હોવાનું કહ્યું હતું. જોકે હજુ સુધી દંપતી પાછું આવ્યું નથી અને તેમની રૂમમાંથી દુર્ગંધ પણ આવવા લાગી છે.

આ બાબતે ભત્રીજાએ પોલીસને જાણ કરી પોતે પણ ગોરેગામ પહોંચ્યો હતો. પોલીસે દરવાજો ખોલી રૂમમાં તપાસ કરતાં શરૂઆતમાં શંકાસ્પદ જેવું કંઈ મળ્યું નહોતું. જોકે દુર્ગંધ આવતી હોવાથી પોલીસે બારીકાઈથી તપાસ કરતાં લોખંડના બેડમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો હતો.

રાગિણીનો મૃતદેહ કોહવાવા લાગ્યો હતો. પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં ગળું દબાવીને તેની હત્યા કરાઈ હોવાનું જણાયું હતું.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે માતાની દેખભાળ કરવા માટે રાગિણીએ લગ્ન કર્યાં નહોતાં. જોકે ૧૪ વર્ષ અગાઉ તેણે બાસ્કોતી સાથે પ્રેમલગ્ન કરી લીધાં હતાં. બાસ્કોતીને પહેલાં લગ્નથી બે સંતાન છે અને તેનો પરિવાર ઉત્તર પ્રદેશમાં રહે છે. એ જ ચાલમાં રાગિણીની અન્ય રૂમ આવેલી છે, જેના ભાડા પર તેમનું ગુજરાન ચાલતું હતું. થોડાં વર્ષ અગાઉ રાગિણીની માતાનું મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ બન્ને રાગિણીની જ રૂમમાં રહેતા હતા. અમુક મહિના પહેલાં ઘરમાંથી ચોરાયેલા ચારેક લાખ રૂપિયાને મામલે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા, એવું પોલીસનું કહેવું છે. ■

# અબુ સાલેમને સજા પૂરી થયા પહેલા છોડવા વિશે વિચારણાઃ સરકારે કોર્ટને કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઇકોર્ટને એવી જાણકારી આપી છે કે પ્રત્યર્પણ કરાયેલા ગેંગસ્ટર અબુ સાલેમની સજા પૂર્તિની મુદત પહેલા મુક્તિનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે અને ટૂંક સમયમાં તેના પર નિર્ણય લેવામાં આવશે. નવેમ્બર ૨૦૦૫માં પોર્ટુગલથી પ્રત્યર્પણ થયા પછી સાલેમે ફક્ત ૧૯ વર્ષ જેલમાં વિતાવ્યા છે, સરકારે દોષી ગેંગસ્ટરની જેલમાંથી મુક્તિની અરજીના જવાબમાં તેના સોગંદનામામાં ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

રાજ્ય સરકારે બુધવારે જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને અદ્વૈત સેઠનાની ખંડપીઠ સમક્ષ સાલેમની અરજીના જવાબમાં બે સોગંદનામા રજૂ કર્યા હતા.

એડવોકેટ ફરહાના શાહ દ્વારા દાખલ કરેલી અરજીમાં, સાલેમે એવો દાવો કર્યો હતો કે જો સારા વર્તન માટે માફીનો સમાવેશ કરવામાં આવે તો તે પચીસ વર્ષની જેલની સજા ભોગવી ચૂક્યો છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે સાલેમને પોર્ટુગલથી પ્રત્યર્પણ કરવામાં આવ્યું હતું, ત્યારે ભારત સરકારે ખાતરી આપી હતી કે તેને કોઈપણ કેસમાં મૃત્યુદંડની સજા આપવામાં આવશે નહીં અને તેને પચીસ વર્ષથી વધુની સજા નહીં થાય.

રાજ્ય સરકારે ગૃહ વિભાગના સંયુક્ત સચિવ સુગ્રીવ ધપતે દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં જણાવ્યું છે કે સાલેમની સજાની મુદતપુર્વ મુક્તિ માટેની દરખાસ્ત વિચારણા હેઠળ છે અને ટૂંક સમયમાં તેના પર નિર્ણય લેવામાં આવશે.

સરકારી સોગંદનામા મુજબ, સાલેમને નવેમ્બર ૨૦૦૫માં પોર્ટુગલથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં તેની વાસ્તવિક કેદ ૧૯ વર્ષ, ત્રણ મહિના અને ૨૦ દિવસની થઈ હતી.

એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ

(જુઓ પાનું ૪)

# કલ્યાણમાં બેભાન કર્યા બાદ યુવતી પર ગેન્ગ રેપઃ પાંચ જણ સામે ગુનો

## એફઆઈઆરમાં પીડિતાની બે બહેનપણીના આરોપી તરીકે નામ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં ૨૧ વર્ષની યુવતીને ઇન્જેકશન આપીને બેભાન કર્યા બાદ તેના પર સામૂહિક બળાત્કાર ગુજારવા પ્રકરણે પાંચ શખસ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પચીસમી માર્ચે બનેલી આ ઘટના સંદર્ભે કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનમાં ૬ મેના રોજ દાખલ એફઆઇઆરમાં પીડિતાની બે બહેનપણીનાં નામ પણ સામેલ છે.

ટિટવાલા ખાતે દાદી સાથે રહેનારી પીડિતા કલ્યાણમાં કન્સ્ટ્રકશન કંપનીમાં કામ કરે છે. ૧૯ માર્ચે દાદી સાથે કોઇ બાબતે ઝઘડો થયા બાદ પીડિતા ટિટવાલામાં અન્ય વિસ્તારમાં તેની બહેનપણીના ઘરે રહેવા આવી ગઇ હતી. પીડિતાની બીજી બહેનપણી નજીકમાં રહેતી હતી.

બહેનપણીના ઘરે અઠવાડિયું રહ્યા બાદ પીડિતાએ પોતાના ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું હતું અને આ અંગે બહેનપણીને પણ જણાવ્યું હતું. પીડિતાએ બાદમાં તેના પરિચિત શખસને કૉલ કર્યો હતો અને તેને ઘરે છોડવા માટે કહ્યું હતું.

દરમિયાન એ શખસ કાર લઇને આવ્યો હતો અને તેની સાથે તેના ચાર મિત્રો પણ કારમાં હાજર હતા. પીડિતાને બંને બહેનપણી પણ તેમની સાથે જોડાઇ ગઇ હતી. કાર ત્યાંથી રવાના થઇ હતી, પણ પીડિતાના ઘરે જવાને બદલે તેને કલ્યાણની કંપની તરફ લઇ જવાઇ

(જુઓ પાનું ૪)

# અંધેરીમાં રૉન્ગ સાઈડથી આવેલી જેસીબીએ રાહદારીને કચડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી પશ્ચિમમાં ડ્રાઈવરે રૉન્ગ સાઈડમાં જેસીબી ચલાવી રાહદારીને કચડતાં તેનું મૃત્યુ થયું હતું. અંબોલી પોલીસે જેસીબી જપ્ત કરી ડ્રાઈવરની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ વિજય પૂજારી તરીકે થઈ હતી. જોગેશ્વરીમાં રહેતો પૂજારી ખાનગી કંપનીમાં ક્લર્કની નોકરી કરતો હતો.

અકસ્માતની ઘટના ગુરુવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ વીરા દેસાઈ રોડ પર બની હતી. પૂજારી રસ્તા પરથી ચાલતો જઈ રહ્યો હતો ત્યારે પાછળથી આવેલી જેસીબીએ તેને અડફેટે લીધો હતો. જેસીબીનો ડ્રાઈવર સૂરજ કુમાર રાવત (૨૩) રૉન્ગ સાઈડથી ચલાવતો હતો. આ ઘટનામાં પૂજારીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અંબોલી પોલીસના જણાવ્યા મુજબ બનાવને પગલે એકઠા થઈ ગયેલા રાહદારીઓએ જેસીબીના ડ્રાઈવરને પકડી પાડ્યો હતો અને પોલીસને સોંપ્યો હતો. ■

# ૩૫ દિવસમાં માત્ર ૨૦-30 ટકા જ નાળાસફાઈ : ભાજપ

મુંબઈઃ ચોમાસું નજીક છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલી નાળાસફાઈમાં પોલમ્પોલ હોવાનો દાવો મુંબઈના પાલકપ્રધાન અને મુંબઈ ભાજપના અધ્યક્ષે કર્યો છે. એટલું જ નહીં પણ નાળાસફાઈ દરમ્યાન નાળાનો ગાળ કાઢીને ડમ્પરમાં ભરવા અને ખાલી કરવાનું વીડિયો શૂટિંગ અને તેની ફોટોગ્રાફી કરવામાં આવતી ન હોવાનું દાવો પણ ભાજપે કર્યો હતો. તેમણે એવો દાવો કર્યો હતો કે છેલ્લા ૩૫ દિવસમાં અમુક ઠેકાણે ૧૦ ટકા તો અમુક ઠેકાણે ૨૦થી ૩૦ ટકા કરતા વધુ કામ કરવામાં આવ્યું નથી. પશ્ચિમ ઉપનગરમાં સાંતાક્રુઝ પશ્ચિમના ગઝદરબંધ, એસ.એન.ડી.ટી નાળું, ઈર્લા નાળું, મોગરા, શહિદ ભગતસિંહ નગર નાળાની મુલાકાત લેવા દરમ્યાન નાળાની સફાઈનું શૂટિંગ અને ડમ્પરમાં ગાળ ભરીને તેને ડમ્પિંગમાં ઠાલવવા દરમ્યાન ફોટોગ્રાફી કરવામાં આવતી ન હોવાનું જણાઈ આવ્યું હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો, તેને કારણે હકીકતમાં કેટલી સફાઈ થાય છે તે જાણી શકાતું નથી. ■

# સરહદે લશ્કરી અથડામણની તીવ્રતા હોવાથી સેન્સેક્સમાં પીછેહઠ, ભારતીય આર્મીએ પંદરથી વધુ ઠેકાણા પર નાપાક હુમલાના પ્રયાસો નિષ્ફળ બનાવ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે બેંકિંગ, એફએમસીજી અને ઓટો શેરોમાં વેચવાલી થવાને કારણે ગુરૂવારે સેન્સેક્સ ૪૧૧.૯૭ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા ઘટીને ૮૦,૩૩૪.૮૧ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૧૪૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા ઘટીને ૨૪,૨૭૩.૮૦ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૨૬૪.૨ પોઈન્ટ અથવા એક ટકા ઘટીને ૨૪,૧૫૦.૨૦ની નીચી સપાટીને અથડાયો હતો. એટર્નલ, મહિન્દ્રા અને મહિન્દ્રા, મારુતિ, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, એશિયન પેઇન્ટ્સ, પાવર ગ્રીડ અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા સેન્સેક્સના ટોપ લુઝર્સ શેરોમાં સામેલ હતા. જ્યારે કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, ટાઇટન, એચસીએલ ટેક, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના શેરમાં સુધારો નોંધાયો હતો. મિડકેપ ઇન્ડેક્સમાં ૧.૯૦ ટકાનો અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો ઘટાડો થયો.

કોર્પોરેટ હલચલમાં જેન્સોલ એન્જિનિયરિંગના શેરમાં સતત ૧૯મા દિવસે પાંચ ટકાની લોઅર સર્કિટ લાગી હતી. પ્રીમિયમ તેજાણા, ડ્રાયફ્રુટ્સ અને કરિયાણાના ઉત્પાદનોના સોર્સિંગ, પ્રોસેસિંગ, ટ્રેડિંગ અને માર્કેટિંગમાં અગ્રણી કંપની, લીઓ ડ્રાયફ્રુટ્સ એન્ડ સ્પાઇસીસ ટ્રેડિંગ લિમિટેડને ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળની કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ સાથે કરાર કર્યા છે. કરારની અમલી તારીખથી પ્રથમ બાર મહિનામાં કંપનીને આશરે રૂ. ૨૫ કરોડના ખરીદી ઓર્ડર મળવાની અપેક્ષા છે.

વિન્ટેજ કોફીના નફામાં વધારો થયો છે. કેનેરા રોબેકો આજે શુક્રવારે ઓપન એન્ડેડ સ્કીમ કેનેરા રોબેકો મલ્ટિ એસેટ એલોકેશન ફંડ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે, જે ઇક્વિટી, ડેટ, મની માર્કેટ, ગોલ્ડ ઇટીએફ અને સિલ્વર ઇટીએફમાં રોકાણ કરશે. સબ્સક્રિપ્શન ૨૩ના રોજ બંધ થશે. એમઆરએફનો નફો ચોથા ક્વાર્ટરમાં ૨૯ ટકાના વધારા સાથે રૂ. ૫૧૨ કરોડ, પીએનબીનો નફો બાવન ટકા વધીને રૂ. ૪૫૬૭ કરોડ, હુડકોનો ચોથા ક્વાર્ટરનો નફો ચાર ટકા વધીને રૂ, ૭૨૮ નોંધાયો છે.

વન ૯૭ કોમ્યુનિકેશન (પેટીએમ)ની ચોથા ક્વાર્ટરની નુકસાનીમાં ઘટાડો થયો છે. સિમ્પલ એનર્જી, પ્રોપર્ટી શેર આઇપીઓ લાવી રહી છે. વેરીટાસ ફાઇનાન્લ લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સ, અજય પોલિ, જાજૂ રશ્મી રિફ્રેક્ટરીઝ અને રાગાલ રિસોર્સિસને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. કોટક મહિન્દ્રા બેંકે ત્રિમાસિક નફામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો નોંધાયો હતો. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૮.૩૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે.

સરહદે નાપાક પાકિસ્તાને ફરી ઊંબાડિયું કરવાની કોશીશો કરી હતી. પાકિસ્તાની સૈન્ય દ્વારા બુધવારે રાત્રે ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ડ્રોન અને મિસાઈલનો ઉપયોગ કરીને અનેક લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવવા કરેલા પ્રયાસોને ભારતીય સશસ્ત્ર દળોએ નિષ્ફળ બનાવ્યા અને લાહોરમાં એક પાકિસ્તાની હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

પાકિસ્તાની સૈન્યએ અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નાલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભૂજને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઇન્ટિગ્રેટેડ કાઉન્ટર અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ (ગ્રીડ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ) દ્વારા આ પ્રયાસોને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. આજે સવારે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં અનેક




સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને સિસ્ટમોને નિશાન બનાવ્યા હતા અને લાહોરમાં એક હવાઈ સંરક્ષણ પ્રણાલીનો ખાતમો બોલાવ્યો હતો. ભારતીય પ્રતિક્રિયા પાકિસ્તાન જેટલી જ તીવ્રતા સાથે સમાન ક્ષેત્રમાં રહી હોવાનું મંત્રાલયે એક સંદશમાં જણાવ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે, ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે વહેલી સવારે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી સ્થળો પર મિસાઇલ હુમલા કર્યા જેમાં બહાવલપુરના જૈશ-એ-મોહમ્મદનો ગઢ અને લશ્કર-એ-તૈયબાના મુરીદકે બેઝનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૬ નાગરિકોના હત્યાકાંડના બે અઠવાડિયા પછી ઓપરેશન સિંદૂર હેઠળ લશ્કરી હુમલા કરવામાં આવ્યા હતા.

યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીને વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવાની તૈયારી દર્શાવી હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. ભારત અને યુકેએ મંગળવારે એક સીમાચિહ્નરૂપ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે ૯૯ ટકા ભારતીય નિકાસ પર ટેરિફ ઘટાડશે અને બ્રિટિશ કંપનીઓ માટે ભારતમાં વ્હિસ્કી, કાર અને અન્ય ઉત્પાદનોની નિકાસ કરવાનું સરળ બનાવશે અને એકંદર વેપારને વેગ આપશે.

વૈશ્વિક બજાર સ્થિર અને સકારાત્મક રહ્યું હતું. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો. યુરોપના બજારો ઉછાળા સાથે ટ્રેડિંગ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો ઊંચા બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ એક ટકા વધીને ૬૧.૭૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે રૂ. ૨,૫૮૫.૮૬ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

સરહદી ટેન્શન વધી જવાથી સાવચેતીના માનસ વચ્ચે બજારમાં વેચવાલી વધી હતી અને ખાસ કરીને રિયલ્ટી, ઓઈલ એન્ડ ગેસ અને ઓટો શેરો ઘટ્યા હતા. માત્ર ફોકસ્ડ આઈટી અને આઈટી ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. પાંચ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું.

બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૦,૭૪૬.૭૮ના બંધ સામે ગુરુવારે ૪૧૧.૯૭ પોઈન્ટ્સ (૦.૫૧ ટકા) ગબડ્યો હતો. સેન્સેક્સ ૮૦,૯૧૨.૩૪ ખૂલીને ઊંચામાં ૮૦,૯૨૭.૯૯ સુધી અને નીચામાં ૭૯,૯૮૭.૬૧ સુધી જઈને અંતે ૮૦,૩૩૪.૮૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૨૩.૫૦ લાખ કરોડથી રૂ. પાંચ લાખ કરોડ ઘટીને રૂ. ૪૧૮.૫૦ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૭ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૩ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૩૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૪૫ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૫૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૯૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૦૫ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૪૧ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલમાં માત્ર ફોકસ્ડ આઈટી ૦.૨ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૧૨ વધ્યા હતા. રિયલ્ટી ૨.૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૯૮ ટકા, ઓટો ૧.૯૨ ટકા, પાવર ૧.૮૬ ટકા, યુટિલિટીઝ ૧.૮૫ ટકા, મેટલ ૧.૭૯ ટકા, કોમોડિટીઝ ૧.૬૭ ટકા, હેલ્થકેર ૧.૬૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૫૮ ટકા, સર્વિસીસ ૧.૫૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૫ ટકા, એનર્જી ૧.૨૪ ટકા, એફએમસીજી ૧.૦૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૯૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૨ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯ ટકા, બેન્કેક્સ ૦.૨૪ ટકા અને ટેક ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એચસીએલ ટેકનોલોજી ૧.૦૫ ટકા, કોટક બેન્ક ૦.૮૧ ટકા, એક્સિસ બેન્ક ૦.૮૦ ટકા, ટાઈટન ૦.૬૯ ટકા, તાતા મોટર્સ ૦.૨૧ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૧૮ ટકા અને તાતા કન્સલ્ટન્સી ૦.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૩.૧૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૬૫ ટકા, મારુતિ ૨.૦૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૬ ટકા, તાતા સ્ટીલ ૧.૮૧ ટકા, ભારતી એરટેલ ૧.૨૩ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૪ ટકા, પાવર ગ્રીડ ૧.૦૯ ટકા, સ્ટેટ બેન્ક ૦.૯૫ ટકા અને એચડીએફસી બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૯૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૧૩.૩૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૯૬ સોદામાં ૧,૩૨૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૮,૧૮,૬૭૨ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૧૬,૩૩,૬૯૧.૪૯ કરોડનું રહ્યું હતું.

## ભારત-પાક વચ્ચે તણાવમાં વધારો થતાં ડૉલર સામે રૂપિયો ૭૮ પૈસા ખાબક્યો

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૭૮ પૈસા ખાબકીને ૮૫.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે પાકિસ્તાની લશ્કરે ડ્રોનનો ઉપયોગ કરીને ઉત્તર અને પશ્ચિમ ભારતનાં સરહદી વિસ્તારોમાં મિસાઈલથી હુમલાઓ કર્યા હતા જેને ભારતીય ડિફેન્સ યંત્રણાએ નિષ્ફળ કર્યા હોવાના અહેવાલો વહેતા થતાં ભૂરાજકીય તણાવમાં વધારો થયો હતો. તેમ જ વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધારો થવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૭૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૬૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૮૪.૫૨ સુધી મજબૂત થયો હતો, પરંતુ ત્યાર બાદ નીચામાં ૮૫.૭૭ સુધી ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૭૮ પૈસા તૂટીને ૮૫.૫૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૪૨ પૈસા નબળો પડ્યો હતો. દરમિયાન આજે અમેરિકાના ટોચના લશ્કરી કમાંડરે જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાન અને પાક કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદીઓનાં મથકો પર કરેલા હવાઈ હુમલાઓ પશ્ચાત્‌ની સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ. વધુમાં દેશનાં રક્ષા પ્રધાન રાજનાથ સિંઘે જણાવ્યું હતું કે હાલમાં ચાલી રહેલા ઓપરેશન સિંદૂરમાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓનો સફાયો થયો છે.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ભારત-પાક વચ્ચેનાં તણાવને ધ્યાનમાં લેતા અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયો ૮૫.૨૦થી ૮૬ની રેન્જમાં રહે તેમ જણાય છે. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રાખી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા વધીને ૧૦૦.૦૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૫ ટકા વધીને બેરલદીઠ ૬૧.૭૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### અમેરિકા-બ્રિટન વચ્ચે ટ્રેડ ડીલના આશાવાદે વૈશ્વિક સોનામાં પીછેહઠ

## સ્થાનિક સોનામાં ₹ ૩૯૬નો અને ચાંદીમાં ₹ ૫૪૯નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં એક ટકા જેટલો ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકા અને બ્રિટન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ ઉપરાંત સપ્તાહના અંતે ટ્રેડ ડીલ અંગે અમેરિકા તથા ચીન વચ્ચે થનારી વાટાઘાટને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, ગત બુધવારે ભારતે પાકિસ્તાનમાં આવેલા આતંકવાદીઓના મથકો પર હવાઈ હુમલો કર્યા બાદ પાકિસ્તાન તેનો વળતો જવાબ આપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા છૂટીછવાઈ સલામતી માટેની માગને કારણે સોનામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૫થી ૩૯૬નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ડૉલર સામે રૂપિયો ૭૭ પૈસા નબળાડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૫૪૯ ઘટી આવ્યા હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર



આજે હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૫ ઘટીને રૂ. ૯૬,૬૪૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૯૬ ઘટીને રૂ. ૯૭,૦૩૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની વધુ ભાવઘટાડાના આશાવાદે માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૫૪૯ ઘટીને રૂ. ૯૫,૨૨૫ના મથાળે રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ આજે (ગુરુવારે) અમેરિકા-બ્રિટન વચ્ચેની ટ્રેડ ડીલની જાહેરાત કરે તેવી શક્યતા ગઈકાલે ન્યૂ યોર્ક ટાઈમ્સે વ્યક્ત કરતાં અહેવાલ ઉપરાંત અમેરિકા-ચીન વચ્ચે વેપાર વાટાઘાટના આશાવાદ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગ નિરસ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૪૨.૨૨ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૩ ટકા ઘટીને ૩૩૪૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે અમેરિકાનાં ટ્રેડ ડીલના અહેવાલોને ધ્યાનમાં લેતા વૈશ્વિક ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર જાળવી રાખ્યા હતા. તેમ જ અમેરિકી પ્રમુખ ટ્રમ્પની વેપાર નીતિને ધ્યાનમાં લેતા ફુગાવામાં અને બેરોજગારીમાં વધારો થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હોવાથી અમારા મતે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠક પૂર્વે વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નથી જણાતી, એમ ત્રિવેદીએ ઉમેર્યું હતું.

જોકે, ગોલ્ડ સિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું કે ગયા મહિને પહલગામમાં આતંકવાદીઓએ પર્યટકો પર કરેલા હુમલાના પ્રતિસાદમાં ગત બુધવારે ભારતે પાકિસ્તાનમાં આવેલા આતંકવાદીઓના મથકો પર હવાઈ હુમલા કર્યા હતા અને હવે જો પાકિસ્તાન તેના વળતા જવાબમાં જો કોઈ પગલાં લે અને તણાવ વધે તો સોનામાં સલામતી માટેની માગમાં વધારો થાય તેવી શક્યતા નકારી ન શકાય.

## ઑપરેશન સિંદૂરઃ કરાચીના કડાકાને કારણે પાકિસ્તાની શૅરબજારમાં ટ્રેડિંગ સ્થગિત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પહલગામની નાપાક હરકત બાદ એકધારા ધોવાઇ રહેલા પાકિસ્તાનના કરાચી સ્ટોક એક્સચેન્જને ગુરુવારે કામકાજ બંધ રાખવાનો વારો આવ્યો હતો. કરાચીના બેન્ચમાર્કમાં મોટો કડાકો બોલી જતાં આઠમી મેના રોજ પાકિસ્તાને તેના શેરબજારમાં થોડા સમય માટે ટ્રેડિંગ સ્થગિત કરવું પડ્યું હતું.

ભારતીય સૈન્ય દ્વારા ઓપરેશન સિંદૂર કોડનેમ હેઠળ પાકિસ્તાનમાં અનેક આતંકવાદી સંગઠનો પર કરવામાં આવેલા હુમલાઓ પછી, તેના બેન્ચમાર્ક ઇન્ડેક્સ કેએસઇ-૩૦ ઇન્ડેક્સમાં ૭.૨ ટકાનો કડાકો બોલાઇ ગયો હતો, જેના કારણે સતત બીજા સત્રમાં ભારે નુકસાન થયું હતું. ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા પછી, કેએસઇ-૧૦૦ ઇન્ડેક્સમાં૧૩ ટકાનો તોતિંગ કડાકો નોંધાયો છે, જ્યારે કેએસઇ ૩૦ અત્યાર સુધી ૧૪.૩ ટકા નીચી સપાટીએ ખાબક્યો છે. અંતે કેસઇ- ૧૦૦ ઇન્ડેક્સ ૭,૩૩૪ પોઇન્ટ અથવા તો ૬.૬૭ ટકાના કડાકાએ હતો અને ટ્રેડિંગ સ્થગિત કરી દેવાયું હતું.

નોંધવું રહ્યું કે, ભારતના કેસરીયા ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનની તો ઠીક તેના શેરબજારની હાલત પણ ખરાબ કરી નાંખી અને તેને લોહીલૂહાણ કરીને લાલ રંગે રંગી નાંખ્યું. બુધવારે સમગ્ર ઉપખંડમાં ટ્રેડિંગ સ્ક્રીનો પર ઓપરેશન સિંદૂરનો રંગ સ્પષ્ટ રીતે વિભાજીત થયો હતો, કરાચીમાં તે લોહીયાળ લાલ અને મુંબઈમાં શાંત હરિત બન્યો હતો. સત્ર દરમિયાન ૬૫૫૦ પોઇન્ટના કડાકા બાદ અંતે કરાચી ઇન્ડેક્સ ૩૫૨૧.૫૦ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૧,૧૦,૦૪૭.૦૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી કેન્દ્રો પર ત્રિપાંખિયો હુમલો શરૂ કર્યો ત્યારે, પાકિસ્તાનનો બેન્ચમાર્ક કેએસઇ-૧૦૦ ઇન્ડેક્સમાં છ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો, જ્યારે ભારતીય શેરબજારો શરૂઆતના ભયને દૂર કરીને અંતે પોઝિટવિ ઝોનમાં આગળ વધ્યા હતા, જે સ્થાનિક બજારમાં રોકાણકારોના વિશ્વાસનો સંકેત આપે છે.

## ટીન, કોપર અને બ્રાસ સહિત ધાતુમાં નરમાઈ



મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ત્રણના સુધારા અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવ કિલોદીઠ રૂ. એકથી સાત સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબાર અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને અનુક્રમે રૂ. ૮૬૫ અને રૂ. ૨૭૫૬ તથા બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૫૮૨ અને રૂ. ૫૪૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૩૫, રૂ. ૮૧૪, રૂ. ૭૪૫ અને રૂ. ૧૩૫૦ અને કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટસ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૨૫, રૂ. ૨૩૪ અને રૂ. ૨૫૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ .ત્રણ વધીને રૂ. ૧૯૮ના મથાળે અને ખપપૂરતા કામકાજે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

## મલયેશિયા પાછળ આયાતી તેલમાં તેજીનો કરંટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૩ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારોને ટેકે આયાતી તેલમાં અને મથકો પાછળ દેશી તેલમાં તેજીનો કરંટ જોવા મળ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો અને આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. પાંચનો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ અલાનાના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૦૦ અને રૂ. ૧૨૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૦૫, રૂ. ૧૨૪૦ અને રૂ. ૧૩૮૫, અને રૂચી, રિલાયન્સ રિટેલ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૧૦થી ૧૨૧૫, રૂ. ૧૨૧૦ અને અને રૂ. ૧૨૦૫થી ૧૨૧૦ના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ છૂટાછવાયા રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની અંદાજે ૪૫૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે હડતાળને કારણે સતત બીજા સત્રમાં આવક-જાવકો નહોતી રહી.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૩૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો અને સ્ટોકિસ્ટોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ વધીને રૂ. ૨૧૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૩૨૫માં થયાના અહેવાલ હતા.

# જામનગર જિલ્લાનું ધોરણ ૧૦નું પરિણામ ૮૫.૫૫ ટકાઃ ધ્રોલ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચમાં લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. બોર્ડનું ૮૩.૦૮ ટકા જેટલું ઊંચું પરિણામ આવ્યું હતું. જામનગર જિલ્લાનું ધોરણ ૧૦નું પરિણામ ૮૫.૫૫ ટકા આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૩ ટકા જેટલું વધુ પરિણામ આવ્યું હતું.

જામનગર જિલ્લામાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા કુલ ૧૪૭૯૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. તેમાંથી ૧૪૫૫૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ૧૨૪૫૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. ૮૭૩ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ અને ૨૧૮૪ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ અને ૨૭૫૦ વિદ્યાર્થીઓએ બી-૧ ગ્રેડ મેળવ્યો હતો.

જામનગર જિલ્લાની કુલ ૪૧ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. શહેરનું પરિણામ ૮૭.૫૫ ટકા હતું જ્યારે જામનગર જિલ્લાના ધ્રોલનું પરિણામ સૌથી વધુ આવ્યું હતું.

આ સિવાય જામનગર ડીઆઈજી કેન્દ્રનું પરિણામ ૮૬.૧૪ ટકા અને જામજોધપુર કેન્દ્રનું ૮૫.૫૪ ટકા પરિણામ આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાણવડનું ૮૪.૧૦ ટકા, દ્વારકાનું ૭૪.૯૩ ટકા, જામરાવલનું ૭૪.૩૫ ટકા, ખંભાળિયાનું ૮૫.૩૭ ટકા, મીઠાપુર ૭૩.૩૧ટકા, ભાટિયા ૯૦.૨૪ ટકા, કલ્યાણપુરનું ૭૯.૮૧ ટકા, અને નંદાણાનું ૯૨.૩૫ટકા જ્યારે કાલાવડનું ૮૨.૬૬, જોડિયા ૯૧.૫૭, લાલપુર ૭૭.૬૫, સિક્કાનું ૬૪.૩૭ ટકા અને જાંબુડા પાટિયા ૭૮.૩૫ ટકા પરિણામ આવ્યું હતું.

છેલ્લા વર્ષની સરખામણીએ આ વર્ષે પરિણામમાં ૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ટકાવારી પ્રમાણે જામજોધપુર કેન્દ્રમાં ૮.૯૭ ટકા, શહેરમાં ૭.૦૫ ટકા, ધ્રોલમાં ૨.૯૧ ટકા અને જામનગર ડીઆઈજી કેન્દ્રમાં ૧.૦૯ ટકાનો વધારો થયો હતો. શાળાઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ■

# ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં કચ્છનું ૮૫.૩૧ ટકા પરિણામઃ ગત વર્ષની સરખામણીએ ૧૬.૬૦ ટકા ઊંચું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કારકિર્દીના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવતી ધોરણ ૧૦ની માર્ચમાં યોજાયેલી પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાનું ૮૫.૩૧ ટકા આવ્યું હતું. જેમાં ૪૨૩ જેટલા વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી સફળતા મેળવી હતી.

ધો. ૧૦ની પરીક્ષામાં કચ્છ જિલ્લામાં કુલ ૧૮૮૫૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૧૮૭૪૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ગુરુવારે જાહેર થયેલા પરિણામમાં ૧૫૯૮૮ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થતા જિલ્લાનું ૮૫.૩૧ ટકા પરિણામ આવ્યું હતું.

જેમાં સૌથી વધુ બાલાસર કેન્દ્રનું ૯૮.૪૪ ટકા અને કચ્છમાં સૌથી નીચુ ભુજ તાલુકાના ખાવડા કેન્દ્રનું ૬૪.૫૦ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૦ના જાહેર થયેલા પરિણામ સંદર્ભે ઈન્ચાર્જ કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્યનું ૮૨.૫૬ ટકા પરિણામ જ્યારે કચ્છનું ૮૫.૩૧ ટકા પરિણામ આવ્યું હતું. બોર્ડની સરખામણીએ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યુ હતું. એ-૧ ગ્રેડમાં પણ ૪૨૩ જ્યારે એ-૨ ગ્રેડમાં ૧૯૯૨ વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીઓએ તનતોડ મહેનત કરી સારું પરિણામ પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધારી તમામ છાત્રોને અભિનંદન-શુભેચ્છાઓ પાઠવી હતી.

આ વખતની બોર્ડની કસોટીમાં મૂળ રાપરના વતની હાલ અમદાવાદમાં બિલ્ડર ક્ષેત્રમાં સેવારત અનિલ મહેતાની પુત્રી યેશા એવન ગ્રેડ સાથે ઉત્તિર્ણ થઇ રાજ્યભરમાં છઠ્ઠો ક્રમાંક મેળવી કચ્છ-રાપરનું નામ રોશન કર્યું હતું.

આ ઉપરાંત રાપરની એન.પી.મહેતા સ્કૂલમાં અભ્યાસ કરતા હેત પ્રકાશ ઠક્કરને પી.આર. ૯૧.૫૧, દાવડા મમતા કેતનને ૯૮.૯૯, મહેતા શૈવલ વિપુલ ભાઈને ૯૮.૯૦ તેમજ સરસ્વતી કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ભ્રાસડીયા હરસિતા ભચુએ ૯૩.૦૦ ટકા મેળવી એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. તેમ જ રાપર સરકારી હાઇસ્કૂલમાં એક તથા રાપર તાલુકાની અન્ય શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ પણ સારા માર્કસ મેળવી એ- વન ગ્રેડ મેળવ્યો હતો.

બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામોમાં આ વર્ષે કચ્છમાં ૧૬.૬૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ૧૦૦ ટકા પરિણામ લાવનારી ૧૦૦ જેટલી શાળા હતી. તેમ જ ૩૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું હોય તેવી માત્ર પાંચ શાળા અને ઝીરો ટકા પરિણામવાળી ત્રણ શાળા હતી.■

# રાજકોટ જિલ્લાના રીબડાના અમિત ખૂંટના આપઘાત કેસમાં નવો વળાંકઃ બે વકીલોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં રીબડાના અમિત ખૂંટના આપઘાત કેસમાં નવો વળાંક આવ્યો હતો. રાજકોટ ગ્રામ્ય એલસીબીએ આ કેસની વિશેષ તપાસ કરતા ૨ વકીલ અને ૨ યુવતીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ગોંડલના રીબડાના યુવક અમિત ખૂંટના આપઘાત કેસમાં નવો ઘટસ્ફોટ થયો હતો. પોલીસ તપાસમાં અમિત ખૂંટને હનીટ્રેપમાં ફસાવવાનું ષડયંત્ર કરવામાં આવ્યું હતું. આ કેસમાં રાજકોટના બે જાણીતા વકીલના નામ પણ બહાર આવ્યા હતા. આ દુષ્કર્મ કેસની ફરિયાદ કરનાર યુવતીની પૂછતાછ કરતા રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ઊંડાણપૂર્વક તપાસ કરતા રાજકોટના સંજય પંડિત અને દિનેશ પાતર નામના વકીલના નામ બહાર આવ્યા હતા. પૂછતાછ કરતા સમગ્ર કેસમાં નવો વણાંક આવ્યો હતો. આ કેસમાં બે યુવતી અને વકીલો સહિત ૪ લોકોની વિરુદ્ધ ગુન્હો નોંધી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

અમિત ખૂંટે ૫ મી મેના પોતાની વાડીમાં ઝાડ પર લટકીને ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. આ સમયે પોલીસને તેની પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. તેમાં અનિરુદ્ધસિંહ જાડેજા અને રાજદીપસિંહ જાડેજા અને એક યુવતી અને સગીરા સહિત ચાર વ્યક્તિઓ સામે આક્ષેપ કરવામાં આવ્યો હતો. તે લોકોએ અમિતને ફસાવ્યો હોવાનો દાવો કર્યો હતો. અમિતના ભાઈએ ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગ્રામ્ય એલસીબીએ બંધ બારણે વકીલોની પૂછતાછ કરી હતી.

આ કેસની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પૂજાને કહેવામાં આવ્યું હતું કે, અમિત ખૂંટ સાથે મિત્રતા કરીને તેને ખોટી રીતે ફસાવી બળાત્કારના કેસમાં તેની વિરુદ્ધ ખોટી ફરિયાદ કરવા કહ્યું હતું. આ કામ માટે તેને પૈસા અને નોકરીની લાલચ આપવામાં આવી હતી. આ કેસમાં સંજય પંડિત અને દિનેશ પાતર નામના બે વકીલોએ કાયદાકીય સહાય કરવાના હતા. હાલ આ કેસમાં બંને વકીલો સહિત યુવતીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# ઓપરેશન સિંદૂરથી અકળાયેલા પાકિસ્તાને કચ્છ સીમા પર કર્યો ડ્રોન હુમલોઃ એરડિફેન્સ સિસ્ટમે તોડી મિસાઈલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાકિસ્તાનના આતંકવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પહલગામમાં નિર્દોષ પર્યટકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ જેટલા નિર્દોષ પર્યટકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ કારણોસર ભારત-પાકિસ્તાનના વચ્ચે તણાવપૂર્વકના સંબંધો ચાલી રહ્યા હતા. 'ઓપરેશન સિંદૂર'થી અકળાઈને પાકિસ્તાને પશ્ચિમી સીમાએ પણ ડ્રોનથી મિસાઈલથી હુમલો કરવાની કોશિશ કરી હતી. આ ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું.

કચ્છના ખાવડા પાસે ગુરુવારે સવારે છ વાગ્યે એક પાકિસ્તાની ડ્રોન વિમાનને ભારતીય સીમમાં ઘુસાડવામાં આવ્યું હતું અને તેને ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ સરહદ પાસેના ખાવડા પાસેના કાળા ડુંગરની તળેટીમાં આવેલા ધ્રોબાણા નજીકના વિસ્તારમાં મોકવામાં આવ્યું હતું, પરંતુ ભારતીય સેનાની એરડિફેન્સ સિસ્ટમની મદદથી તેને તોડી પાડતા હુમલાનું આ નાપાક કાવતરું નિષ્ફળ જવા પામ્યું હતું, જે સ્થળે આ ડ્રોનને મોકલવામાં આવ્યું હતું તે સ્થળે નોંધપાત્ર માનવ વસ્તી છે તેમ જ તેનાથી થોડે દૂર કેટલાક ઔદ્યોગિક સંકુલો પણ આવેલાં છે.

પાકિસ્તાને કચ્છ સીમાએ આવું અડપલું કરતાં હવે ભારતીય સેનાએ લાહોરની જેમ ગમે ત્યારે પાકિસ્તાનના કરાચી બંદર પર હુમલો કરી દે તેવા ભયથી ફફડીને પાકિસ્તાને કરાચી બંદરગાહને સંપૂર્ણપણે બંધ કરી નાખ્યું છે. તેટલું જ નહિ, કરાચી આસપાસના અરબી સમુદ્રમાં પ્રણાલીગત રીતે થતી માછીમારી પર પ્રતિબંધ ફરમાવી દીધો હતો અને પાકિસ્તાની માછીમારોની પરમિટ રદ કરી દેવામાં આવી હતી. પાકિસ્તાન દ્વારા ભારતીય સેનાની કાર્યવાહીનો બદલો લેવા ગુરુવારે ભારતના એક સાથે ૧૫ જેટલા શહેરો પર ડ્રોન વડે હુમલો કરવાની નાકામ કોશિશ કરી હતી. ભારતીય એરડિફેન્સ સિસ્ટમ એસ ૪૦૦ દ્વારા આ તમામ મિસાઈલ્સને હવામાં જ નકામી કરી દેવાઈ હતી. ખાવડા પાસે પાકિસ્તાની ડ્રોન તોડી પડાયું ત્યારે ''ખાવડામાં બૉમ્બ પડ્યો છે'' તેવી વાત વ્હોટ્સએપ પર વાઇરલ થઇ હતી અને લોકોમાં કૌતુક પણ સર્જાયું હતું, જે સ્થળે ડ્રોનનો કાટમાળ પડ્યો છે એ સ્થળને સેના અને પોલીસ દ્વારા કોર્ડન કરી દેવામાં આવ્યો હતો અને આ વિસ્તારમાં નાગરિકોની અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમામાં ભારતીય નૌકાદળના અદ્યતન યુદ્ધ જહાજો સુસજ્જ છે. હાલમાં સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ■

# રાપરના પલાંસવા ગામના કૂવામાં કપડા ધોવા ગયેલી બે કિશોરીના ડૂબવાથી થયા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના રાપર તાલુકાનાં છેવાડાના પલાંસવા ગામમાં તળાવ પાસે કૂવામાં ઊતરીને કપડા ધોવા ગયેલી નવાપરા વાસની બે કિશોરીના ડૂબી જવાથી મૃત્યુ પામી હતી. સમગ્ર પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી જોવા મળી હતી. આ અત્યંત કરુણ ઘટના અંગે આડેસર પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાપરના પલાંસવા ગામના નવાપરા વાસમાં રહેતી સંતોક દેવશી ભરવાડ (ઉં.વ.૧૩) અને મીના મશરૂ ભરવાડ નામની કિશોરીઓ તળાવ કિનારે આવેલા કૂવામાં કપડાં ધોવા માટે ઊતરી હતી. અચાનક તેમનો પગ લપસતાં તેઓ કૂવાના ઊંડા પાણીમાં ગરકાવ થઇ ગઈ હતી. લાંબા સમય સુધી કિશોરીઓ ઘેર પરત ન ફરતાં તેમની શોધખોળ શરૂ કરવામાં આવી હતી ત્યારે કૂવાની પાળી પર કપડાં લટકતા જોવા મળ્યા બાદ સ્થાનિક તરવૈયાઓને કૂવામાં ઉતારવામાં આવ્યા હતા. લગભગ એકાદ કલાકની શોધખોળ બાદ તેમના મૃતદેહ મળી આવ્યા હતા. એક સાથે બે કન્યાના અકાળે મોતને પગલે આ નાનકડાં ગામમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ હતી.

# ભાવનગરના શેળાવદર ગામના સરપંચે ૧૯ વર્ષની યુવતી પર સૃષ્ટિ વિરુદ્ધનું દુષ્કર્મ આચર્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના તળાજાના શેળાવદર ગામના સરપંચ વિરુદ્ધ દાઠા પોલીસ સ્ટેશનમાં એક યુવતીએ પોતાની સાથે મરજી વિરુદ્ધ ગળું દબાવી દેવાની ધમકી આપી ફળિયામાંથી રૂમમાં ખેંચીને દુષ્કર્મ આચર્યાની તળાજા સરકારી હૉસ્પિટલમાંથી ફરિયાદ નોંધાવામાં આવી હતી. પોલીસે સરપંચની ધરપકડ કરી વધુ પૂછતાછ માટે કાર્યવાહી હાથ ધરી હતી.

તળાજા પંથકમાં ચકચાર મચાવતા આ બનાવની મળતી વિગતો મુજબ તળાજા હૉસ્પિટલમાં બુધવારે રાત્રે સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. શેળાવદર ગામના સરપંચ વલ્લભ વિરાભાઈ મકવાણાએ ૧૯ વર્ષીય યુવતી પર મરજી વિરુદ્ધ બળજબરી કરી બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ દાઠા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આ સમગ્ર ઘટના વિશે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ભોગ બનનાર યુવતી બપોરના સાડા બારેક વાગે બાજરો વાલવીને ઘરમાં જતી હતી. તે સમયે આરોપીએ તેમના પરિવારના સભ્યો વિશે પૂછતાછ કરતા યુવતી ઘરે એકલી હોવાનું જાણવા મળ્યું હતું. યુવતીની એકલતાનો મોકો જોઈને સરપંચ વલ્લભ મકવાણાએ (ઉં. ૪૫) સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચર્યુ હતું. યુવતીનું મોઢું દબાવીને રૂમમાં ખેંચી જઈ ગળું દબાવવાની ધમકી આપીને મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ સમયે જ પીડિતાના મોટા બા એ રૂમનો દરવાજો ખોલતા પીડિતા બહાર આવી ગઈ હતી. દીકરી જેવડી ઉંમરની યુવતી સાથે દુષ્કર્મ ગુજારનાર સરપંચ વલ્લભને ધક્કો મારીને બહાર કાઢ્યો હતો.

આ સમગ્ર ઘટનાની તપાસ કરતા પોલીસ ઈન્સ્પેક્ટર ચેતન મકવાણાએ આરોપીની ધરપકડ કરી તેના વિરુદ્ધ ફરિયાદ નોંધી કોર્ટમાં મોકલવામાં આવ્યો હતો. હાલમાં આ ઘટનાને લઈ તળાજા પંથકમાં રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ■

# કચ્છના ખાવડાના દરિયાઈ વિસ્તારમાં માછીમારી પર સંપૂર્ણ પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સીમા પર વધી રહેલા તણાવ, કચ્છની ખાવડા સીમાની આસપાસના વિસ્તાર પર પાકિસ્તાન દ્વારા ડ્રોન વડે હુમલો કરવાની નિષ્ફળ પ્રયત્નો બાદ, તકેદારીના ભાગરૂપે કચ્છના દરિયામાં આદેશ ન મળે ત્યાં સુધી માછીમારી પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો.

પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના જખૌ, નારાયણ સરોવર અને લખપત સહિતના દરિયાકાંઠાના વિસ્તારના માછીમારોને આ અંગે સૂચના આપી દેવામાં આવી હતી. આ ઉપરાંત દરિયામાં રહેલી તમામ બોટોને પરત બોલાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા હંમેશાં સંવેદનશીલ રહી છે અને પાકિસ્તાન ઘૂસણખોરી માટે આ જળસીમાનો ઉપયોગ કરી રહ્યા છે. આ વિસ્તારને આતંકીઓના આશ્રય સ્થાન માનવામાં આવે છે ત્યારે સામેપાર પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં આતંકવાદીઓને તાલીમ આપતા અડ્ડાઓ નાપાક દેશ દ્વારા ચલાવવામાં આવી રહ્યા હોવાનો ઇન્ટેલિજન્સ ઇનપુટ માહિતી ભારત પાસે છે તેથી તેને ધ્યાનમાં રાખીને જમ્મુ-કાશ્મીર અને પંજાબ પછી હવે કચ્છ સીમાએ પણ કોઈ ઘર્ષણ સર્જાવવાની શક્યતાને લઈ સંરક્ષણ નિષ્ણાતો દ્વારા માહિતી આપવામાં આવી હતી.

# કચ્છના માંડવીના પ્રવાસી સ્થળ રાવળપીર દાદા સહિતની દસ દીવાદાંડીઓ પ્રવાસીઓ માટે સંપૂર્ણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલામાં ૨૬ જેટલા ભારતીય પર્યટકો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૨૬ લોકોનાં મૃત્યુ થયાં હતાં. કચ્છની દરિયાઈ સીમા પાકિસ્તાનને અડીને આવેલી છે ત્યારે જિલ્લાના કેટલાક પ્રવાસન સ્થળોને સુરક્ષાના કારણોસર હાલ પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યાં હતાં.

કેન્દ્રીય શિપિંગ મંત્રાલયના નિર્દેશ બાદ તાત્કાલિક અસરથી માંડવી અને રાવળપીર દાદા બીચની દીવાદાંડી અને તેની આસપાસના વિસ્તારોને પર્યટકો માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. આ દીવાદાંડી ઉપરાંત, પશ્ચિમ કાંઠાના કોટેશ્વર, હરૂડી, જખૌ, વાંકી, છછી, ભદ્રેશ્વર, કંડલા, નવીનાળ સહિત કુલ ૧૦ દીવાદાંડી પરિસરમાં તેમજ માંડવી બંદર પર સંભવિત યુદ્ધના ભયને લઈને સામાન્ય જનતાની પ્રવેશબંધીનો સખત નિર્દેશ આપવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં ૨૦ હજારથી વધુ પ્રવાસીઓએ આ રમણીય સ્થળની મુલાકાત લીધી હતી. આ વખતના ઉનાળુ વેકેશનમાં સેંકડોની સંખ્યામાં દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓને આ ઐતિહાસિક દીવાદાંડી પરથી અરબી સમુદ્રનો અદ્ભુત નજારો જોવાનો લહાવો મળશે નહીં. આ સિવાય માંડવીથી થોડે દૂર વિજય વિલાસ પેલેસ માટે ઓળખાતા કાઠડા ગામની એરસ્ટ્રીપ પર વિવિધ સેટેલાઇટ ઉપકરણોથી સજ્જ થયેલા ભારતીય વાયુસેનાના જવાનોએ મોરચો સંભાળ્યો હોવાનું જાણવા મળ્યું હતું. કચ્છના સીમાવર્તી વિસ્તારો, નાના અને મોટા રણમાં પણ રાઉન્ડ ધી ક્લોક સુરક્ષા જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા છે તેમજ એર ડિફેન્સ સિસ્ટમોને પણ સંભવિત પાકિસ્તાની હુમલા સામે સજ્જ કરી દેવામાં આવી હતી. નાગરિકોને પણ કોઈ શંકાસ્પદ હિલચાલ દેખાય તો સુરક્ષા બળોને જાણકારી આપવા કહેવામાં આવ્યું હતું. ■

# કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પ્રવેશેલા શંકાસ્પદ ડ્રોનમાં વિસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે કચ્છની સરહદ પાસે એક શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યું હતું. આ ડ્રોન શંકાસ્પદ જણાતા ડ્રોન હાઇ-ટેન્શન પાવર લાઇન સાથે અથડાઈને નષ્ટ થઇ જતાં સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરી હતી.

આ ઘટના અંગે પ્રાપ્ત થતી માહિતી અનુસાર , ગુરુવારે સવારે લગભગ છ વાગ્યા આસપાસ કચ્છના ખાવડાના ઇન્ડિયા બ્રિજ બોર્ડર આસપાસ ધ્રોબાણા પાસે એક વિસ્ફોટ સાથે ડ્રોન તૂટી પડ્યું હતું. આ શંકાસ્પદ ડ્રોન સરહદ પારથી જાસૂસી કે અન્ય કોઈ કારણોસર આવ્યું હોવાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે. ભારતે પાકિસ્તાન સામે કડક વલણ અપનાવ્યું છે, બુધવારે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઇલ હુમલા કર્યા હતા, જેના પરિણામે અનેક આતંકવાદીઓના મોત થયાના અહેવાલો મળ્યા હતા. વધતા તણાવને ધ્યાનમાં રાખીને, અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે શું ભારત-પાકિસ્તાનની સરહદ નજીક શંકાસ્પદ ડ્રોનનું પ્રવેશવું એ પાકિસ્તાન સાથે જોડાયેલી હોઈ શકે છે. પાકિસ્તાને પણ ગુરુવારે મોર્ટાર અને તોપમારો કરીને પોતાનું આક્રમણ ચાલુ રાખીને જમ્મુની અને પીઓકેને અડકીને આવેલી નિયંત્રણ રેખા પર સક્રિય રીતે સતત ગોળીબાર કરી રહ્યું છે. સાવચેતી રૂપે, ભારતના તમામ સરહદી વિસ્તારોમાં મોટાભાગના રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. પાકિસ્તાનના હુમલાના જવાબમાં, ભારતીય સેનાએ હાલ મજબૂત વળતો હુમલો કર્યો હતો. ■

# જૂનાગઢમાં ૫૦ યુવાનોએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતાં ચકચાર

અમદાવાદઃ જૂનાગઢમાં ટીડીઓના ભેદભાવનો આરોપ મૂકી ૫૦ યુવાનોએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતાં ચકચાર મચી ગઈ હતી. જૂનાગઢના ખડિયામાં ગૌચરમાં માત્ર એકતરફી દબાણ દૂર કરવામાં આવ્યાં હતાં, જ્યારે અન્ય દબાણો સામે આંખ આડા કાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા ટીડીઓ પર લગાવવામાં આવ્યો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે, ટીડીઓ દ્વારા પહેલા પણ માત્ર અમુક જાતિના લોકોનાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં, જ્યારે અન્ય લોકોને માત્ર નોટિસ આપવામાં આવી હતી. જો એક સપ્તાહમાં ટીડીઓ સામે કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો એક સાથે ૫૦ યુવાનો આત્મવિલોપન કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ઉપરાંત દબાણ દૂર નહીં કરવામાં આવે તો ૧૨ મેથી ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે. ઉપવાસ આંદોલનથી પણ કોઈ કાર્યવાહી નહીં થાય તો રાષ્ટ્રપ્રમુખને ઈચ્છામૃત્યુ માટે પત્ર લખીને ગાંધીવાદી માર્ગે વિરોધ નોંધાવાશે. ■

# જામનગરમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમતા ત્રણ શખ્સો ઝડપાયાઃ ૭.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમતા ત્રણ વ્યક્તિને પોલીસ ઝડપી પાડ્યા હતા. જામનગરના બેડ ગામ પાસેથી કારમાંથી મોબાઈલ ફોન, કાર અને રોકડ સહિત લગભગ ૭.૩૨ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

જામનગર એલસીબી પોલીસે બેડ ગામના ટોલનાકા પાસેથી આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રુ.૧૧,૫૦૦, છ મોબાઈલ ફોન કિંમત રૂ.૨૧,૦૦૦ અને એક અર્ટિગા કાર કિંમત રૂ.૭,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૭,૩૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ ચેન્નઈ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની આઈપીએલ મેચના લાઈવ સ્કોર મોબાઈલમાં જોઈને સટ્ટો રમતા હતા. પ્રાપ્ત થતી વિગત અનુસાર આરોપીઓમાં મોરબી નિવાસી અસલમભાઈ પરમાર ઘાચી (ઉ.૪૨), તોફિક પીલુડિયા (ઉ.૩૬) અને સબીર કાદરી સૈયદ (ઉ.૨૨)ના નામ બહાર આવ્યા હતા. જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ એલસીબીના પીઆઈ વી.એમ. લગારીયાની ટીમને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીઓ મોબાઈલ ફોન દ્વારા તેમના ગ્રાહકો સાથે વાતચીત કરી હાર-જીતનો જુગાર રમાડતા હતા. પોલીસે આ કેસમાં સંડોવાયેલા ૧૭ જેટલા લોકોની ઓળખ કરી તેને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ■

# માવઠાથી થયેલા નુકસાન માટે મહુવા માર્કેટિંગ યાર્ડના ચેરમેને સરકારને રજૂઆત કરી

અમદાવાદઃ રાજ્યમાં કમોસમી વરસાદથી ધરતીપુત્રોને મોટું નુકસાન થયું છે. સૌરાષ્ટ્રમાં કેરી, ડુંગળી, તલ, બાજરી સહિતના પાકનો સોથ વળી ગયો છે ત્યારે માવઠાથી થયેલા નુકસાન માટે મહુવા માર્કેટિંગ યાર્ડના ચેરમેન ગભરૂભાઈ કામળિયાએ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ પ્રધાન રાઘવજી પટેલને લેખિત રજૂઆત કરી હતી. મહુવા અને જેસર તાલુકા ખેતી પર આધારિત છે. ખેડૂતો હજુ ઉનાળુ પાક લેવાની પ્રક્રિયામાં હતા ત્યારે આ માવઠું થતાં પડ્યા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ હતી. ચેરમેન કામળિયાએ બંને તાલુકામાં તાત્કાલિક સર્વે કરાવીને ખેડૂતોને સહાય આપવાની માગણી કરી હતી. રાજ્યમાં સૌથી વધુ વરસાદ આ વિસ્તારમાં નોંધાયો હોવાથી ખેડૂતોને તાત્કાલિક મદદની જરૂર હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનની વાઈબ્રન્ટ સમિટ યોજાશે

અમદાવાદઃ રાજકોટના વિકાસને વેગ મળે તે હેતુથી આગામી સમયમાં સૌરાષ્ટ્ર ઝોનની વાઈબ્રન્ટ સમિટ યોજાશે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે આયોજિત થતી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ આ વર્ષોમાં રાજ્યના વિવિધ ચાર ઝોનમાં યોજાશે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનની વાઇબ્રન્ટ સમિટ રાજકોટ શહેરમાં યોજાવાનો સરકારે નિર્ણય કર્યો હતો. અત્યાર સુધી વાઇબ્રન્ટ સમિટ અત્યાર સુધીમાં માત્ર ગાંધીનગરમાં યોજાતી હતી, પરંતુ હવે સરકાર દ્વારા અલગ અલગ ઝોનમાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, ત્યારે આગામી સમયમાં રાજકોટ શહેરમાં પણ આ વાઇબ્રન્ટ સમિટ યોજાશે અને અલગ અલગ યોજનાના કારણે રાજકોટના ઉદ્યોગોને એક નવી દિશા મળશે. ■